શ્રી પરમાત્માને નમઃ    શ્રી પ્રેમસૂરિજી ગુરવે નમઃ

અકલંક ગ્રંથમાળા પુષ્પ–૧૦૮

# જૈન કથાઓ

## ભાગ—૨૪

卐

: પ્રકાશક :

અકલંક ગ્રંથમાળા
પાંચપોળ જૈન સંઘ
કલ્યાણનગર જૈન ઉપાશ્રય
શાહપુર દરવાજા બહાર, અમદાવાદ–૪

卐

: સંપાદક :

તપસ્વી મુનિશ્રી અકલંકવિજયજી મહારાજ

卐

સં. ૨૦૪૬ * નકલ : ૧૦૦૦ * મૂલ્ય : અમૂલ્ય

P. P. Ac. Gunratansuriji M.S.    Jin Gun Aaradhak Trust



# પૂજ્યશ્રીનો પરિચ

મુનિ અકલંકવિજય

જન્મ સ્થળઃ લોંચ, જી. મહેસા

સંવત : ૧૯૭૦ ફાગણ સુદ-

: સંસારી નામ :

અમૃતલાલ શિવલાલ શા

ધાર્મિક શિક્ષક તરીકેનો વ્યવસાય કરીને જ્ઞાન અ તપની પ્રવૃત્તિ દ્વારા સંયમ ભાવનામાં અભિવૃદ્ધિ થતાં પૃ આચાર્યશ્રી વિજયભૂવનભાનુસૂરિજી પાસે સંવત ૨૦૩૫ન વૈશાખ સુદ–૩ ના રોજ મલાડ મુકામે દીક્ષા અંગીકાર કર્ મુનિ અકલંકવિજય નામાભિધાન પ્રાપ્ત કર્યું.

માનવ અવતારે સિદ્ધક્ષેત્ર જેવા દિવ્ય ધામમાં વર્ધમાન તપની ૧૦૦ ઓળી ૨૦૪૦ના વૈશાખસુદ-૩ના રોજ પૂર્ણ કરી

કર્મશાસ્ત્રપારંગત સિદ્ધાંતમહોદધિ સ્વ. પૂજ્ય આચાર્ય શ્રી વિજયપ્રેમસૂરિજી મહારાજ પાસે ધાર્મિક કર્મગ્રંથાદિ અભ્યાસ કર્યો.

દીક્ષા પછી રત્નત્રયીની આરાધનામાં ઉદ્યમવંત છે હાલ વર્ધમાન તપની પુનઃ ૫૨ મી ઓળીની આરાધના ચાલે છે. જ્ઞાન, તત્ત્વજ્ઞાન અને સાહિત્યનું સરળ, સુબોધ ને સુગ્રાહ્ય શૈલીમાં લેખન–સંપાદનના કાર્યમાં પ્રવૃત્તિશીલ એવા મુનિશ્રી ને કોટિ કોટિ વંદન.  પ્રો. કવિન શાહ–બીલીમોરા

P. P. Ac. Gunratansuriji M.S.  Jin Gun Aaradhak Trust

# જૈનકથાઓની પ્રસ્તાવના

સ્વ-પર રહસ્યને પૂર્ણ સમજાવનાર આત્મકલ્યાણને સાધનારી શ્રી જિનવરની વાણી સમગ્ર જગતના જીવમાત્રનું હિત કરનારી છે.

જિનમુખદીઠી વાણી મીઠી, સુરતરૂવેલડી,<br>
દ્રાક્ષ વિહાસે ગઈ વનવાસે, પીલે રસ સેલડી;<br>
સાકર સેંતી તરણા લેતી, મુખે પશુ ચાવતી;<br>
અમૃત મીઠું સ્વર્ગે દીઠું સુરવધૂ ગાવતી.

એથી વધુ ને વધુ ગુણવંતી યાને પાંત્રીસ ગુણોવાળી શ્રી જિનવરની વાણીનો એક પણ શબ્દ સાંભળનાર ગુણ પામ્યા વિના રહેતા નથી...આવી સર્વોત્કૃષ્ટ વાણી ચારે અનુયોગમાં દર્શાવાઈ છે...જે છે દ્વવ્યાનુયોગ, ચરણકરણાનુયોગ, ગણિતાનુયોગ, કથાનુયોગ. ............મુનિરાજ શ્રી અકલંકવિજયજી મ. ૧૦૮ પુસ્તકોના સંપાદનનો પ્રયાસ કરી રહ્યા છે. ૧૦૧ પુસ્તક સુધીમાં દ્રવ્યાનુયોગ તથા વિશેષ પ્રકારે આબાલ વૃદ્ધને ઉપયોગી થાય તેવી કથાઓ, મહાપુરુષોના જીવન ચરિત્રોને ઉલ્લાસભેર પુસ્તકોમાં સમાવ્યા છે. વાલીયો વાલ્મીકી બન્યો, ઘોર હિંસક અર્જુનમાળી, દઢપ્રહારી વિ. આત્માઓ પણ કેવળજ્ઞાન પામી તરી ગયા છે. તેમ આ પુસ્તકમાં ધિષ્ટક, અનુસુંદર રાજા વગેરે દુર્ભવી આત્માઓ પરમ ઉપકારી કેવલી ભગવંતની વાણીથી સદ્બોધ પામી દીક્ષાગ્રહણ કરી કેવલજ્ઞાન પામે છે. નરક તરફ લઈ જનાર એવા દુષ્ટ કર્મ કરનાર અનુસુંદર રાજા આચાર્ય ભગવંત સમંતભદ્રસૂરિવરની વાણીના પ્રભાવે સર્વાર્થસિદ્ધ ગતિને પામી સુખનો ભોક્તા બન્યો.

વીરની વાણી પાપીને પણ પુણ્યશાળી બનાવે છે. અનેકવિધ-કથાઓ સ્વજીવનમાં પ્રેરણાત્મક બની શકે માટે આ પુસ્તકને મનન પૂર્વક વાંચવું એ અનિવાર્ય છે. આપણે સૌ એમ બોલીએ છીએ–

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિચારીએ છીએ કે આ પાપ કરનારો પાપી છે તેનું મુખ જોવા જેવું નથી, પણ ભાગ્યશાળીઓ ! જેને તમે પાપી તરીકે જુઓ છો તેવી વ્યક્તિ જ્ઞાનીના જ્ઞાનમાં મહાન આત્મા પરમ બનનાર જણાય છે. પાપ કરનારનો આત્મા ક્યારે જાગૃત બને છે એ અલ્પજ્ઞનો વિષય નથી...જૈન દર્શનકારો તો કહે છે કે પાપ કરનાર વ્યક્તિ પ્રત્યે ઘૃણા કે તિરસ્કાર ન કરો પણ પાપ ઉપર ઘૃણા કે તિરસ્કાર કરો...જેથી તમો પણ તમારા સર્વે પાપોનો નાશ કરી શકશો... આ પુસ્તક વાંચવાથી અંતે તે આત્મા દેવ-ગુરુ-ધર્મના શરણે જરૂર જશે.

મુનિરાજ શ્રી અકલંકવિજયજી મ. વયોવૃદ્ધ અવસ્થામાં જ્ઞાનોપાસના ખુબ સુંદર અપ્રમત્તભાવે કરી રહ્યા છે તેનો આપણે સૌએ લાભ મેળવવાનો છે, અન્યના મહાપુરૂષોના, પતનમાંથી ઉત્થાનને પામેલા આત્માઓના આત્મવૃતાંત્તથી આપણને આપણા જીવન અંગે ઘણું ઘણું મળવાનું જ છે.

માર્ગાનુસારીના ૩૫ ગુણો પૈકી ૧૪ મો ગુણ એ છે કે વીતરાગની વાણીને સાંભળવાની ઈચ્છા રાખે, સાંભળે સારી રીતે, ગ્રહણ કરે, યાદ રાખે, અન્ય અર્થો પણ વિચારે, વિરોધી અને અવિરોધીનો ભેદ કરે, યથાર્થ અર્થ જાણે એમ સમજી વિચારીને જ્ઞાનને આરાધો વાંચો-વંચાવો.

પ. પૂ. આ. શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મ. ના
લઘુશિષ્ય,
**સંયમસાગર (લઘુશ્રમણ)**

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# શીલવ્રત પર કુલધ્વજની કથા

અયોધ્યા નગરીના શંખરાજાને ધારીણી નામે સ્ત્રીથી કુલધ્વજ નામે પુત્ર થયો. તે નામ પ્રમાણે કુલને વિષે ધ્વજ સરખા ગુણવાળો હતો. એક વખત તે વનમાં ક્રિડા કરવા ગયો, ત્યાં માનતુંગ નામે આચાર્ય ભગવાન અનેક સાધુઓના પરિવાર સાથે પધારેલા જોઈ તેમને વંદન કરી ધર્મદેશના સાંભળવા બેઠો. આચાર્યદેવે શીલવ્રત વિષેનો મહિમા વર્ણવતાં કહ્યું કે: મુનિઓ અઢાર પ્રકારે શુદ્ધ બ્રહ્મચર્ય પાળે છે તેમને ઈન્દ્રાદિ દેવો પણ નમસ્કાર કરે છે. જીવને અનાદિ કાળથી જે ચાર સંજ્ઞાઓ લાગેલી છે તે તેને સંસારમાં રખડાવનારી છે. તેમાં આહારસંજ્ઞા તોડવા માટે પ્રભુએ તપધર્મ બતાવ્યો છે. મૈથુનસંજ્ઞા તોડવા માટે શીલધર્મ બતાવ્યો છે અને પરિગ્રહસંજ્ઞા તોડવા માટે દાનધર્મ બતાવ્યો છે. દાન કરનારા અને તપ કરનારા મળી આવશે, પણ શીલ પાળનારા બહુ જ ઓછા મળશે.



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ સાંભળી કુલધ્વજ કુમારે કહ્યું કે હે ભગવાન્! હું સર્વ રીતે શીલ પાળવા સમર્થ નથી તો પણ પરસ્ત્રીનો ત્યાગ કરી શકીશ. મને પોતાની સ્ત્રીમાં સંતોષ છે. આ પ્રમાણે કહી ગુરુ પાસે ચોથું વ્રત ઉચ્ચરીને ઘેર આવ્યો. રસ્તામાં બે સ્ત્રીઓને પરસ્પર લડતી જોઈ કુમારે કહ્યું કેઃ તમો બન્ને શા માટે લડો છો? એકે કહ્યું કેઃ હું લવારની સ્ત્રી છું મારૂં નામ સૌભાગ્યકંદલી છે. હું કુવેથી પાણીનો ઘડો ભરી ભારથી થાકી ગઈ, તેથી ઘરે જાઉં છું. સુતારની સ્ત્રી કનકમંજરીએ તેની પાસે ખાલી ઘડો હતો છતાં મને મારગ ન આપ્યો. એજ અમારા વઢવાડનું કારણ છે? બીજું પણ કારણ સાંભળો. પૃથ્વીમાં જેટલું કળા કૌશલ્ય છે તે બધું મારા પતિ જાણે છે. વનદેવ નામે મારા પતિએ લોઢાનું માછલું બનાવ્યું છે તે માછલું રાજાની આજ્ઞાથી આકાશમાં ઊડી સમુદ્રમાં પેસે છે. ત્યાં તે ગળાના છીદ્રથી સારા સારા મોતીઓ ગળીને પોતાના ઠેકાણે પાછું આવે છે.

પછી સુતારની સ્ત્રી મો મરડી તાળીઓ પાડી હસીને બોલી અરે રાજકુમાર! એ ચાતુરી મારા પતિની ચાતુરી આગળ કંઈ વિસાતમાં નથી. આ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નગરમાં કંદર્પ નામે મારો પતિ લાકડાનો એવો ઘોડો બનાવે છે કે તે ઘોડો છ માસ સુધી આકાશમાં ફરે છે. પછી તે સ્ત્રીઓના વચનથી મનમાં વિસ્મય પામેલા રાજકુમારે ઘેર આવી સર્વ વાત પોતાના પિતાને કહી. ત્યારે રાજાએ તે સુતાર અને લવારને બોલાવ્યા અને માછલું ને ઘોડો બનાવવા માટે લોઢું અને લાકડું આપ્યું. લુવારે પોતાની ચાતુરીથી એક મોટું માછલું બનાવ્યું. તે માછલાના ઉપલા ભાગ પર એક મોટી પેટી બનાવી પછી લુવાર સહિત રાજા માછલા પર ચઢયો ત્યારે લુવારે માછલાના પાછલા ભાગમાં બે ખીલીઓ મારી એટલે તે માછલું આકાશમાં ઉડયું. આથી રાજા વિસ્મય પામી ગામ–નગર–દેશ વગેરે જોવા લાગ્યો. જેટલામાં માછલું સમુદ્ર કિનારે પહોચ્યું તેટલામાં રાજાએ અને લુવારે પેટીમાં પેસી બારણું બંધ કર્યું. માછલું પાણીમાં ગયું અને ત્યાં સારા સારા મુક્તાફળો ગળી તુરત પોતાના નગરને વિષે આવ્યું. એટલે રાજા અને લુવાર માછલા પરથી ઉતર્યા. પછી લુવારે ખીલીઓ કાઢી નાખી એટલે તેમાંથી મુક્તાફળો નિકળ્યા. ત્યારે રાજાએ વિસ્મય પામી લુવારને પુછયું કે આ માછલું શી રીતે ગતિ કરે છે?

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લુવારે કહ્યું કે મહારાજ! મેં સિદ્ધાયિકાદેવીનું આરાધન કર્યું છે તે દેવીએ જવા આવવાના કારણરૂપ બે ખીલીઓ આપી છે, તે ખીલીના યોગથી હું આકાશમાં ગતિ કરૂં છું, દેવોની શક્તિ અચિંત્ય છે.

પછી સુતારે લાકડાનો ઘોડો તૈયાર કરી દેખાડ્યો અને કહ્યું કે: હે નાથ! આ ઘોડા ઉપર આપ અગર કુલધ્વજ કુમાર બેસો. તે વખતે કુમારે રાજાને કહ્યું કે: આપની આજ્ઞા હોય તો હું ઘોડા પર બેસી પૃથ્વીને જોઉં. રાજાની આજ્ઞા મળતાં સુતારે જવા આવવાના કારણરૂપ બે ખીલીઓ કુમારને આપી. કુમારે રાજાને નમસ્કાર કરી ઘોડા પર ચઢી બન્ને ખીલીઓ ઘોડાના પાછલા ભાગ પર નાખી એટલે તે ઘોડો માણસોના જોતા જોતા આકાશમાં ઉછળી અદૃશ્ય થયો. બહુવાર પૃથ્વીમાં ભમ્યા પછી તે ઘોડો એક નગરની પાસેના બગીચામાં ઉતર્યો ત્યાં તે કુલધ્વજકુમારે બે ખીલીઓ કાઢી લીધી અને તેના લાકડા જુદા કરી ભારો બાંધી ઓશીકે મુકી પોતે એક ઝાડની છાયામાં સુતો. બપોરનો વખત થયો તો પણ ઝાડની છાયા સ્થિર રહેલી જોઈને ત્યાં આવેલા માળીએ વિચાર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કર્યો કે: નિશ્ચે આ સુતેલા પુરૂષના પ્રભાવથી છાયા ખસતી નથી. તેથી તેને જગાડીને કહ્યું કે: આજે તમે મારા મહેમાન થાઓ. તેનો બહુ આગ્રહ જોઈ કુમાર તેના ઘેર ગયો અને લાકડાનો ભારો એક બાજુ ખુણામાં મુક્યો. માળીએ કુમારને સારી રીતે ભોજન કરાવ્યું. પછી રાજકુમાર સાંજના વખતે નગરની શોભા જોવા નિકળ્યો. ત્યાં સોનાની પુતળીઓથી સુશોભિત અને મનોહર તોરણોથી દેદીપ્યમાન એવી તે નગરીના શ્રીમંત પુરૂષોના ઘરોને જોતો જોતો તે કુમાર એક જિનમંદિર પાસે આવ્યો. તેમાં રહેલા મુનિસુવ્રત પ્રભુને વંદન કરી જેટલામાં સ્તુતિ કરવાનો આરંભ કરે છે તેટલામાં એક સ્ત્રી ત્યાં આવી. તે સ્ત્રીની આગળ રહેલા સુભટ લોકોએ જિનમંદિરની અંદર રહેલા સઘળા માણસોને બહાર કાઢી મુક્યા. કુમારે વિચાર્યું કે એ કોણ છે? અને માણસોને બહાર કેમ કાઢી મુકે છે તે હું એક ખુણામાં સંતાઈને જોઉં.

એમ વિચારી તે ખુણામાં સંતાઈ ગયો. પછી કોઈ દિવ્યરૂપ ધારણ કરનારી કન્યા જિનમંદિરમાં આવી જિનપૂજા કરી, પછી સખીઓ સાથે નૃત્ય કરી ચાલી ગઈ. રાત્રીએ ખુણામાંથી બહાર નીકળી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કુમારે કોઈ પુરૂષને પુછયું કે : તે કન્યા કોણ હતી ? તેણે કહ્યું કે : આ રત્નપુર નામનું નગર છે. તેમાં વિજય નામે રાજાએ આ સુવર્ણરત્નોથી સુશોભિત મુનિસુવ્રતસ્વામીનું મંદિર કરાવ્યું છે આ તેની જયમાળા રાણીથી ઉત્પન્ન થએલી સુંદરી નામે કન્યા છે. એક વખત રાજા પુત્રીને વિવાહ યોગ્ય થએલી જાણી તેના વરની ચિંતા કરવા લાગ્યા. પુત્રીએ પણ પોતાની સખીઓ આગળ પ્રતિજ્ઞા કરી કે જે પુરૂષ પૃથ્વી ઉપર કે આકાશમાં પોતાના પરાક્રમથી ફરનારો હોય તેજ મારો પતિ થાઓ નહિતર મારે અગ્નિ એજ શરણ છે. સખીઓએ આ વાત તેની માતાને કહી. રાણીએ પણ તે વાત રાજાને કહી. તેથી રાજા પુત્રીનો મનોરથ નિષ્ફળ માની શોક કરવા લાગ્યો. આમ કહી તે પુરૂષ રાજમંદિરે ગયો.

પછી કુલધ્વજ કુમાર માળીને ઘરે આવી લાકડાનો ઘોડો તૈયાર કરી રાત્રીએ ખીલીના પ્રયોગથી તુરત રાજકન્યાના મહેલમાં આવી કન્યાના પલંગ ઉપર ચારે તરફ પાનની પીચકારી નાખી માળીને ઘેર જતો રહ્યો. સવારે જાગી ઉઠેલી તે કન્યા પોતાના પલંગની ચારે તરફ પાનની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પીચકારી જોઈ વિચારવા લાગી કે, અહિં કોઈ દેવ કે વિદ્યાધર આવ્યો લાગે છે. બીજી રાત્રીએ કન્યા કપટ નિદ્રાથી સુતી. કુલધ્વજ કુમાર લાકડાના ઘોડા પર બેસી ત્યાં આવી પાનની પીચકારી નાખી જેટલામાં પાછો ફરવા લાગ્યો કે તુરત તેનું કપડું પકડીને કહ્યું કે: તમે કોણ છો? કુમાર બોલ્યો કે: હું પૃથ્વી પર ફરનારો છું છતાં આ લાકડાના ઘોડાથી આકાશમાં ફરનારો થયો છું. આ સાંભળી કન્યા બોલી કે: હે સત્પુરૂષ! મારા મનોરથ ફળ્યા અને મારી પ્રતિજ્ઞા પૂરી થઈ. આજથી તમેજ મારા સ્વામી છો. કન્યાની ઇચ્છાથી કુમાર તેની સાથે ગાંધર્વ વિવાહ કરી વિષયસુખ ભોગવવા લાગ્યો.

આ પ્રમાણે દરરોજ રાત્રે કુમાર આવતો હોવાથી તે કન્યાના અંગવૃદ્ધિ પામેલા જોઈ દાસીઓ ભય પામતી છતી વિચારવા લાગી કે: અકાળે કન્યાના અંગો કેમ વૃદ્ધિ પામ્યા? નિશ્ચે કોઈ પુરૂષ કન્યા પાસે રાત્રે આવતો લાગે છે. એમ વિચારી દાસીઓએ તે વાત રાણીને કહી. રાણીએ પણ રાજાને વાત જણાવી. રાજાએ કહ્યું: મારા મહેલમાં આવી જે પુરૂષ આવું અયોગ્ય કામ કરે છે, તેનો હું જરૂર ઘાત કરીશ. તે પુરૂષને શોધવાની ઈચ્છા કરતો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રાજા સભામાં આવ્યો. તે વખતે એક વેશ્યા સભામાં આવેલી હતી તેણે રાજાને ક્રોધાતુર જોઈ પુછયું કે: આપ શું ચિંતવી ક્રોધાતુર થયા છો? રાજાએ એકાંતમાં પુત્રીનું ચરિત્ર કહ્યું. વેશ્યાએ કહ્યું કેઃ આપ ચિંતા ન કરો એ અન્યાય કરનાર પુરૂષને બાંધી હું આપની પાસે લાવીશ. એમ કહી તે ઘરે આવી અને કન્યાના ઘરની આસપાસ ચારે તરફ સિંદુર વેરાવ્યો. રાત્રીએ કુલધ્વજ કુમાર ઘોડા પર બેસી કન્યાના ઘરમાં આવ્યો અને સિંદુર વેરેલા ઘરમાં કન્યાની સાથે ક્રીડા કરી સવારે માળીને ઘરે ચાલ્યો ગયો. સવારે વેશ્યાએ કન્યાના ઘરમાં કુમારના પગલાં પડેલાં જોઈ તેની શોધ કરવા રક્ષક લોકોની સાથે નગરમાં ફરવા લાગી. ત્યાં કોઈ જગાએ કુલ-ધ્વજ કુમારને સિંદુરથી રાતા થએલા પગવાળો દેખી "આજ પુરૂષ રાજકન્યાની પાસે આવતો હશે" એમ ધારી સુભટોને કહ્યું કેઃ આ પુરૂષને પકડો. સુભટ લોકો તેને પકડી રાજા પાસે લઈ ગયા. રાજાએ તેને મારી નાખવાની આજ્ઞા કરી. સુભટ-લોકો તેને બાંધીને વધસ્થાને લઈ જવા લાગ્યા.

નગરના લોકો કુલધ્વજ કુમારનું સુંદર રૂપ જોઈ પરસ્પર કહેવા લાગ્યા કેઃ આવા રાજકન્યાને યોગ્ય

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પુરૂષને રાજાએ વધ કરવાનો હુકમ કર્યો તે અયોગ્ય છે. નિશ્ચે તેના વિયોગથી રાજકન્યા સુંદરી મૃત્યુ પામશે. લોકોના આવા વચન સાંભળતો કુલધ્વજ-કુમાર સુભટો સહિત માળીના ઘરની પાસે આવ્યો એટલે તેણે સુભટોને કહ્યું કે: તમે રજા આપો તો હું માળીના ઘરે મારી કુળદેવીને છેલ્લા પ્રણામ કરી આવું. સુભટોએ રજા આપી એટલે તે માળીના ઘરમાં જઈ લાકડાનો ઘોડો તૈયાર કરી સર્વે રાજ-પુરૂષોને જોતો આકાશમાર્ગે થઈ રાજકન્યાના ઘરમાં ઉતર્યો. ત્યાંથી રાજ્યકન્યાને ઘોડા પર બેસાડી હર્ષ પામતો આકાશમાર્ગે થઈ સમુદ્ર કાંઠે આવ્યો. ત્યાં ઘોડા પરથી ઉતરી એક ઝાડની પાસે પાંદડાની પથારી કરી બન્ને સુઈ ગયા. સવારે કુમારને ભુખ લાગેલી જાણી સુંદરીએ કહ્યું કે: આપના માટે હું મારા ઘરમાંથી લાડવા લઈ આવું ત્યાં સુધી આપ અહિં બેસો.

એમ કહી સુંદરી ઘોડા પર બેસી આકાશ-માર્ગે થઈ તુરત પોતાના ઘરમાં ઉતરી. ઘોડાને ગોખમાં મુકી લાડવા લેવા ઓરડામાં ગઈ. તેટલામાં વાયુના જોરથી ઘોડો પૃથ્વી પર પડી ભાંગી ગયો. તે જોઈ સુંદરી શોક ને કલ્પાંત કરવા લાગી. પતિ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સમુદ્રને કાંઠે રહ્યા અને ઘોડો ભાંગી ગયો. ખરેખર ! મારૂં પૂર્વકર્મ ઉદય આવ્યું. પછી તેણે અભિગ્રહ લીધો કે, હું જ્યારે મારા પતિને જોઇશ ત્યારે જ ભોજન કરીશ. આ બાજુ કુલધ્વજ કુમાર ઘણો વખત થયા છતાં સુંદરી આવી નહિ તેથી વિચારવા લાગ્યો કે: નિશ્ચે કોઇ વિદ્યાધર તેને હરી ગયો હશે. એવામાં વિમાનમાં બેઠેલી કોઈ વિદ્યાધરી આકાશમાંથી ઉતરી કુમારની પાસે આવી કહેવા લાગી કે: હે ભાગ્યવંત! વૈતાઢચ પર્વતમાં મણિ નામના વિદ્યાધરની હું કનકમાળા નામે પટ્ટરાણી છું. મારા પતિને તેના શત્રુઓએ કેદ કર્યો છે. હું ત્યાંથી નાસી જતી હતી ત્યાં રસ્તામાં તને જોઇ કામથી પીડાઉં છું. માટે તું તારા સંગમરૂપ શીતળ જળથી મને શાંત કર. હું તારા શરણે આવી છું. કુમાર બોલ્યો કે: મારે પરસ્ત્રીનો નિયમ છે, માટે તે વ્રતનો હું પ્રાણના ભોગે પણ ત્યાગ કરીશ નહિ.

આ સાંભળી ક્રોધ પામી વિદ્યાધરીએ પુષ્પ મંત્રો વડે મંત્રીને કુમારના માથા પર મુક્યાં. તેથી કુમાર મૂર્છા પામી ગયો. પછી વિદ્યાધરીએ તેને ઉપાડી સમુદ્રમાં ફેંકી દીધો. ધિક્કાર છે સ્ત્રીઓના નિર્દયપણાને. આ વખતે જળદેવીએ કુમારને સમુદ્રમાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પડતો ઝીલી લીધો. જળદેવીના પ્રભાવથી વિદ્યાધરીની પુષ્પવિદ્યા નાશ પામી. કુમાર સચેતન થઈ ગયો એટલે જળદેવીએ તેને સમાચાર પૂછયા. કુમારે પોતાની સર્વ હકીકત દેવીને કહી.

પછી જળદેવી બોલી કેઃ હે કુમાર ! તને ધન્ય છે. હું તારા દૃઢ નિયમથી તારી પર પ્રસન્ન થઇ છું માટે વરદાન માગ ! દેવદર્શન ફોગટ જતું નથી. કુમાર બોલ્યો કે, હે દેવી ! મારે નિરંતર મારી પોતાની સ્ત્રી સાથે વિષયસુખ ભોગવાય તેમ કરો. પછી જળદેવીએ કુમારને ઉપાડી રાજકન્યા સુંદરીના મહેલમાં પહોંચાડયો. ત્યાં કુમારે લાકડાનો ઘોડો ભાંગી ગએલો અને તેથી જ રાજકન્યાને રોતી જોઇ. કુલધ્વજ કુમાર સુંદરીને મળ્યો. તેથી તેને ઘણો હર્ષ થયો. પછી જળદેવીએ કુમારના કહેવાથી લાકડાનો ઘોડો પોતાની દિવ્ય શક્તિથી સાજો કરી પોતાના સ્થાને ગઇ. હવે દાસના મુખથી કુમારનું આવવું સાંભળી વિજયરાજા બહુ ક્રોધ પામ્યો અને કુમારને મારવા માટે પોતાના સૈન્યને આજ્ઞા આપી. કુમારે લાકડાના ઘોડા પર બેસી સર્વ સૈન્યને મારી નાખ્યું. જેનું પુણ્ય જાગૃત હોય તેને શું દુષ્કર છે ? પછી રાજા મનમાં વિચાર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરવા લાગ્યો કે : મેં આ શું અયોગ્ય કામ આરંભ્યુ છે. કન્યા કોઈને આપવી તો પડશે જ. આવો વર ફરી ક્યાં મળશે? એમ વિચારી પ્રધાન પુરૂષોને મોકલી કુમારને બહુમાન સાથે તેડાવી પોતાની પુત્રી પરણાવી. કુલધ્વજકુમાર વિજયરાજાની આજ્ઞા લઇ સ્ત્રી સહિત લાકડાના ઘોડા પર બેસી પોતાના દેશ તરફ ચાલી નિકળ્યો.

અહિં અયોધ્યા નગરમાં શંખરાજાએ પુત્રના વિયોગથી છ માસ થયા એટલે લાકડાનો ઘોડો બનાવનાર સુતારને મારી નાખવાની સુભટોને આજ્ઞા કરી. નગર બહાર સુતારને બાળી નાખવા મોટી ચિતા તૈયાર કરાવી. રાજપુરૂષો સુતારને બાંધી ચિતાની પાસે લાવ્યા અને જેટલામાં તેને ઉપાડી ચિતામાં નાખી દેવાની તૈયારી કરે છે તેટલામાં રાજાએ પોતાના પુત્રને સ્ત્રી સહિત આકાશમાર્ગથી આવતો જોયો. પુત્રના આવવાથી રાજા બહુ હર્ષ પામ્યો.

પછી રાજકુમારને અને સુતારને વાજીંત્રોના શબ્દથી મોટો ઉત્સવ કરી નગરમાં તેડી ગયો. વખત જતાં શંખરાજા મૃત્યુ પામ્યા. તેના રાજ્ય-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સિંહાસને કુલધ્વજકુમાર બેઠો. તેણે સુંદરીને પટ્ટરાણી પદે સ્થાપી તેની સાથે વિષયસુખ ભોગવવા લાગ્યો. એક વખત તે નગરના વનમાં કેવળી ભગવાન સમોસર્યા. માળીએ વધામણી આપતાં કુલધ્વજ રાજા તેમને વંદન કરવા ગયો. દેશના સાંભળી વૈરાગ્ય પામી પુત્રને રાજ્ય સોંપી ગુરુ પાસે દીક્ષા લીધી. અનિત્યભાવના ભાવતાં તેઓ કેવળજ્ઞાન પામ્યા. પછી ઘણા જીવોને પ્રતિબોધ પમાડી તે મુનિ મુક્તે ગયા. કુલધ્વજ કુમાર પરસ્ત્રીના નિયમથી તે જ ભવમાં મોક્ષે ગયો.

P. P. Ac. Gunratansuriji M.S.
Jin Gun Aaradhak Trust

# તપવ્રત ઉપર દામન્નકની કથા

આ ભરતક્ષેત્રના રાજપુર નગરમાં એક કુળપુત્ર રહેતો હતો. તેને જિનદાસ નામે શ્રાવક મિત્ર હતો. એક દિવસ જિનદાસ શ્રાવક કુળપુત્રને સાધુ પાસે લઈ ગયો. સાધુએ ધર્મોપદેશ આપ્યો તે સાંભળી કુળપુત્રે માછલાંના માંસનું પચ્ચક્ખાણ લીધું. તે વખતે તે દેશમાં દુકાળ પડયો. તેથી સર્વલોક ભુખથી પીડાતા માછલાં અને માંસનું ભક્ષણ કરવા લાગ્યા. કુલપુત્રની સ્ત્રીએ પોતાના પતિને કહ્યું કે: તમારા બાળકો ભૂખથી પીડા પામે છે અને તમો નિશ્ચિંત થઈને કેમ બેઠા છો? માછલાં લેઈ આવો તો તેનું ભક્ષણ કરે. દામન્નકે કહ્યું કે: પુત્ર મરો કે જીવો પરંતુ હું માછલા લેવા નહિ જાઉં.

પછી તેને તેના સાળાઓ હાથ પકડી નદીને કાંઠે લઈ ગયા અને હાથમાં જાળ આપીને કહ્યું કે: માછલા કાઢો. એટલે કુળપુત્રે પરવશપણાથી નદીમાં જાળ નાખીને કાઢી તો તેમાં બહુ માછલા આવ્યા. તે જોઈ તેણે બે ત્રણ વાર ફરી જાળ પાણીમાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નાખીને કાઢી અને દયાથી તે મનમાં વિચાર કરવા લાગ્યો કે : કુટુંબને માટે કરેલું પાપ પણ નરકના કુવામાં નાખે છે અને આ શરીર તો નાશવંત છે. મળ મૂત્રને ધારણ કરનારૂં છે તો તેને માટે માછલાને ફોગટ શા માટે મારૂં. જેવી રીતે મારો જીવ મને વહાલો છે તેવી રીતે સર્વ પ્રાણીઓને પોતાનો જીવ વહાલો છે. તેથી હું પોતાના માટે પર-જીવોનો ઘાત શા માટે કરૂં ?

એ પ્રમાણે વિચાર કરી તે પુણ્યાત્મા કુળપુત્ર ઘેર આવી અનશન લઈ જીવોને ખમાવી નવકાર-મંત્રનું સ્મરણ કરતાં કાળ કરી રાજગૃહનગરમાં મણીઆર શેઠને ત્યાં પુત્રપણે ઉત્પન્ન થયો. તેનું દામન્નક નામ પાડયું. અનુક્રમે તે આઠ વર્ષનો થયો. ત્યારે મરકીના રોગથી તેના ઘરનાં બધાં મરણ પામ્યાં. તેથી તે સાગર શેઠના ઘરે ગયો. સાગર શેઠે તેને નોકરીમાં રાખી લીધો.

એક દિવસ તે સાગરશેઠને ઘરે બે સાધુ વહોરવા આવ્યા. ત્યાં મોટા સાધુએ દામન્નકને જોઈ નાના સાધુને કહ્યું કે: આ બાળક આ શેઠના ઘરનો માલિક થશે. મુનિનું આ વચન સાગરશેઠે સાંભળ્યું તેથી ખેદ પામી વિચારવા લાગ્યો કે: મારો પુત્ર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગુણવાન ને વિદ્વાન છે છતાં આ બાળક મારા ઘરનો માલિક શી રીતે થશે? લાવ તેને હું કોઈ પણ રીતે મારી નાખું. આમ વિચારી સાગરશેઠે એક ચંડાળને બોલાવી કહ્યું કે: આ મારા નોકરને તું મારી નાખ. ચંડાળ તેને વનમાં લઈ ગયો. ઉત્તમ-લક્ષણવાળા તે પુત્રને જોઈ ચંડાળે વિચાર્યું કે: શેઠ આ નિર્દોષ બાળકને શા માટે મારવાનું કહે છે? મારે એવું કામ કરવું વ્યાજબી નથી એમ વિચારી તેની ટચલી આંગળી કાપીને કહ્યું કે: તું અહિંથી નાસી જા, જો પાછો આવ્યો તો મારી નાખીશ. દામન્નક ભય પામી વનમાં નાસી ગયો. રસ્તામાં તેને ગોવાળે જોયો. તેથી તેને પોતાની પાસે બોલાવી પુત્ર તરીકે રાખી લીધો. તે ગાયો ચારતો અનુક્રમે યુવાવસ્થાને પામ્યો. એક દિવસ સાગરશેઠ ગોકુળ જોવા ગયો. ત્યાં દામન્નકને જોઈ વિસ્મય પામ્યો. કોઇ માણસને પૂછયું, તેણે કહ્યું કે: તે અનાથ બાળક એકલો આવેલો તેને ગોવાળે પુત્ર કરીને રાખ્યો છે.

આ સાંભળી સાગરશેઠે વિચાર્યું કે, મેં ચંડાળને મારી નાખવા કહેલ તે જ આ બાળક છે. એમ વિચારી એક ચીઠ્ઠી લખી દામન્નકને આપી કહ્યું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કે: તું આ ચીઠ્ઠી મારા પુત્રને આપી આવ. દામન્નક શેઠની ચીઠ્ઠી લઈ રાજપુર નગર પાસે આવી પહોંચ્યો. તે થાકી ગએલ હોવાથી દેવમંદિરમાં સુઈ ગયો. આ વખતે સાગરશેઠની પુત્રી વિષા દેવપૂજન કરવા માટે ત્યાં આવી. તે દેવપૂજા કરી પાછી ફરી ત્યારે ત્યાં દામન્નકને સુતેલો જોઇ આ કોઈ ઉત્તમ પુરૂષ લાગે છે. એમ વિચારી તેની પાઘડી જોતાં તેમાંથી પિતાએ લખેલ ચીઠ્ઠી વાંચી. તેમાં લખેલ કે આવેલ પુરૂષને વિષ દેવું. એટલે તેણે વિચાર્યું કેઃ આવા ઉત્તમ પુરૂષને પિતાજી વિષ આપવા લખે નહિ. કદાચ લખ્યું હોય તો તે ભૂલ મારે સુધારવી જોઈએ એમ વિચારી કાનો વધારી દીધો, એટલે વિષને બદલે વિષા આપવી વંચાય. તે પછી તે ચીઠ્ઠી હતી તેમ મૂકીને તે પોતાના ઘરે આવી. થોડી વાર પછી દામન્નક જાગ્યો. તેણે સાગરશેઠને ઘરે આવી તેના પુત્રને ચીઠ્ઠી આપી. શેઠના પુત્રે યોગ્ય વર જાણી પોતાની બ્હેન વિષા પરણાવી દીધી. શેઠ ઘરે આવી દામન્નકને જમાઈ બનેલો જોઇ વિસ્મય પામ્યો. છતાં તે મારા ઘરનો માલિક બને તે પહેલાં તેને મારી નાખું. એમ વિચારી પોતાના સેવકોને કહ્યું કેઃ હે સુભટો! મારા જમાઇને



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મારી નાખવો છે તો કોઇ ઉપાય શોધી કાઢજો. દામન્નકના પુણ્યના પ્રભાવથી ઉપાય મળતો નથી.

એક દિવસ મિત્રના ઘરે નાટક થતું હતું તે જોવા દામન્નક ગયો હતો. અર્ધી રાત પછી તે ઘરે આવ્યો તો બારણાં બંધ હોવાથી પરશાળમાં ખાટલો ઢાળીને સુતો હતો. સુભટો પરસ્પર કહેવા લાગ્યા કેઃ અત્યારે તેને મારવાનો લાભ છે તો શેઠને પૂછીને તેને મારી નાખીએ. એમ વિચારી શેઠને પૂછવા ગયો. શેઠે કહ્યુંઃ એમાં શું પુછવા આવ્યા. જાઓ જલ્દી તેને મારી નાખો. સુભટો હથીઆર લઇ જેટલામાં આવ્યા તેટલામાં દામન્નકને માંકડ કરડતા હોવાથી ઉઠીને મિત્રને ઘરે જઇને સુઇ ગયો. અને તેની જગ્યાએ અભાગ્યના યોગથી શેઠનો પુત્ર નાટક જોઇને આવ્યો તે ખાટલા પર સુઇ ગયો. સુભટોએ દામન્નક ધારી તેને મારી નાખ્યો કે તરત જ ચાલ્યા ગયા.

સવારે લોકો સાગરના પુત્રને મરેલો જોઈ પરસ્પર કહેવા લાગ્યા કે સાગરશેઠના પુત્રને કોઈએ મારી નાખ્યો છે, તો સાગરશેઠને ખબર આપીએ. તેઓએ સાગરશેઠને જણાવતાં શેઠ ને શેઠાણીને ઘણો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આઘાત લાગવાથી છાતી ફાટી જતાં મૃત્યુ પામ્યા. પછી રાજાએ દામન્નકને સાગરશેઠના ઘરનો માલિક બનાવ્યો. પૂર્વે કરેલા તપના પ્રભાવથી તેને સઘળી ભોગ સામગ્રી મળી. એક દિવસ દામન્નક સોનાના સિંહાસન પર બેઠો હતો. એવામાં નટલોકોએ ત્યાં આવી નૃત્ય કર્યું. એક જણે નૃત્ય કરતા એક ગાથા વારંવાર કહી કે: જેનો પક્ષ યમરાજાએ કરેલો છે તે પુરૂષને ઉપરા ઉપરી આવી પડતા અનર્થો બહુ ગુણકારી થાય છે. પછી તેને સુખ અને દુઃખ ક્યાંથી હોય ?

આ ગાથા સાંભળી પ્રસન્ન થએલ દામન્નકે તેને એકલાખ સોનામહોરો આપી. ફરી ફરી તે ગાથા બોલવાથી દામન્નકે બીજી વાર ત્રીજી વાર એમ કુલ ત્રણ લાખ સોનામહોર આપી. આ વાત સાંભળી તેથી ખુશ થએલા રાજાએ તેને નગરશેઠની પદવી આપી. પછી દામન્નક સાધુના વચનથી ધર્મકાર્ય કરી દેવલોકે ગયો ત્યાંથી ચ્યવી મનુષ્ય ભવ પામી ચારિત્ર પાળી કેવળજ્ઞાન પામી તે જ ભવે મોક્ષે જશે.

## ભાવના ઉપર અસંમતની કથા.

રત્નપુર નગરમાં અરિમર્દન રાજાને સર્વ શાસ્ત્રનો જાણ એવો લલિતાંગ નામે પુત્ર હતો. તે એક વખત વસંતઋતુમાં ક્રીડા કરવા વનમાં ગયો. ત્યાં મંત્રીની સ્ત્રીને જોઈ તેના ચિત્તમાં પ્રીતિ ઉત્પન્ન થઈ. પછી તેણે એક મિત્ર મોકલી તેને કહેવરાવ્યું કે: હે મહા-ભાગ્યશાળી! આપણો મેળાપ ક્યારે થશે. મંત્રીની સ્ત્રી હર્ષથી બોલી કે: હે સુંદર! હું ઘરમાંથી બહાર નીકળતી નથી કારણ મારો પતિ બહુ ઇર્ષ્યાળુ છે તે મને ઘરની બહાર જવા દેતો નથી. પરંતુ આપણે મળવાનો એક કઠીન્ ઉપાય એ છે કે મારા ઘરની પાસે એક કુવો છે. તેમાં એક સુરંગ ખોદાવી માણસોને રાખો. પછી હું મારા કુટુંબ સાથે કજીયો કરી કુવામાં પડીશ અને સુરંગના મોં આગળ રહેલા પુરૂષો સાથે સુરંગના માર્ગથી નિકળી તમારા મિત્ર લલીતાંગને મળીશ.

આ પ્રમાણે સંકેત કરી મંત્રીની સ્ત્રીએ કુમારના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મિત્રને મોકલ્યો. કુમારે સુરંગ ખોદાવીને અંદર માણસોને રાખ્યા. એટલે મંત્રીની સ્ત્રી કપટથી કુટુંબ સાથે કજીઓ કરી કૂવામાં પડી. સુરંગમાં રહેલા પુરૂષોએ તેને ઝીલી લઈ લલીતાંગ કુમારને સોંપી. મંત્રીએ પોતાની સ્ત્રીની કૂવામાં પડવાની વાત સાંભળી તેના માણસોને કૂવામાં ઉતારી શોધ કરાવી પણ તેની શોધ મળી નહિ. આ વાત નગરમાં ફેલાઈ ગઈ. રાજાએ તે વાત સાંભળી મંત્રીને તથા સ્ત્રી હત્યા કરનાર તેના કુટુંબીઓને બાંધી મંગાવી તેનું ઘરબાર લુંટી બહુ દુઃખ આપ્યું.

આ પ્રમાણે મંત્રીની વિટંબણા જોઈ લલીતાંગકુમાર વિચાર કરવા લાગ્યો કે, આ નિરપરાધિ મંત્રીને મારા અપરાધને લીધે દુઃખ પડયું માટે હવે મારે ઘરમાં રહેવાથી સર્યું. સ્ત્રીની જાળમાં પડેલો કયો પુરૂષ બંધન નથી પામતો! આવી રીતે વિચાર કરી લલીતાંગ સ્ત્રીને પૂછયા વિના તેને ઘરમાં મુકી પોતે યુવરાજપદનો ત્યાગ કરી નગરમાંથી એકલો ચાલી નિકળ્યો. વનમાં જતાં તેણે કોઈ મુનિને જોઈ તેમને વંદન કરીને બેઠો. વૈરાગ્યવંત બનેલા તેણે મુનિને કહ્યું કેઃ હે ભગવન્! સંસાર

P. P. Ac. Gunratansuriji M.S.		Jin Gun Aaradhak Trust

સમુદ્રમાં ડૂબતા મને તારો. મુનિએ તેને સાધુધર્મ સમજાવ્યો એટલે તેણે દીક્ષા લીધી. ઘોર તપ કરતા અને શુદ્ધ ક્રિયા પાળતા તે લલિતાંગ મુનિ ખેમપુર નગરના ઉપવનમાં આવ્યા.

તે નગરમાં અસંમત નામે એક નાસ્તિક રહેતો હતો. તે પંચભૂત સિવાય જીવાજીવાદિ કોઈ તત્ત્વને માનતો ન હતો. વાચાલપણાથી દેવગુરુનું ઉત્થાપન કરતો અને ગર્વ કરતો હતો. હવે જે ઉપવનમાં લલિતાંગ મુનિ રહેતા હતા તેની પાસેની નદીમાં અકસ્માત બહુ પુર આવ્યું, તેથી સર્વ ઝાડો ડુબી ગયા, પણ તપના પ્રભાવથી લલિતાંગ મુનિ ડુબ્યા નહિ એટલે સર્વ નગરવાસી લોક તેમને વંદન કરવા લાગ્યા. નગરમાં જે રોગી લોકો હતા તેઓ પણ પોતાના શરીરે મુનિના પગની રજ ચોળવા લાગ્યા તેથી તેમના રોગો જવાથી મુનિનો પ્રભાવ ચારે દિશામાં ફેલાવા લાગ્યો. તેને સહન નહિ કરતો અસંમત નાસ્તિક કહેવા લાગ્યો કે: મુનિ તપના પ્રભાવથી ડુબ્યા નહિ એ વાત ખોટી છે. એમ કહી તે દુષ્ટે રાત્રે ઉપવનમાં આવી મુનિને સાંકળ-વડે બાંધી ચિતા સળગાવી. મુનિને સળગાવવાનો ઉપદ્રવ કરવા લાગ્યો. અગ્નિએ મુનિને પ્રદક્ષિણા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરી પાસે રહેલાં ઝાડો બાળી નાખ્યા પણ મુનિને બાળ્યા નહિ પછી તે દુષ્ટ અસંમત મુનિને ધ્યાનમાં રહેલા જોઈ ચમત્કાર પામી વિચારવા લાગ્યો કે: આ મુનિ અગ્નિથી બળ્યા નહિ તે તેમના તપનો જ પ્રભાવ છે. તેથી મુનિને સાંકળના બંધનથી છોડી તેમની પૂજા કરવા લાગ્યો. પછી તત્ત્વની વિચારણા કરતાં તે અસંમત શુકલ ધ્યાને ચઢી ઘાતીકર્મનો ક્ષય કરી કેવળજ્ઞાન પામ્યો. દેવતાએ તેને સાધુનો વેશ આપ્યો. પછી દેવતાએ રચેલા સુવર્ણકમળ ઉપર બેસી કેવળીએ ધર્મ દેશના આપી. તે સાંભળી બહુ ભવ્ય જીવો ધર્મને વિષે દૃઢ ચિત્તવાળા થયા. આવી રીતે જે મનુષ્યો ભાવના ભાવે છે તે કેવળજ્ઞાન પામી મુક્તિસુખને મેળવે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

# જીવદયા પાળવા ઉપર ભીમકુમારની કથા.

કમલપુર નગરના રાજા નરવાહનને માલતી નામે રાણીથી ભીમકુમાર નામે પુત્ર થયો. એક દિવસ વનમાં ક્રીડા કરવા ગએલા કુમારે સાધુને જોઈ તેમને વંદન કર્યું. સાધુએ ધર્મનો ઉપદેશ આપ્યો. ભીમકુમાર સમકિતમળ શ્રાવકધર્મ અંગીકાર કરી પોતાને ઘેર આવ્યો અને શ્રાવકધર્મ પાળવા લાગ્યો. એક દિવસ કોઈ કાપાલીક હાથમાં ફળ ફૂલ લઈ ભીમકુમાર પાસે આવી ભેટ મૂકી કહેવા લાગ્યો કે: હે કુમાર ! સત્પુરૂષો ક્યારે પણ પ્રાર્થનાનો ભંગ કરતા નથી તેથી હું પણ તારી પ્રાર્થના કરૂં છું. મેં બાર વર્ષ સુધી વિદ્યાદેવીની આરાધના કરી છે. માટે આ ચૌદશને દિવસે વિદ્યાની સાધના કરવાની હોવાથી તું ઉત્તરસાધક થા. પરોપકાર કરવામાં પ્રીતિવાળા તે કુમારે કાપાલીકનું વચન કબુલ કર્યું. ચૌદશનો દિવસ આવતાં તેના મિત્ર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પ્રધાનપુત્રે ના પાડવા છતાં ભીમકુમાર કાપાલીક પાસે જવા તૈયાર થયો. પોતાની તલવાર હાથમાં લઇ એકલો સ્મશાનમાં ગયો. યોગી પણ મંડળ આલેખી દેવતાની પૂજા કરી કુમારની શિખા બાંધવા ઉભો થયો. કુમારે તેનો દુષ્ટ અભિપ્રાય જાણીને કહ્યું કેઃ હે કાપાલીક ! તું મારી શિખા ઝટ બાંધી તારા ઇચ્છિત કાર્યની સિદ્ધિ કર. તું ચિંતા ન કરીશ. કોઇ દેવ–દાનવ–યક્ષ–વ્યંતર મારી આગળ સમર્થ થશે નહિ. આ સાંભળી કાપાલીક વિચાર કરવા લાગ્યો કેઃ આ ભીમકુમાર બળવંત છે, તો હું તેનું માથું શી રીતે કાપી લઉં ? તેના વિના મારા કાર્યની સિદ્ધિ થશે નહિ માટે બળાત્કારથી તેનું માથું કાપી લઉં. આમ વિચારી વિકરાળ-રૂપ કરી હાથમાં કાતર લઇ બોલ્યો કેઃ તું તારા ઇષ્ટદેવનું સ્મરણ કર. હું બળાત્કારથી તારૂં માથું કાપી વિદ્યાની સાધના કરૂં છું.

કુમારે કહ્યું કેઃ તું ખરેખર નાર જેવો મારા જેવા સિંહનું માથું કાપવાની ઇચ્છા કરે છે ? એમ કહી તેનો સામનો કરવા લાગ્યો. યુદ્ધને અંતે કુમારે કાપાલીકને મુઠીનો પ્રહાર કરી તેની છાતી પર ચઢી બેઠો. પરંતુ દયાથી તેનું માથું કાપ્યું નહિ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પીડા પામેલા કાપાલીકે કુમારને પકડી દડાની પેઠે આકાશમાં ઉછાળ્યો, પડતા કુમારને મોહ પામેલી કોઇ દેવીએ ઝીલી લીધો અને પોતાના ઘેર લઈ જઇ તેની સાથે ભોગની પ્રાર્થના કરવા લાગી. તેણીએ કહ્યું કે: હું વિંધ્યાચલ પર્વત પર રહેનાર યક્ષની કમળા નામે સ્ત્રી છું. કુમારે તેને પરસ્ત્રી જાણી કહ્યું કે: લીધેલ વ્રતનો ભંગ કરવાથી મારે સંસારમાં ભમવું પડે. કામ ભોગો અનર્થની ખાણ છે, હું પ્રાણાંતે પણ વ્રત ભંગ કરીશ નહિ.

આ સાંભળી દેવી તેના પર પ્રસન્ન થઇ કહેવા લાગી કે: હે કુમાર! તું ધન્ય અને પુણ્યવંત છે. તેં યુક્તિથી મને પ્રતિબોધ પમાડી છે. પછી કુમારે ક્યાંકથી સંભળાતા મધુર અવાજને સાંભળી દેવીને કહ્યું કે: આ શબ્દ કોનો સંભળાય છે? દેવી બોલી કે: આ પર્વત પર ચાતુર્માસ રહેલા મુનિઓ સ્વાધ્યાય કરે છે તેનો શબ્દ સંભળાય છે. આ સાંભળી મુનિને વંદન કરવા કુમાર ગયો અને વંદન કરી પૂછવા લાગ્યો કે: તમે આ ઘોર અરણ્યમાં શા માટે રહ્યા છો? આ પ્રમાણે પૂછતાં ત્યાં એક ભુજા આવી કુમારની તલવાર લઈ આકાશમાર્ગે જવા લાગી ત્યારે કુમાર પણ ધૈર્યધરી તે ભુજા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઉપર ચઢી ગયો. પછી ભુજા કુમાર સહિત કાલીકા-દેવીના મંદિરને વિષે આવી. એટલે કુમાર ભુજા પરથી ઉતરી મંદિરમાં ગયો.

ત્યાં પેલો યોગી બેઠો હતો, ભુજાએ યોગીના શરીરમાં પ્રવેશ કર્યો. અને કુમાર પણ એકાંતમાં સંતાઈ રહ્યો. હવે કાપાલીકે પ્રથમથી કોઈ સારી આકૃતિવાળા પુરૂષને પકડી રાખ્યો હતો તેથી તેણે તે પુરૂષને કહ્યું કે : અરે ! તું તારા ઇષ્ટદેવનું સ્મરણ કર અને કોઈનું શરણ લે. કારણ હમણાં તલવાર વડે હું તારૂં મસ્તક કાપી નાખુ છું. ત્યારે તે પુરૂષ બોલ્યો કે : મારે વીતરાગદેવનું અને ભીમકુમારનું શરણ થાઓ કે જે તારા સરખાથી ગાંજ્યા જાય તેવા નથી. યોગી બોલ્યો કે: અરે મૂર્ખ ! તેવા કુપુરૂષનું કેમ શરણ કરે છે ? ભીમકુમારને તો મેં મારવા માંડયો. તેથી ક્યાંક નાસી ગયો છે. હમણાં જ તારા માથાથી હું દેવીની પૂજા કરીશ. આવી રીતે યોગી કહેતો હતો ત્યારે કુમારે પ્રગટ થઈને કહ્યું કે: અરે! ચાંડાલ કાપાલીક! તું એને કેમ મારે છે? આ સાંભળી કાપાલીકે તે પુરૂષને ત્યજી દીધો. અને ભીમકુમારને મારવા દોડ્યો. બન્નેનું ઘોર યુદ્ધ થયું. છેવટ કુમારે કાપાલીકને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પકડી પૃથ્વી પર પાડી દીધો. અને તેની છાતી ઉપર ચઢીને બોલ્યો કે: અરે ચાંડાલ! હમણાં તું તારા ઇષ્ટ દેવનું સ્મરણ કર. પછી કાલીકાદેવી કુમારના સત્વથી પ્રસન્ન થઈ કહેવા લાગી કે: હે કુમાર! તું મારા ભક્ત યોગીને મારીશ નહિ—અને મારી પાસેથી વરદાન માગ. ભીમકુમારે કહ્યું કે: હે દેવી! જો તું મારા પર પ્રસન્ન થઈ હોય તો જીવદયા પાળ. કારણ સર્વ પ્રાણીઓને પોતાનો જીવ વહાલો છે. સુખના અર્થે કરેલી હિંસા દુ:ખને આપે છે. મંગળને અર્થે કરેલી હિંસા અમંગળને આપે છે અને જીવિતને અર્થે કરેલી હિંસા નિશ્ચે મૃત્યુ આપે છે. તું મરી જા. એમ કહેવાથી પણ પ્રાણી દુ:ખી થાય છે. તો પછી પ્રહાર વડે મારેલો પ્રાણી કેમ દુ:ખી ન થાય.

કુમારના આવા વચન સાંભળી કાલીકાએ કહ્યું કે: હું આજથી આરંભીને જીવ વધ નહિ કરૂં. એમ કહી તે દેવી અદૃશ્ય થઈ ગઈ. કાપાલીક જે પુરૂષને મારી નાખવા લાવ્યો હતો તે પ્રધાન પુત્ર હતો. તેથી કુમાર તેને ઓળખીને ભેટી પડ્યો. અને બોલ્યો કે: હે મંત્રી! તમે જાણતા છતાં આ દુષ્ટ યોગીને વશ કેમ પડયા? ત્યારે મંત્રી પુત્રે

કહ્યું : હે કુમાર ! જ્યારે તમને કોઈએ દીઠા નહિ ત્યારે રાજા રાણી અને બીજા નગરલોકો બહુ શોક કરવા લાગ્યા.

પછી કુળદેવીએ કહ્યું : હે રાજન્ ! શોક ન કર. થોડા દિવસમાં તારો પુત્ર મોટી સમૃદ્ધિ સહિત આવશે. પછી હું તમારા સમાચાર જાણવા ઘરથી બહાર નિકળ્યો અને તે જાણી જેટલામાં પાછો વળ્યો તેટલામાં આ દુષ્ટ પુરૂષ મને પકડીને અહિં લાવ્યો છે. મંત્રીપુત્રે આવી રીતે પોતાની વાત કહી અને યોગીએ પણ જીવદયા ધર્મ અંગીકાર કર્યો. પછી તેઓ પરસ્પર વાતો કરતા હતા.

એવામાં કોઈ એક મોટો હાથી ત્યાં આવી ભીમકુમારને અને મંત્રીપુત્રને સુંઢ વડે પકડી પોતાની પીઠ પર બેસાડી આકાશમાર્ગે ચાલ્યો ગયો અને કોઈ એક શૂન્ય નગરના દરવાજા આગળ તે બન્ને જણાને મુકી ક્યાંય ચાલ્યો ગયો. હવે ભીમકુમાર મંત્રીપુત્રને નગરની બહાર રાખી પોતે નગરમાં ગયો. ત્યાં તેણે નૃસિંહરૂપવાળા કોઈએ એક સુંદર આકૃતિવાળા માણસને પકડેલો દીઠો. તે માણસ કરૂણ સ્વરથી રોતો હતો. તે જોઈ ભીમ-

કુમારને દયા ઉત્પન્ન થતાં તેણે નૃસિંહને કહ્યું કેઃ તું આ દીન પુરૂષને મુકી દે. નૃસિંહે કહ્યું કે : હે કુમાર ! મને બહુ વખત થયાં ખાવાનું મળ્યું નથી તેથી હું ભુખ્યો થયો છું. કુમારે કહ્યું કેઃ તારૂં શરીર તો વૈક્રિય દેખાય છે છતાં તું માણસનું ભક્ષણ શી રીતે કરીશ. નૃસિંહે કહ્યું : તારૂં કહેવું સત્ય છે પરંતુ આ મારો પૂર્વભવનો શત્રુ છે માટે હું તેને નિશ્ચે મારી નાખીશ. ત્યારે જ મારો ક્રોધ શાંત થશે. ભીમકુમારે કહ્યું કે : કોઈ કોઇનો વૈરી નથી, પોતાના કર્મથી જ સુખ દુઃખ પ્રાપ્ત થાય છે. માટે તું દીન માણસને છોડી દે.

કુમારે આ પ્રમાણે ઘણો સમજાવ્યો. પણ નૃસિંહે તેને છોડયો નહિ. ત્યારે કુમારે નૃસિંહના મુખથી તે પુરૂષને ઝાલ્યો. તેથી બન્નેનું પરસ્પર યુદ્ધ થયું. કુમારના પ્રહારથી દુઃખી થએલો નૃસિંહ અદૃશ્ય થઇ ગયો. પછી નિર્ભય એવો ભીમકુમાર રાજમંદિરમાં ગયો ત્યાં રહેલી પાંચ પુતળીઓ ભીમકુમારની સેવા કરવા લાગી. એક પાણીનો કળશ ભરી લાવી, બીજી તેના પગ ધોવા લાગી, એક સિંહાસન લઇ આવી, એકે કહ્યું, હે કુમાર ! આ દિવ્ય ભોજન જમી લ્યો અને આ દિવ્ય ઘરેણાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પહેરી શરીર શોભાવો, કુમાર વિસ્મ્ય પામતો જેટલામાં ઉભો રહ્યો તેટલામાં એક દેવને જોયો. દેવ બોલ્યો કેઃ હે કુમાર! હું તારા પર પ્રસન્ન થયો છું માટે વરદાન માગ.

ભીમકુમારે કહ્યું કેઃ હે દેવ! આ નગર શુન્ય કેમ થયું? દેવે કહ્યું કેઃ આ કનકપુર નગર છે તેમાં કનકરથ રાજા રાજ્ય કરતો હતો. તે રાજાને સુદત્ત નામે પુરોહિત હતો. તે નગરવાસી લોકોની સ્ત્રીઓને ભોગવતો હતો. રાજાને તે વાતની ખબર પડતાં તેને ઘણી શિક્ષા કરી. તે પુરોહિત મરીને હું રાક્ષસપણે ઉત્પન્ન થયો છું. હે કુમાર! તે આ નગરનો રાજા છે કે જેને તેં મારી પાસેથી છોડાવ્યો. તે વખતે હું બહુ વિસ્મય પામ્યો હતો. આ પુતળીઓથી તારી સેવા કરાવનાર પણ હું હતો, અદ્રશ્ય રૂપવાળા મેં આ નગરીના લોકને અદ્રશ્ય કર્યા હતા પછી તે નગરના ઉદ્યાનમાં કેવળી ભગવાન સમોસર્યા. ત્યાં ભીમકુમાર મંત્રીપુત્ર અને રાક્ષસ ત્રણે જણા વંદન કરવા ગયા. કેવળીને વંદન કરી ધર્મ સાંભળવા બેઠા.

તે વખતે કોઇ હાથી સુંઢ ઉછાળતો ત્યાં આવ્યો. તે હાથીને જોઇ સર્વ માણસો વ્યાકુળ થયાં.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હાથી ભીમકુમારને જોઇ પ્રસન્ન થયો. ત્યારે મુનિએ કહ્યું કે: આ હાથી પોતે યક્ષ છે. તે ભીમકુમારને જાણી કાલીકાના મંદિરથી અહિં આવ્યો છે. પોતાના પૌત્રની રક્ષા કરવા માટે એ યક્ષે પ્રથમથી ભીમકુમારને અહિં આણેલો છે અને પોતાના પૌત્રની રક્ષા કરવા માટે રાક્ષસથી મુકાવ્યો છે. હવે યક્ષ હાથીનું રૂપ ત્યજી દઈ કહેવા લાગ્યો કે: ગુરુએ સત્ય કહ્યું છે. પછી કાલીકાદેવીએ કેવળી પાસે આવીને પ્રથમ ભીમકુમારને અને પછી કેવળીને વંદના કરી. ત્યારે રાજાએ પૂછયું કે હે ભગવંત! કાલીકાએ પ્રથમ ભીમકુમારને અને પછી આપને વંદન કેમ કર્યું? કેવળીએ કહ્યું કે: એ ભીમકુમાર જિનધર્મના દાનથી કાલીકાદેવીનો ગુરુ થએલો છે તેથી દેવીએ તેને પ્રથમ વંદના કરી છે. પછી યક્ષે કહ્યું હે ભીમકુમાર? તારા માતાપિતા તારા વિયોગથી બહુ દુ:ખી થયાં છે. માટે તું તારા નગરે જા! એટલું કહી યક્ષ મુનિને નમસ્કાર કરી વિમાનમાં બેસી ચાલ્યો ગયો. ભીમકુમારે પણ દેવીએ કરેલા મહોત્સવ સહિત પોતાના નગરમાં આવી માતા પિતાના પગમાં નમસ્કાર કર્યો તેથી તેમને બહુ હર્ષ થયો

પછી ભીમકુમારને શુભ મુહુર્તે રાજ્ય આપી હરિવાહન રાજાએ દીક્ષા લીધી તે રાજર્ષી પૂર્વે કરેલા કર્મનો ક્ષય કરી મુક્તિપદને પામ્યા. ભીમકુમાર પણ બહુ કાળ સુધી રાજ્ય પાળી પછી પુત્રને રાજ્ય સોંપી દીક્ષા લઈ સર્વ કર્મનો ક્ષય કરી મુક્તિપદને વર્યા.



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## જ્ઞાન ઉપર સાગરચંદ્રની કથા

આ ભરતક્ષેત્રના મલયપુર નગરમાં અમિતચંદ્ર નામે રાજાને ચંદ્રકળા નામે રાણીથી સાગરચંદ્ર નામે પુત્ર થયો. તે કુમારનું રૂપ, સૌભાગ્ય અને ભુજાબળ ઘણું હતું. કુમાર લીલામાત્રમાં મોટા ગજરાજને વશ કરતો. બળવાન પુરૂષને આકાશમાં ઉછાળતો અને ભૂત પિશાચને સહજમાં સ્વાધિન કરતો હતો. એક વખત નગરમાં ક્રીડા કરતા એવા તે કુમારે હાથમાં લેખ લઈને વાંસ ઉપર બેઠેલા એક પુરૂષને જોયો. કુમારે તેને પૂછયું કે: આ લેખમાં શું લખ્યું છે? તેણે કહ્યું કે: એક અપૂર્વ ગાથા લખી છે. કુમારે કહ્યું કે તેની જે કિંમત હોય તે લઈને મને તે ગાથા આપ. કુમારે તેના કહેવા મુજબ પાંચસો સોનામહોર આપી. જીવોને નહિ ઇચ્છેલું દુઃખ અને સુખ શું નથી આવી મળતું! માટે મોહનો ત્યાગ કરી ધર્મને વિષે પ્રતિબંધ કરો.

એવી ગાથા વાંચી તેનો અર્થ વિચાર તો છતો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે સાગરચંદ્રકુમાર ઉદ્યાનમાં ગયો. ત્યાં ક્રીડા કરતા કુમારને કોઈએ ઉપાડી સમુદ્રમાં ફેંક્યો. પુણ્યના યોગથી તે કુમારને પાટીયું હાથ આવવાથી નવમે દિવસ અમરદ્વીપે ઉતર્યો. પછી નાળિયેરનું પાણી શરીરે ચોપડી સારો થયો. ગાથાનો અર્થ મનમાં સ્મરણ કરવાથી દુઃખને સહન કરતો ફળફૂલ ખાઇને આજીવિકા ચલાવવા લાગ્યો. દ્વીપમાં ફરતો એ કોઈ સ્રીનું રૂદન સાંભળી તે તરફ ગયો, ત્યાં તેણે સાંભળ્યું કે, આ ભવમાં સાગરચંદ્રકુમાર મારો પતિ થયો નહિ તો પરભવમાં તે મારો પતિ થજો. એમ કહી ગળાફાંસો ખાધો તેટલામાં કુમારે ત્યાં આવી તેનો ગળાફાંસો તોડી નાખ્યો.

આ વખતે કોઈ વિદ્યાધર ત્યાં આવી તે કન્યાની વાત કુમારને પૂછવા લાગ્યો. સાગરચંદ્રે તે કન્યા ગળા ફાંસો ખાતી જીવાડી એમ કહ્યું. ત્યારે વિદ્યાધરે કહ્યું: તમે અમારા પર ઘણો ઉપકાર કર્યો છે. આ દ્વીપમાં અમરપુર નામે નગરમાં ભુવન ભાનુરાજાને ચંદ્રવદના નામે રાણીની તે કમળમાલા નામે પુત્રી છે. તેણીએ સાગરચંદ્રના ગુણ સાંભળીને તેને જ વરવાની પ્રતિજ્ઞા કરી છે. પરંતુ તેણીના રૂપથી મોહ પામેલો સુરસેન વિદ્યાધર તેનું હરણ કરી અહિં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લાવ્યો. મને ખબર પડતાં મેં તે સુરસેન વિદ્યાધર સાથે યુદ્ધ કરી તેને નસાડી મુક્યો છે. તે કમળમાલા મારી ભાણેજ છે. હું તેનો મામો અમિતતેજ વિદ્યાધર છું એટલામાં અમિતતેજની માતા વિદ્યુલ્લતા ત્યાં આવી. સાગરચંદ્રને ઓળખી હર્ષ પામીને બોલી કે, જો સત્પુરૂષની સાથે અનંતફળ આપનારો યોગ થયો તો પછી કલ્પવૃક્ષની શી જરૂર ? હે અમિતતેજ ! આ અમિતચંદ્ર રાજાનો પુત્ર સાગરચંદ્ર છે. મેં નંદીશ્વરદ્વીપે જતાં એને જોયો હતો. વિદ્યુલ્લતાના વચન સાંભળી કમળમાળા બહુ હર્ષ પામી વિચારવા લાગી કે: કયાં એ કુમાર અને કયાં હું ? ખરેખર ! દૈવ અનુકૂળ હોય તો બધું આવી મળે છે. પછી અમિતતેજ કમળ-માલાને અને સાગરચંદ્રને અમરપુર લઇ ગયો. ત્યાં ભુવનભાનુ રાજાએ કુટુંબ સહિત મોટા ઉત્સવથી સાગરચંદ્ર સાથે પોતાની પુત્રી કમળમાલા પરણાવી, ત્યાં રહી સાગરચંદ્ર વિવિધ પ્રકારના સુખો ભોગવવા લાગ્યો.

એક વખત તે રાત્રીએ સ્ત્રી સહિત સુતો હતો. સવારે ઉઠયો કે પોતાને પર્વતના શિખર પર જોઈ આશ્ચર્ય પામ્યો. પણ તેણે લીધેલી ગાથા વિચારતાં

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કંઈ પણ દુઃખ લાગ્યું નહિ. ભયંકર જંગલમાં નિર્ભયપણે ફરતા તેણે એક મુનિને જોઈ તેમની પાસે જઈ વંદન કરી પુછયું કે : જીવોને સુખ શાથી પ્રાપ્ત થાય ? મુનિએ સાચી સમજણ ધર્મની આપતાં તેણે સમકિત અંગીકાર કર્યું. પછી ફરી મુનિને પુછવા જતાં તેણે મુનિને દીઠા નહિ. તેથી ગુરુનો ઉપકાર સંભારતો કુમાર ફરતો હતો ત્યાં કોઈ સેનાએ આવી તેને ઘેરી લીધો. હે સુભટો ! એ પાપી કુમારને મારી નાખો. એમ ક્રોધ પામેલો સમરવિજયકુમાર કહેવા લાગ્યો.

સુભટો સાગરચંદ્રકુમાર સાથે લડવા લાગ્યા. એટલે સાગરચંદ્ર એક સુભટના હાથમાંથી શસ્ત્ર લઈ લડવા લાગ્યો અને બધી સેનાને નસાડી મુકી. તેથી સમરવિજયકુમાર યુદ્ધ કરવા તૈયાર થયો. બન્નેનું યુદ્ધ ઘણો વખત ચાલ્યું. છેવટે સાગરચંદ્રે બળ કરી સમરવિજયકુમારને મૃગની જેમ બાંધી લીધો. તેથી તે સાગરચંદ્રના પગમાં પડી પોતાના અપરાધની માફી માગી. સાગરચંદ્રે તેને છોડી દીધો. તે વખતે કોઈ સ્ત્રી ત્યાં આવી. સાગરચંદ્રને કહેવા લાગી કે : હે કુમાર ! કુશવર્ધન નામના નગરમાં કમલચંદ્ર નામે રાજાને અમરકંતા નામે રાણીથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભુવનકાંતા નામે પુત્રી છે. તેણે તારા ગુણો સાંભળી તને વરવાની પ્રતિજ્ઞા કરી છે. હવે સેલપુર નગરના રાજા સુદર્શને પોતાના પુત્ર સમરવિજય માટે આ કન્યાની માગણી કરી પણ કમળચંદ્રે ના પાડવાથી સમરવિજય સેના સાથે કુશવર્ધન નગરના ઉદ્યાનમાં છાની રીતે રહ્યો અને ભુવનકાંતાનું હરણ કરી ગયો. તે વખતે મોહથી કન્યાની પાછળ દોડતી હું જેટલામાં અહિં આવી તેટલામાં મેં તને જોઈને ઓળખ્યો છે. માટે હે રાજકુમાર! તું કૃપા કરી આ સમરવિજય પાસેથી મારી પુત્રીને મંગાવી તું લગ્ન કર.

પછી સમરવિજયે ભુવનકાંતાને લાવી પાછી સોંપી. એટલે સાગરચંદ્ર તેને પરણીને પોતાના સાસરાને મળવા કુશવર્ધન નગર તરફ ચાલ્યો. રસ્તામાં તેણે વીણાના શબ્દ સહિત ગીતગાન સાંભળ્યું. તેથી તે મનમાં વિસ્મય પામી વિચારવા લાગ્યો કે, અહિં શું થાય છે તે જોઉં? એમ વિચારી સાગરચંદ્રકુમાર–રથ સહિત કન્યાને ત્યાં મુકી હાથમાં તરવાર લઈ બહુ દૂર ગયો. ત્યાં તેણે એક મોટા જંગલમાં સાત માળનો મહેલ જોયો. કુમાર તે મહેલના ઉપર થતા ગીતગાન સાંભળી સાતમે

માળે ગયો. ત્યાં તેણે ઉત્તમરૂપવાળી પાંચ કન્યાઓ જોઈ. તે કન્યાઓએ ઉભા થઈ સાગરચંદ્રને આસન આપી કહ્યું કે, તમે ભલે આવ્યા. કુમારે તેઓને પુછયું કે, તમે કોણ છો? અને આ મહેલમાં તમારા સિવાય બીજું કોઈ કેમ દેખાતું નથી? તેઓએ કહ્યું કે: વૈતાઢય પર્વત પર વિદ્યાધર ચક્રવર્તી સિંહનાદની અમે પાંચે પુત્રીઓ છીએ. અમારા નામ અનુક્રમે રંભા, કમળા, વિમળા, તારા અને શ્રી છે.

એક દિવસ અમારા પિતાએ કોઇ નિમિત્તિઆને અમારા વર સંબંધી પુછતાં તેણે કહ્યું કે: તમારી પાંચે પુત્રીઓનો વર ભૂચર એવા અમિતચંદ્ર રાજાનો પુત્ર સાગરચંદ્ર થશે. તમારી પુત્રીઓને તેનો મેળાપ ગાઢ વનમાં થશે. પછી અમારા પિતાએ નિમિત્તિઆને સંતોષ પમાડી આ વનમાં સાતમાળનો મહેલ બનાવી અમને બધાને અહિં રાખી છે. નિમિત્તિઆના કહેવા મુજબ તમો અમને મળી ગયા છો માટે કૃપા કરી અમારી સાથે લગ્ન કરો. કુમારે ગાથાના અર્થનું સ્મરણ કરવાપૂર્વક તેઓની સાથે લગ્ન કર્યું અને જેટલામાં ત્યાં સ્થિર થઇને રહ્યો તેટલામાં મહેલ અને કન્યાઓ અદૃશ્ય થઇ ગઈ.

કુમારે વિચાર્યું કે: મેં શું સ્વપ્ન જોયું. ચિત્ત ભ્રમ થયું કે કોઇ દેવના પ્રભાવથી થયું એમ વિચારી ગાથાનો અર્થ વિચારતો તે જ્યાં રથ અને ભુવનકાંતાને મુકીને આવ્યો હતો, ત્યાં ગયો. તો ત્યાં પણ ભુવનકાંતાને જોઇ નહિ. તેથી ખેદ પામતો ગાથાનું સ્મરણ કરતો આગળ ચાલ્યો. ત્યાં ઊંચા તોરણોથી સુશોભિત એક જિનમંદિર જોયું. તેથી હર્ષ પામી જિનમંદિરમાં જઈ રત્નમય જિનબિંબોની પૂજા કરી તે બહાર આવ્યો અને ગાથાનું સ્મરણ કરતો બેઠો, તેવામાં તેના પિતાનો મિત્ર સુધર્મ રાજા ત્યાં આવ્યો. તેની સુંદરી નામે પુત્રી પણ જિનયાત્રા કરવા આવેલી. સાગરચંદ્રને જોઈ બહુ હર્ષ પામી કારણ કે તેને નિમિત્તિઆએ કહેલું કે: તારો પતિ સાગરચંદ્ર થશે.

આ વખતે સિંહનાદચક્રી પણ પાંચ પુત્રીઓ સહિત ત્યાં આવ્યો અને સાગરચંદ્રને જોઈ કહેવા લાગ્યો કે: તું મારા પુણ્યથી ક્ષેમકુશળ અહિં આવ્યો છે. સાગરચંદ્રે કહ્યું કે: તે કન્યાઓ અને મહેલ કેમ અદૃશ્ય થઈ ગયાં. ચક્રીએ કહ્યું કે: સમુદ્રને કાંઠે અમિતતેજ નામે રાજાને કનકમાલા સ્ત્રીથી કમળ અને ઉત્પલાક્ષ નામે બે પુત્રો થયા. તે

યૌવનાવસ્થામાં આવતાં બન્ને વનમાં ફરવા ગયા, ત્યાં કમળે તારી સ્ત્રી ભુવનકાંતાને જોઈ રથમાંથી હરણ કરી વૈતાઢચ પર્વત પર લઈ ગયો. ત્યાં તે શીલપાળતી છતી રહી છે. ઉત્પલાક્ષે પણ તારી પાંચ સ્ત્રીઓનું હરણ કરી મહેલને અદશ્ય બનાવી દીધો અને તને પૃથ્વી પર મૂક્યો. આ સર્વ મેં વિદ્યાથી જાણ્યું એટલે તે દુષ્ટ ઉત્પલાક્ષને મારી હું મારી પાંચે કન્યાઓને અહિં લાવ્યો છું. આ સાંભળી કમળ પર ક્રોધ પામેલા સાગરચંદ્રે કહ્યું કે: હે તાત! મને ઝટ વૈતાઢચ પર્વત પર લઈ જાઓ કે જેથી હું તે દુષ્ટ કમળને મારી નાખું. પછી સુધર્મ રાજાએ પોતાની પુત્રી સુંદરીને સાગરચંદ્ર સાથે ત્યાં જ પરણાવી. સિંહનાદચક્રી સાગરચંદ્રને વૈતાઢચ પર્વત પર આવેલ વિમલપુર નગરમાં લઈ જઈ પોતાની પાંચે પુત્રીઓ પરણાવી અને બહુરૂપી વિદ્યા પણ શીખવાડી પછી ભુજાબળ ને વિદ્યાબળથી યુક્ત એવો તે ભુવનકાંતાને લેવા જતો હતો એવામાં અમિતતેજ વિદ્યાધરે ત્યાં આવી સાગરચંદ્ર કુમારને ભુવનકાંતા પાછી આપી અને પોતાના પુત્રના અપરાધની માફી માગી. વળી તે વિદ્યાધરે સાગરચંદ્રની પ્રથમની સ્ત્રી કમળમાલા પણ ત્યાં લાવી આપી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એ રીતે કુમારને આઠે સ્ત્રીઓ આવી મળી. પછી સિંહનાદચક્રીની આજ્ઞા લઈ સાગરચંદ્ર કુમાર આઠે સ્ત્રીઓ અને અનેક વિદ્યાધરોથી પરિવરેલો દિવ્ય વિમાનમાં બેસી વાજીંત્રો સહિત આકાશમાર્ગે થઈને પોતાના મલયપુર નગરે આવ્યો અમિતચંદ્ર રાજાને ખબર મળતાં બહુ હર્ષ પામેલા તેણે મહોત્સવપૂર્વક પુત્રનો નગરમાં પ્રવેશ કરાવ્યો. કુમાર પણ માતાપિતાને પ્રણામ કરીને પોતાની આઠે સ્રીઓ સહિત મહેલમાં રહી વિવિધ પ્રકારનાં સુખ ભોગવવા લાગ્યો.

એક દિવસ તે નગરના ઉદ્યાનમાં ભુવનાનંદ કેવળી સમોસર્યા. વધામણિ મળતાં અમિતચંદ્ર રાજા પુત્ર સહિત તેમને વંદન કરવા ગયો. કેવળીને ત્રણ પ્રદક્ષિણા સહિત વંદન કરીને ધર્મદેશના સાંભળવા બેઠા. દેશનાને અંતે રાજાએ પૂછયું કેઃ હે ભગવન્! મારા સાગરચંદ્રકુમારનું કોણે હરણ કર્યું હતું. કેવળી ભગવંતે તેનો પૂર્વભવ નીચે મુજબ કહ્યો. મહાવિદેહક્ષેત્રમાં બે ભાઈઓ ધનવંત અને ગુણવંત વણીકના પુત્રો હતા. મોટાભાઈની સ્ત્રી પોતાના પતિ ઉપર બહુ સ્નેહવાળી હતી. તેમજ તે ધર્મ-ક્રિયા કરતી હતી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એક દિવસ તે મોટો ભાઈ પરદેશ ગયો એટલે નાનો ભાઇ, મોટાભાઇની સ્ત્રીની સાથે મશ્કરીથી વાતો કરતો બોલ્યો કે : મારા ભાઇને ચોરોએ રસ્તામાં મારી નાખ્યો છે. દીયરનાં આવાં વચન સાંભળી મોટાભાઇની સ્ત્રી બહુ સ્નેહને લીધે તુરત મૃત્યુ પામી. તેથી નાનોભાઇ પસ્તાવો કરતો છતો બહુ દુઃખી થયો. કેટલેક દિવસે મોટો ભાઈ ઘરે આવ્યો. નાનાભાઇએ મોટા ભાઇની ક્ષમા માગવાપૂર્વક તેની સ્ત્રીના મૃત્યુના સમાચાર આપ્યા. મોટોભાઈ તે સાંભળી બહુ દુઃખી થયો અને નાનાભાઇ ઉપરના ક્રોધથી તાપસ થયો. ત્યાં અજ્ઞાનતપ કરી ક્રોધ સહિત મૃત્યુ પામી અસુરકુમાર દેવ થયો. નાનાભાઇએ વૈરાગ્ય પામી દીક્ષા લીધી. શુદ્ધભાવથી ચારિત્ર પાળવા લાગ્યો અસુરકુમાર દેવે તે મુનિને ક્રોધથી શીલા પર પછાડી મારી નાખ્યો. મુનિ શુભભાવથી મૃત્યુ પામી દશમા દેવલોકમાં દેવ થયો. મોટો ભાઇ અસુરકુમારમાંથી ચ્યવીને ઘણો કાળ સંસારમાં ભમીને ફરી અસુરકુમાર દેવ થયો. અને નાનો ભાઇ પ્રાણત દેવલોકથી ચ્યવીને સાગરચંદ્ર નામે તારો પુત્ર થયો છે. પૂર્વભવના વૈરથી સાગરચંદ્રને તેણે સમુદ્રમાં ફેંકી દીધો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હતો, પરંતુ પુણ્યશાળી સાગરચંદ્રના હાથમાં પાટીયું આવતાં તે બહાર નિકળી. આઠ સ્ત્રીઓ અને ઘણી સમૃદ્ધિ સહિત ઘેર આવ્યો છે. ફરી પણ તે અસુર-કુમાર તેને ઉપસર્ગ કરશે. પણ અંતે તે આ કુમારથી પ્રતિબોધ પામશે.

આ પ્રમાણે પોતાનો પૂર્વભવ સાંભળી સાગર-ચંદ્રને જાતિસ્મરણ જ્ઞાન થયું. તેથી તેણે વૈરાગ્ય પામી પોતાના પુત્રને રાજ્ય સોંપી માતાપિતા સહિત તે જ કેવળી પાસે દીક્ષા લીધી. સાગરચંદ્ર મુનિ વિચારવા લાગ્યા કે એક ગાથા ભણવાથી મને આટલુ બધું સુખ થયું છે તો હવે હું સર્વ શ્રુતને ભણવાનો અભ્યાસ કરૂં, એમ વિચારી અભ્યાસ કરવા લાગ્યા. અનુક્રમે ચૌદ પૂર્વ ભણ્યા. ગુરુએ તેમને આચાર્ય પદે સ્થાપ્યા. ભવ્ય જીવોને પ્રતિ-બોધ કરતા એવા તે સાગરચંદ્ર મુનિએ છેવટ અનશન લીધું. આ વખતે પૂર્વના વૈરી અસુરકુમારે પક્ષીનું રૂપ કરી તે મુનિનું શરીર તોડવા માંડયું. વળી સિંહ ને હાથીના રૂપ કરી મુનિને બહુ પીડા ઉપજાવી. પરંતુ તે મહાત્મા જરા પણ ક્ષોભ પામ્યા નહિ. પછી મુનિનો વેશ જોઇને ક્રોધી એવો તે દેવ પ્રતિબોધ પામ્યો. તેણે મુનિનો મોટો ઉત્સવ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરવા પૂર્વક ખમાવીને તે દેવ પોતાના સ્થાને ગયો. સાગરચંદ્ર મુનિ ઘાતીકર્મ ખપાવી કેવળજ્ઞાન પામ્યા અને અંતગડ કેવળી થઇ મોક્ષે ગયા. અમિતચંદ્રમુનિ વગેરે કેટલાક સાધુ સાધ્વીઓ સ્વર્ગમાં ગયા અને કેટલાક મુક્તિપદને પામ્યા.

હે ભવ્ય જીવો! જેવી રીતે સાગરચંદ્ર કુમારે જ્ઞાનથી દુઃખરૂપી સમુદ્રનો પાર પામ્યા, તેમ તમે પણ સર્વ સંપત્તિનું કારણ જ્ઞાન જાણી તેમાં આદર કરીને સર્વ સંપત્તિ પામો.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

## જિનધર્મની આરાધના ઉપર
## ધિષ્ટકની કથા

આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં અવંતી નામે દેશ છે તેમાં ધારાપુરી નગરીને વિષે સુર નામે ધનવંતરાજ પુત્ર રહેતો હતો. તેને અતિ ઉગ્ર અને કડવું બોલનારી ચતુરા નામે સ્ત્રી હતી. તે હમેશાં પોતાના પતિને કડવા વચનથી દુઃખ દેતી હતી. સુર મનમાં વિચારવા લાગ્યો કેઃ આ દુષ્ટ સ્ત્રી સાથે મારે શું પ્રયોજન છે? પુરૂષ દુષ્ટ સ્ત્રીને અને વિઘ્ન કરનારી વિદ્યાને ત્યજી દે છે.

એમ વિચારી બીજી સ્ત્રીની શોધ કરવા લાગ્યો. નિરંતર શોધ કરતાં અવંતીમાં રહેનારી કોઈ ડોસીની પુત્રીને જોઇ. એટલે ડોસીને કહ્યું કેઃ તમારી પુત્રી પરણાવો? ડોસીએ કહ્યું કેઃ મારે આ એક જ પુત્રી મને ચાકરી કરનારી છે. જો તું મને તારે ઘેર તેડી જાય તો હું મારી પુત્રી પરણાવું. સૂરે તે વાત કબુલ કરી એટલે ડોસીએ પોતાની સુંદરી નામે પુત્રી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પરણાવી. સૂર ડોસી સહિત સુંદરીને પોતાના ઘેર લાવ્યો. પછી ચતુરા શોક્યની સાથે નિરંતર કલેશ કરવા લાગી. એટલે સૂરે તેને બીજા ઘરમાં રાખી તો પણ ચતુરા તેના ઘરે જઈ ખરાબ ગાળો દઇ કુકડીની જેમ મત્સરથી કલેશ કરે. બન્ને શોક્યો પરસ્પર દાંતથી, પાટુથી, તમાચાથી, ભ્રકુટી વડે લડતી હતી. તેનો પતિ એકનું સારૂં બોલે ને બીજી ને ગાળો દેતો બન્ને જણીઓને બહુ વારે તો પણ તેઓ શાંત થાય નહિ. પરંતુ અધિકાધિક કલેશ કર્યા કરે. પતિએ એક સ્રીને બીજી શેરીમાં રાખી તો પણ લડતી બંધ થઈ નહિ છેવટે સુંદરીને તેની મા સહિત વીશ ગાઉ છેટે મુકી આવ્યો. અને પોતે ચતુરાને ઘેર રહેવા લાગ્યો.

એક દિવસ સૂરે ચતુરાને કહ્યું કે હું સુંદરીને ઘેર જાઉં છું. ત્યારે ચતુરાએ કહ્યું કે: સ્વામી! હા તે સુંદરી તમારી માનીતી છે. માટે ત્યાં જઇ દાન-માન અને ભોગવડે કરીને તેને સંતોષ પમાડો. એમ કહી ચતુરા મનમાં વિચારવા લાગી કે: જો તે ત્યાં જશે તો નિશ્ચે ત્યાં જ રહેશે. પછી તે મારા હાથથી ગયો જ સમજવો. એમ વિચારી ચતુરાએ કંઇક ચૂર્ણ મેળવી લાડવા બનાવી પોતાના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પતિને ભાતુ આપી વિદાય કર્યો. સૂર પણ હર્ષથી સુંદરીના ઘર તરફ ચાલ્યો. રસ્તે એક નદી આવી ત્યાં તેણે મોઢું ધોઈ ભાતું ખાધું પછી તેને ઝાડા થવા લાગ્યો. એટલે દોડતો ચતુરાને ઘેર આવ્યો. ચતુરાએ તેને મજબુત બાંધ્યો અને મારતી મારતી કહેવા લાગી કે હવે સુંદરીને ઘેર જઇશ? અધમુવો કરીને પછી તેને છોડી દીધો. શરીરે પાટા પીંડી કરી કેટલેક દિવસે તે સારો થયો. મહીના પછી ફરી તેણે ચતુરાને કહ્યું કેઃ હું સુંદરીને ઘેર જાઉં છું માટે ભાતું કરી આપ. ચતુરાએ કહ્યું કેઃ બહુ સારૂં હમણાં જ કરી આપું છું. એમ કહી તેણે ખરાબ મંત્રેલો કરંબો કરી આપ્યો. તે લઈ સૂર ચાલતો થયો. ફરી તે જ નદીએ આવી ભાતુ ખાવા બેઠો તેટલામાં કોઈ ઝટાધારી સંન્યાસી આવ્યો. તેણે કહ્યું કે, હું બે દિવસનો ભુખ્યો છું તો મને ખાવાનું આપો. સૂરે સંન્યાસી જાણી બધો કરંબો આપી દીધો સંન્યાસી કરંબો ખાઈ ગયો કે તરત ગધેડો બની ગયો.

પછી તે ભુંકતો ભુંકતો ચતુરાને ઘેર આવ્યો. સૂર પણ તેની પાછળ ઘેર આવ્યો અને મારી સ્ત્રી શું કરે છે એ જોવા કોઠીમાં સંતાઈ રહ્યો ચતુરાએ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગધેડાને દોરી વડે મજબુત બાંધ્યો અને હવે સુંદરીને ઘેર જઇશ ? એમ કહી ચાબુકવતી વારંવાર મારવા લાગી. ગધેડો બુમો પાડવા લાગ્યો તેમ ચતુરા તેને કહેવા લાગી કે, હવે સુંદરીના ઘરે જઇશ ? એમ કહેતી વધુ મારવા લાગી છેવટે ગધેડો મૃત્યુ પામવા જેવો થયો એટલે તેને છોડી દીધો. તેટલામાં તે જટાવાળો અંગે ભસ્મ લગાવેલો બે હાથમાં ડાક ને ડમરૂવાળો સન્યાસી થઇ ગયો. ચતુરા સંન્યાસીને જોઈ બહુ ખેદ પામી તેના પગમાં પડી-સંન્યાસીએ કહ્યું કે: હે મુગ્ધી ! જે સાથવો ખાય તે માર ખાય એ કહેવત સાચી પડી. પછી ચતુરાએ સંન્યાસીને બહુ ધન આપી વિદાય કર્યો. હવે ચતુરા મનમાં વિચાર કરવા લાગી કે, મારા પતિએ મારૂં ચરિત્ર જાણ્યું લાગે છે. તો હવે તેને મારી નાખું એમ વિચારી તેણીએ સ્નાન કરી સફેદ વસ્ત્ર પહેર્યા. ગાયના છાણથી ભૂમિ લીંપીને ઉપર મંડળ કરી તેમાં નૈવેદ્ય મુકયું. ઘી, ગુગળ અને કરેણના ફુલ વડે અગ્નિમાં એક ચિત્તથી હોમ કરવા લાગી. તે વખતે એક રાક્ષસ સર્પરૂપે પ્રગટ થઈ તેને કહેવા લાગ્યો કે, હે ભોળી ! તેં મને શા માટે સંભાર્યો છે. હું તારા પર પ્રસન્ન થયો છું માટે વરદાન માગ !



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ચતુરાએ કહ્યું કે, મારો પતિ પરસ્ત્રી લંપટ છે. માટે તેનું ભક્ષણ કર કે મારી નાખ. સર્પે કહ્યું કે, તમારો પતિ છ માસને અંતે મૃત્યુ પામશે. પછી ચતુરાએ તેને રજા આપી એટલે તે ચાલ્યો ગયો. આ સઘળી વાત કોઠીમાં સંતાઈ રહેલા સૂરે સાંભળી અને નજરે જોઇ વિચારવા લાગ્યો કે, સ્ત્રીઓનું ચરિત્ર બહુ ગહન હોય છે. આ સ્ત્રીએ મને ગધેડો બનાવવા કરંબો આપ્યો હતો સારૂં થયું કે મેં ખાધો નહિ. બ્રહ્મા વિષ્ણુ મહેશ્વર બધા સ્ત્રીમાં લપટાઇ ગયા છે. એમ વિચારી તે હિંડોળગામમાં સુંદરીને ઘેર ગયો અને ત્યાં સુખે રહેવા લાગ્યો પણ તેને ચતુરાની શંકા અને મરણની બીકથી કાંઇ ચેન પડતું ન હતું.

એક દિવસ તેની વૃદ્ધ સાસુએ એકાંતમાં પૂછયું કે, તમારે શી ચિંતા છે? સૂરે કહ્યું કે, અસમર્થની આગળ દુઃખની વાત કેમ કહેવાય? સાસુ બોલી કે, મારામાં સામર્થ્ય છે પણ રોગ જાણ્યા વિના દવા કેમ અપાય? ત્યારે સૂરે કહ્યું કે છ માસ પછી સાપથી મારૂં મૃત્યુ છે. એમ કહી સઘળી વાત જણાવી. સાસુ બોલી કે, તમે ભય કે શંકા રાખ્યા વગર મારી પુત્રી સાથે નિરંતર ભોગ ભોગવો, હું

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેનો ઉપાય જરૂર કરીશ. સાસુના વચનથી તે શાંત થયો છતાં શંકાશીલ તો રહ્યો. હવે માદીકરીએ ઘરના બારણાની ભીંત પર જુદા જુદા બે મોર ચિતર્યા જો કે તે ચિતરેલા હતા છતાં પ્રત્યક્ષ ઉડતા જેવા દેખાતા હતા. તેઓની પૂજા મા–દીકરી રોજ કરતાં. એમ કરતાં છ માસ પુરા થવા આવ્યા.

એક દિવસે સૂરે સુંદરીને કહ્યું કે, હે પ્રિયા! આજે મારૂં મરણ થશે. સુંદરી બોલી કે: હવે અમારી શક્તિનું સામર્થ્ય જુઓ. સૂરે ધ્યાનથી જોયા કર્યું. સુંદરીએ ગાયના છાણથી સર્વ ઘર લીંપી વિશેષ શોભાયુક્ત કરી ઘરના મધ્યભાગમાં એક આસન નાખ્યું. તેના પર સૂરને બેસાડ્યો. પછી માતા ને પુત્રી પવિત્ર થઇ પવિત્ર વસ્ત્ર પહેરી હાથમાં ચોખા લઇ–આમતેમ જોતી ઉભી રહી. એવામાં એક કાળો સર્પ ઘરમાં આવતો તેમણે જોયો. બન્ને જણીઓએ મંત્રેલા ચોખા પેલા બે મોર ઉપર છાંટયા એટલે તે બન્ને મોરો ભીંતથી ઉતરી સર્પના બે કકડા કરી મુખમાં લઇ કેકારવ કરતા આકાશમાં ઉડી ગયા. આ જોઇ સૂર મનમાં વિસ્મય પામી વિચાર કરવા લાગ્યો કે, અહો! મા–દિકરીમાં મંત્રની અપૂર્વ શક્તિ દેખાય છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પછી તેણે ન્હાઇ મોટો ઉત્સવ કરવાપૂર્વક દુઃખી માણસોને દાન આપ્યું અને પોતાનો નવો જન્મ માની મનુષ્યલોક સંબંધી સુખો ભોગવવા લાગ્યો.

એક દિવસ હિંડોલ ગામમાંથી કોઇ આવેલ માણસને ચતુરાએ પુછયું કે, હે ભાઈ! ત્યાં સૂર શું કરે છે? તે બોલ્યો કે, તે તો બહુ દાન કરે છે અને સુખમાં રહે છે. પછી ચતુરા ધોળી બીલાડીનું રૂપ લઈ સુંદરીને ઘરે ગઇ. ત્યારે મા-દિકરી પણ કાળી બીલાડીઓનું રૂપ લઈ તે ધોળી બિલાડી સાથે યુદ્ધ કરવા લાગી. યુદ્ધ કરતાં પરસ્પર એક બીજાને દાંત અને નખના પ્રહાર કરે છે. પછી ધોળી બીલાડી મંત્રના બળથી કાળી બીલાડીઓને બહુ મારી અધમુવી કરી આકાશમાં જઈ નાચવા લાગી. આ સર્વ ચરિત્ર જાણી ભય પામેલા સૂરે તેઓને પૂછયું કે, તમે શા માટે લડો છો? તમારે ને ધોળી બીલાડીને શું વૈર છે? તે તમને કેમ મારે છે? સુંદરી બોલી કે હે સ્વામી! આ ચતુરાસિદ્ધની નાની બ્હેન છે. તે ઘણા મંત્રો જાણે છે. અમારામાં તેના જેવી મંત્ર શક્તિ નથી; તે શોક્યના વૈરથી અહિં આવી લડે છે.

આ સાંભળી સૂરે વિચાર કર્યો કે, ધિક્કાર થાઓ.

મને કે આ શાકિણીઓના વશમાં પડયો. હવે કયાં જાઉં અને શું કરૂં ? મહીના પછી ફરી ચતુરા ધોળી બીલાડીનું રૂપ લઇને આવી. ત્યારે સૂરને સુંદરીએ કહ્યું કે, તમારે અમને કહેવું કેઃ હે કાળી બીલાડી ! તું આ ધોળી બીલાડીને માર. આમ કહેશે તે અમને શક્તિ ઉત્પન્ન થશે. એમ કહી તે ધોળી બીલાડી સાથે યુદ્ધ કરવા લાગી. સૂરે કાળી બીલાડીને કહ્યું કે, હે કાળી બીલાડી ! આ ધોળી બીલાડીને પકડ અને ખાઈ જા. આમ કહેતાની સાથે ધોળી બીલાડી પૃથ્વી પર પડી એટલે કાળી બીલાડીઓએ તેને ગળામાંથી પકડી. ધોળી બીલાડીને મરણ પામતી જોઈ સૂર વિચાર કરવા લાગ્યો કે, મારા વચનથી બીચારી ચતુરા મરી જશે. તેના કરતાં આ બે મરી જાય તે સારૂં. એમ વિચારી તેણે કહ્યું કે, હે ધોળી બીલાડી ! તું આ બન્ને કાળી બીલાડીઓને મારી નાખ. તેના આવા વચનથી ધોળી બીલાડીએ બન્ને કાળી બીલાડીઓને મારી નાખી, પછી સૂર બહુ હર્ષ પામ્યો. અને તે બે મરી ગએલી સ્ત્રીઓની ઉત્તર ક્રિયા કરી ચતુરાના ઘેર જવા નિકળ્યો.

રસ્તામાં જ્યાં પોતાનો મોટો ભાઈ રહેતો હતો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તે ગામમાં આવ્યો. આ વખતે તેનો ભાઈ બહારગામ ગયો હોવાથી તે ભાભીને પ્રણામ કરીને ત્યાં રહ્યો. તેની ભાભી દિયરની બહુ ભક્તિથી સેવા કરતી હતી. એક દિવસ તેની ભાભી સૂરના માથામાં તેલ નાખી કાંસકી વતી તેના વાળ ઓળતી હતી. તેવામાં તેના ખેતરથી એક ખેડુત આવી બોલ્યો કે, આપણો એક બળદ મરી ગયો છે. હવે એક બળદથી શું કામ થાય? ખેડુતના આવા વચન સાંભળી મોટા ભાઇની સ્ત્રીએ સૂરના માથામાં કંઈ ચૂર્ણ નાખી તેને બળદ બનાવી દીધો. ખેડુત તેને દોરી વતી બાંધી ખેતરમાં લઈ જઈ હળે જોડ્યો. તેથી તે બહુ દુઃખી અને દીન બની ગયો.

એક દિવસ તે બળદે નાથ તોડી નાખી તેથી તે પુરૂષ બની ગયો. પછી તે સૂર નાસી જવા લાગ્યો. ખેડુત તેની પાછળ દોડ્યો પણ સૂર વેગથી નાસી ગયો. રસ્તામાં તેનો મોટો ભાઈ સામે મળ્યો. તેણે સૂરને જોઈને પૂછ્યું કેઃ તું ક્યાં જાય છે? તારૂં શરીર આવું જર્જરીતે કેમ થઈ ગયું છે. ચાલ મારે ઘેર તું સુખેથી રહેજે. સૂરે કહ્યું કે, તારી સ્ત્રી પ્રત્યક્ષ શાકિની છે. તેણે મને બળદ બનાવી આજ સુધી હળે જોડયો હતો, માટે હું તારા ઘેર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નહિ આવું. ઘર ઘરને વિષે શાકીનીઓ હોવાથી હમણાં તો આ વન જ મારા માટે સારૂં છે. એમ કહી તે આગળ ચાલ્યો. અનુક્રમે એક મોટા જંગલમાં આવ્યો. ત્યાં તેણે છ પુરૂષોને ઘાસના ભારા લઇ જતા જોઇ પૂછયું કે, આ ઘાસના ભારા ક્યાં લઈ જાવો છો? અને તમારા શરીર પર આટલા બધાં ઘરેણાં છતાં ઘાસના ભારા કેમ ઉપાડો છો? તેઓ બોલ્યા કે: આ વનમાં વૃદ્ધાવસ્થાથી ગળી ગએલી એક ડોસી રહે છે તે અમારી પાસે રોજ ઘાસના ભારા મંગાવે છે. સૂર બોલ્યો કે: ઘાસના ભારાને તે શું કરે છે? તેઓએ કહ્યું કે, અરે ભાઈ! તે ડોસી અમને અન્ન-વસ્ત્ર અને ઘરેણાં આપે છે. અને પોતે એક જુના ખાટલામાં સુઈ રહે છે. ઘાસના ભારા ક્યાં જાય છે. તે તો અમે પણ જાણતા નથી.

સૂરે વિચાર કર્યો કે, ચાલ હું પોતે ત્યાં જઈને તેનું સ્વરૂપ જોઉં. એમ વિચારી તે લોકોની સાથે ગયો. તેઓએ પૂછયું કે તારૂં નામ શું? સૂરે પોતાનું ધિષ્ટક નામ આપ્યું. તેઓએ કહ્યું કે, તું ખરેખર આજે અમારો સાતમો ભાઈ મળ્યો. એમ વાતો કરતા ને ડોશી પાસે આવ્યા. ત્યાં તેઓએ ઘાસના

P. P. Ac. Gunratansuriji M.S.

Jin Gun Aaradhak Trust

ભારા અને પાણીનું કુંડુ ભરી ધિષ્ટક સહિત-વૃદ્ધ-ડોશી પાસે બેઠા. ડોસી બોલી કે, આ સાતમો કોણ છે? તેઓએ કહ્યું કે, હે માતા! તે અમને વનમાં મળ્યો અને આપના દર્શન કરવા આવ્યો છે. ડોશી ધિષ્ટકના વાસામાં હાથ દઈને બોલી, હે પુત્ર! તું ભલે આવ્યો. તું મારા ઘેર ભોજન કર અને નિઃશંકપણે સુખેથી રહે. ધિષ્ટક બોલ્યો કે: હું જન્મથી દુઃખી છું હવે જરૂર આપની પાસે રહીશ. પછી ડોશીએ તેને નવરાવી સારા વસ્ત્રો પહેરાવી ઉત્તમ રસોઈ કરી જમાડયો.

ધિષ્ટક વિચાર કરવા લાગ્યો કે, આ ઘાસના ભારા ક્યાં જાય છે અને બીજી વસ્તુઓ ક્યાંથી આવે છે તે જોઉં. આમ વિચાર કરતા તેણે મધ્યરાત્રી થતાં ડોશીને પ્રગટ બોલતાં સાંભળી કે, "કોઈ જાગે છે કે નહિ." કોઈએ ઉત્તર ન આપ્યો. એટલે તે ડોશી ખાટલામાંથી નીચે પડી એક કુમંત્ર ભણી ઘોડી બની ગઇ. પછી ઘાસના ભારાઓ ખાઈ અને પાણી પીને ઘરેણાથી સુશોભિત અત્યંત રૂપવાળી સ્ત્રી બની ગઇ. પછી તે ત્યાંથી નીકળી ધિષ્ટક તેની પાછળ ચાલ્યો. બહુ દૂર ગયા પછી તે સ્ત્રી એક ગુફામાં પેઠી. ત્યાં તે ગુફામાં રહેનારી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જોગણીઓ તેના પગમાં પડી કહેવા લાગી કે, માત! આપ ભલે પધાર્યાં. પછી એક આસન ઉપર બેસાડીને સેવા કરતી સર્વ જોગણીઓ બોલી હે માત! આજે તમે તમારા પુત્રોનું બલિદાન કેમ ન લાવ્યા? વૃદ્ધા બોલી હે પુત્રીઓ! શાંત થાઓ, હું તમારા માટે બહુ પુરૂષોને મારી ઘણું બળી લાવીશ. આજે એક સાતમો માણસ આવ્યો છે તે ઘણો દુબળો છે. માટે ચૌદસ સુધી રહો તેટલામાં તે પુષ્ટ થઈ જશે.

આ પ્રમાણે કહી તેણે માંસ વગેરેનું ભક્ષણ કરાવ્યું. પછી જોગણીઓએ રજા આપી એટલે તે પોતાને ઠેકાણે આવી. વૃદ્ધ ડોશીનું રૂપ લઇ ખાટલામાં સુઈ ગઈ. હવે ધિષ્ટક વિચાર કરવા લાગ્યો કે આ દુષ્ટ શાકિની લોકોને વિશ્વાસ પમાડી તેમનું ભક્ષણ કરી જાય છે ફરી પણ હું શાકીનીના સંકટમાં પડયો. હાયહાય હું જ્યાં જાઉં છું ત્યાં શાકિનીનો જોગ થાય છે એમ વિચારતાં સવાર થઈ એટલે તે સાતે પુરૂષો ઘાસના ભારા લેવા વનમાં ગયા. ધિષ્ટકે છ પુરૂષોની આગળ રાતનું ચરિત્ર કહ્યું. છ જણાઓએ કહ્યું કેઃ અમે તેનું આવું ચરિત્ર કદી જોયું નથી. ત્યારે ધિષ્ટક બોલ્યો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કે, સુખમાં લોભી થયેલા તમે અહિં પડયા રહો— હું તો એ દુષ્ટાની પાસેથી ચાલ્યો જઇશ. ત્યારે છએ જણાએ કહ્યું કે, એક રાત અમને તેનું ચરિત્ર દેખાડ. પછી તેઓ ઘાસના ભારા લઈ ઘરે આવ્યા. દિવસ સંબંધી કામ કરી રાત્રે તે દુષ્ટાનું ચરિત્ર જોવા કપટ નિદ્રાથી સુતા. ધિષ્ટકના કહેવા મુજબ ચરિત્ર જોઈ પરસ્પર વિચારવા લાગ્યા કે હવે શું કરવું ? ત્યારે ધ્રિષ્ટકે કહ્યું કે, એ દુષ્ટ રંડાને મારી નાખીએ પછી બે જણાએ પગ પકડયા બે જણાએ હાથ પકડયા બે જણાએ માથું પકડયું અને એક જણે લાકડી એવી મારી કે તે મૃત્યુ પામી.

પછી નિર્ભય ચિત્તવાળા તે સાતે જણા ત્યાંથી ચાલી નિકળ્યા અને એક મોટા જંગલમાં આવ્યા. ત્યાં તેમણે એક નગર જોયું. તે નગરના રાજભવનમાં ગયા. ત્યાંથી આગળ જતાં હજારો શિખરોથી સુશોભિત મંદિર જોયું. તે મંદિરના બારણા આગળ કપાયેલા નાકવાળી અને જાડી એવી એક ઘરડી ડોશી બેઠી હતી. તે ડોશી સાત પુરૂષોને જોઈ તેમને કહેવા લાગી કે, હે પુરૂષો ! તમને ઉત્તમ સ્ત્રીઓનો સમાગમ થાઓ તમે ભલે આવ્યા. આ ઉત્તમ સ્વરૂપવાળી સાત કન્યાઓ સાથે તમે વિષયસુખ

ભોગવો. પછી શૂરવીર એવા ધિષ્ટકે તે નાક વિનાની ડોસીને પૂછયું કે હે માત! દેવકન્યા જેવી આ સાત કન્યાઓ ક્યાંથી આવી? ડોસીએ કહ્યું, એ વિદ્યાધર પુત્રીઓ છે.

એક દિવસ તે વિદ્યાધરે નિમિત્તિઆને તે પુત્રીઓના વર સંબંધી પૂછતાં તે બોલ્યો કે: તારી સાત પુત્રીઓ આ નાક કપાએલી ડોશીને સોંપ એ ડોસી પાસે કન્યાઓને વરનારા વરો પોતાની મેળે આવશે પછી વિદ્યાધરે તે કન્યાઓ મને સોંપી. તે કન્યાઓ તમારા માટે રાખી છે. માટે તેને પરણી વિષયસુખ ભોગવો. કાંઇ બીજું કારણ નથી.

આ એકઠા કરેલા સુગંધી દ્રવ્યોથી ભરપુર એવા આ ઘરો, પલંગો અને હંસતૂલિકાઓ તેમજ ચિત્રશાળાઓ તૈયાર થાય છે તેમાં સુવો. આ મનોવેગી સાત ઘોડા છે તેના પર ચઢી પૂર્વ દિશા વિના બાકીની ત્રણ દિશામાં ઇચ્છા મુજબ ફરો. વિષયમાં લોભી એવા તે સાતે પુરૂષો હર્ષથી ત્યાં રહ્યા અને દોગુંદકદેવની જેમ ચિત્રશાળામાં ક્રિડા કરવા લાગ્યા.

એક દિવસ તે સાતે જણા વિચારવા લાગ્યા કે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ડોસીએ પૂર્વ દિશામાં જવાની ના પાડી તેમાં શું કારણ છે તે જોઇએ. એમ વિચારી સાતે જણ સવારે ઘોડા પર બેસી પૂર્વ દિશા તરફ ગયા તે ત્યાં તેમણે એક યોજનભૂમિ માણસોના માથાથી ઢંકાઈ ગએલી જોઈ–તેઓ પરસ્પર વિચાર કરવા લાગ્યા કે આવું તો આપણે ક્યાંઈ જોયું કે સાંભળ્યું નથી. આ વાત કોની આગળ કરીએ, એવામાં માણસના માથાની એક ખોપરી ઘોડાની ખરી સાથે અથડાતાં તે ખોપરી બોલી કે, અરે પુરૂષો! આ ઘોડાઓ ને એજ સ્ત્રીઓ અમે પણ પૂર્વે ભોગવેલી છે.

આ સાંભળી ધિષ્ટકે કહ્યું કે: હે ખોપરી! આ ઘોડાઓ કોણ છે અને સ્ત્રીઓ કોણ છે. અને આ ભૂમિ માણસોના માથાથી કેમ ઢંકાઈ ગઈ છે? ત્યારે ખોપરી બોલી કે આ નાક કપાએલી ડોશી સિદ્ધ શાકિની છે. તેણે એક યોજન જેટલી ભૂમિ માણસના માથાથી ઢાંકી દીધી છે. અરે પુરૂષો! એ શાકિની તમને દેખાતી નથી તેટલામાં નાસી જાઓ.

આ સાંભળી સાતે પુરૂષો નાસવા લાગ્યા હવે બપોર થતાં સાતે પુરૂષો ઘેર ન આવ્યા ત્યારે તેની સ્ત્રીઓ ડોસીને કહેવા લાગી કે હે માત! તે પુરૂષો

હજી આવ્યા નથી એટલે ડોસી હાથમાં ચંગયંત્ર લઇ ઘરના ઉપલા માળે ચઢી. તેણે ઘોડા ઉપર બેઠેલા પુરૂષોને નાસી જતાં જોયા. ડોસીએ ચંગને કહ્યું કે, હે ચંગી ! તું એ ઘોડાને પાછા વાળ. એમ કહી ચંગને વારંવાર પછાડયો. તેથી ચંગે મોટો શબ્દ કરી ઘોડાને પાછા વાળ્યા. તે વખતે ઘોડા પર બેઠેલા પુરૂષો નીચે પડતું મુકવા લાગ્યા. પણ તેણે બાંધી લીધેલા હોવાથી પડયા નહિ. તેથી તેઓ પરસ્પર કહેવા લાગ્યા કે હાયહાય ! આપણું શું થશે ? આવી રીતે બોલતા તેઓ ભય પામતા છતા ઘરે આવ્યા. ત્યારે ડોશી ક્રોધ કરી બોલી કે હે પાપીઓ ! મને મુકીને ક્યાં નાસી જાઓ છો ? અરે વિશ્વાસઘાતીઓ તમે ક્યાં જવાના છો ?

પછી યમરાજની જીભ સરખી ચંચળ તરવાર હાથમાં લઈ તે દુષ્ટાએ હાથવતી ધિષ્ટકને પકડી પૃથ્વી પર પાડી દઈ તેની છાતી પર ચડીને બોલી કે: અરે તું ઘોડા પર બેસીને ક્યાં જતો હતો. હમણાં હું તને મારી નાખું છું માટે તારા ઈષ્ટ-દેવનું સ્મરણ કર. તે દુષ્ટાના વચનથી પણ ભય નહિ પામતા ધિષ્ટક બોલ્યો કે, હે નકટી નાક વિનાની

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મારા મનમાં એક કૌતુક છે. તેથી હું તને પુછું છું કે ક્યા વીર અને ધીર પુરૂષે તારૂં નાક કાપી નાખ્યું છે? પછી તે નાક કપાયેલી ડોશી પ્રસન્ન થઈ હર્ષથી બોલી હે પુત્ર! સાંભળ—

આ ભરતક્ષેત્રમાં મનોરમા નગર છે તેમાં મનોરથ રાજાને મણિમાળા રાણીથી સાત પુત્રો થયા પછી આઠમો ગર્ભ રહ્યો. તેમાંથી હું પુત્રી તરીકે ઉત્પન્ન થઇ. પાંચ ધાવમાતાથી લાલનપાલન કરાતી અનુક્રમે સર્વ કળાઓનો અભ્યાસ કરી યૌવનાવસ્થા પામી. મને મંત્ર શીખવાનો બહુ ઉલ્લાસ હતો તેથી મેં વશીકરણ, મોહન, સ્તંભન, ઉચ્ચાટન, રાક્ષસીવિદ્યા, શાકિનીવિદ્યા, ડાકિની-વિદ્યા, મારણવિદ્યા, બલિવિદ્યા, સૂર્ય ચંદ્ર તેમજ ગ્રહોની આકર્ષણ વિદ્યા, પાતાળમાં પેસવાની અને સ્વર્ગમાં જવાની વિદ્યા, મહામંત્રો અને અમૃત-સંજીવની વિદ્યા વગેરે બહુ વિદ્યાનો અભ્યાસ કર્યો. હે પુત્ર!

એક દિવસ મેં ઇન્દ્રનો મંત્ર સાધ્યો તે મંત્ર સફળ થતાં તેના પ્રભાવથી હું ઇન્દ્ર ભવનમાં ગઈ. ઈન્દ્રની આગળ હુહુ, તુંબરૂ અને રંભા વગેરે નાટક

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરનારીઓએ નાટક આરંભ્યુ હતું. હું પણ નાટકની વિધિ શીખેલી હતી તેથી મેં પણ તે વખતે નાટક કર્યું મારા નાટકથી રંભા નાટક કરતી છતી ગ્લાની પામી ગઈ. તેની જગાએ હું રહી. મેં નાચ કરતાં ઇન્દ્રને પ્રસન્ન કર્યો. તેણે મને વરદાન માગવા કહેતાં મેં કહ્યું કે, તમે મારા પતિ થાઓ, ઈંદ્રે તે કબુલ કર્યું. પછી ઇન્દ્રની સાથે મારો સંગ થયો તેથી હું દરરોજ દેવલોકમાં જવા લાગી.

એક દિવસ માળીએ મને કહ્યું કે, તું મને દેવલોકમાં તેડી જા જેથી હું તારૂં નાટક ત્યાં જોઉં. તેના બહુ આગ્રહથી મેં તેને ભમરો બનાવી મારા ચોટલામાં રાખ્યો. અને હું સ્વર્ગમાં ગઇ. મેં નૃત્ય શરૂ કર્યું. બહુ વખત નાચતાં માથે ભાર લાગવાથી મેં મારો પોતાનો હાથ માથે મુકયો તેથી તાલમાં ભંગ પડયો. તે વખતે ઇન્દ્રે મને કહ્યું કે, હે પાપીણી તાલમાં ભંગ કેમ પાડયો. એમ કહી મારૂં નાક કાપી નાખ્યું. અને કહ્યું કે મનુષ્યલોકમાં જઈ પ્રમાદનું ફળ ભોગવ. મેં ઇન્દ્રના પગમાં પડી હું બોલી કે હે પ્રભુ! આ પાપનો અનુગ્રહ કયારે થશે? ઇન્દ્રે કહ્યું કે, માણસોનું માંસ ભક્ષણ કરતી એવી તને જ્યારે કોઇ પુરૂષ એમ પુછશે કે, ક્યા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પુરૂષે તારૂં નાક કાપ્યું ? ત્યારે તું શાપથી મુકાઇશ. પછી સ્ત્રી અને ઘોડાઓએ કરીને મેં આ નગરીના સર્વ માણસોને છેતરી ભક્ષણ કર્યા. એક યોજન જેટલી પૃથ્વી માણસના માથા વડે જ ઢાંકી દીધી. ત્યાં સુધી હે પુત્ર! મને કોઇએ નાક કાપવાનું પુછયું નહિ. હવે તું આ રૂપવાળી કન્યાઓ આ ઘોડાઓ અને આ મહેલ લઇને રાજ્ય કર એમ કહી તે સંજીવની વિદ્યાથી નગરના સર્વે લોકોને જીવતા કરી નગરને માણસોથી ભરપુર બનાવી ધિષ્ટકને રાજ્ય આપી સ્વર્ગમાં પોતાના સ્થાને ગઈ. ધિષ્ટક પણ ઉત્તમ પ્રકારે રાજ્ય કરવા લાગ્યો પેલા છ મિત્રોને મંડલીક પદે સ્થાપ્યા. પછી છ મિત્રો સહિત ધિષ્ટક સુખે રાજ્ય કરવા લાગ્યો.

એક દિવસ તે નગરના ઉદ્યાનમાં અનેક સાધુઓના પરિવાર સહિત આચાર્ય ભગવાન સમોવસર્યા. વનપાલકે વધામણી આપતાં ધિષ્ટકરાજા ગુરૂને વંદન કરવા ગયો. વંદના કરી ધર્મોપદેશ સાંભળવા બેઠો. દેશનાને અંતે રાજાએ ગુરુને પુછયું કે, હે ભગવાન્ મેં પૂર્વભવે એવું શું કર્મ કર્યું હશે કે જેથી શાકિનીના સંકટમાં પડયો ? ગુરુ બોલ્યા કે, કૌતુક હોય તો સાંભળ—

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પૈઠણપુરમાં હરિતાક્ષ નામે બ્રાહ્મણ રહેતો હતો તે શાકિનીઓને આકર્ષણ કરવાના મંડળો કરતો હતો. તે વખતે છ પુરૂષો ગાયન કરતા હતા. આ પ્રમાણે કરી તેઓ શાકિનીઓને સ્વાધીન કરતા હતા. પછી કોઇ મુનિરાજે તે સાતેને ધર્મોપદેશ આપી જિનધર્મમાં જોડયા. તેઓ અનુક્રમે સંલેખના કરી મૃત્યુ પામી હરિતાક્ષનો જીવ તું ધ્રિષ્ટક રાજા થયો અને આ છ પુરૂષો માંડલીક રાજા થયા. પુર્વભવે કરેલ શાકિનીઓની કદર્થનાથી આ ભવે તમો શાકિનીઓના સંકટમાં પડયા. આ સાંભળી તેઓને જાતિસ્મરણ જ્ઞાન થયું. તેથી દીક્ષા લઇ સ્વર્ગે ગયા.



P. P. Ac. Gunratansuriji M.S.        Jin Gun Aaradhak Trust

# અનુસુંદર ચક્રવર્તીની કથા

( જૈન કથાઓ ભાગ–૨૧ નું આગળ ચાલુ )

લાગે છે; રાજકુળમાં તપાસ કરતાં મિથ્યાભિમાન નામે કારભારી અહંકાર વગેરે કેટલાક પુરૂષોથી વિંટાઇને રહેલો જોયો. તેને પુછતાં તે બોલ્યો કે, આ નગરનો રાગકેશરી નામે રાજા છે. તેનો મહામોહ નામનો પિતા જયવંત વર્તે છે. તેને વિષયાભિલાષ આદિ અનેક મંત્રીઓ છે. તેઓ સર્વ લશ્કર સહિત દંડયાત્રા માટે આ નગરથી ગયા ને અનંતો કાળ થઇ ગયો છે. તેથી આ નગર ઉજ્જડ જેવું લાગે છે. વિમર્ષે કહ્યું કે: તેઓ કોની સાથે સંગ્રામ કરે છે? ત્યારે મિથ્યાભિમાન બોલ્યો કે, આ સંગ્રામ લુચ્ચા એવા સંતોષ સાથેનો છે. અહંકારથી ઉદ્ધત થએલા વિષયાભિલાષે જગતને જીતવા પોતાના પાંચ માણસોને મોકલ્યા હતા. તેઓએ પ્રત્યે કરી તે જગતને વશ કર્યું પણ સંતોષે તેઓને જીતીને કેટલાકને મોક્ષનગરમાં મોકલ્યાં. તેથી તેને જીતવા રાગકેશરી ગયો છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિમર્ષે વિચાર્યું કે રસનાના મૂળની આટલી બાતમી તો મળી હવે વિષયાભિલાષને જોવાથી વધારે પણ મળશે. પછી તેણે પૂછયું કે, તમારે અહિં રહેવાનું કેમ થયું છે? મિથ્યાભિમાન બોલ્યો કે, હું પણ તેમની સાથે જ ચાલ્યો હતો પણ મારા સ્વામીએ કહ્યું કે, તારે નગરમાં રહીને રક્ષણ કરવું. તેથી પાછો આવ્યો છું. વિમર્ષે પૂછયું કે, ત્યાંથી કંઈ સમાચાર આવ્યા છે? ત્યારે અમને ગુપ્તચર જાણી મિથ્યાભિમાન કલ્પિત વાત કહેવા લાગ્યો કે, અમારો સ્વામી તામસચિત્ત નગરે ગયો જણાય છે. પછી વિમર્શ અને પ્રકર્ષ તેની રજા લઈ વિષયાભિલાષને જોવા મોહરાજાના સૈન્યમાં ગયા અને તામસચિત્ત નગરમાં ગયા. ત્યાં અંધારૂં હતું. ભવાભિનંદી ખાઇથી વીંટળાએલ અનાદિકૂટ સંસ્કાર નામે કિલ્લો હતો.

આગળ જતાં શોક નામે એક અધિકારીને પુછતાં તે બોલ્યો કે, આ નગરીનો રાજા દ્વેષ ગજેન્દ્ર છે. તેને અવિવેકીતા નામે રાણી છે. અમારા સ્વામીએ સંતોષને મારવા જ્યારે પ્રયાણ કર્યું ત્યારે અવિવેકીતા ગર્ભવતી હોવાથી તેને કહ્યું કે તું રૌદ્રપુરમાં દુષ્ટાશય નામે મારા સેવકને ત્યાં રહેજે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હમણાં તે બાહ્ય નગરોમાં છે. તેણીને એક પુત્ર પ્રથમ વૈશ્વાનર નામે થયો હતો અને હમણાં શૈલરાજ નામે બીજો પુત્ર થયો છે. મારે અહિં આવવાનું કારણ મારો મિત્ર મતિમોહને (આ નગરનું રક્ષણ કરવા તેને રોકેલો હોવાથી) મળવાનું છે. એમ કહી તે ગયો.

પછી મામા ભાણેજ બન્ને જણા લશ્કરી છાવણીમાં ગયા. ત્યાં મહામોહ રાજાને પોતાના બે પુત્ર રાગકેશરી અને દ્વેષગજેન્દ્ર સાથે બેઠેલો જોયો. પ્રકર્ષે મામાને ત્યાંની બધી હકીકત પુછતાં વિમર્શે ધ્યાનને સમાધિપૂર્વક કહ્યું કે, આ મહાઅટવીનું નામ ચિત્તવૃત્તિ છે. તેમાં કીંપાક જેવા ઝેરી ફળોથી જડ પ્રાણીઓ લોભાય છે. જ્યારે શાંત મુનિઓ ગુપ્ત રહેલાં કલ્પવૃક્ષોથી પોતાની આજીવિકા ચલાવે છે. પ્રમતત્તા નામે નદી ગર્વ પર્વતમાંથી નીકળેલી છે. સંકલ્પોરૂપી પ્રવાહવાળી છે. ગુણરૂપી વૃક્ષોને ઉખેડી નાખતી અતિવેગથી જાય છે. મદરૂપી ઘુમરીઓ-વાળી, પરની નિંદારૂપ પાણીવાળી, દ્વેષરૂપી ઘાસના સમુહથી બેડોળ થએલી, આત્મપ્રશંસારૂપી પરપોટા-વાળી, નિદ્રારૂપી કાંટાવાળી, કુલેશાદિજંતુઓથી ભરેલી, વિકથાના પ્રચારરૂપ ટેકરાવાળી, કુયુક્તિરૂપ

છીપોના ફુટવાથી થએલ શબ્દોવાળી, અત્યંત ઊંડી મદિરાના વિકારરૂપી પત્થરોના ભરાવાથી વિષમ પ્રદેશવાળી છે, પ્રમાદવિલાસ નામનું રેતાળમેદાન છે. સંગીતકલાઓના વિલાસોરૂપ સારસ અને હંસોની ક્રીડાવાળું છે. ચિત્તવિક્ષેપ નામે મંડપ છે. તે મોહરાજાની ઉન્નતિ કરનારો છે. મહાઈન્દ્રજાલ સરખો તે મંડપ લોકોને દુષ્ટબુદ્ધિ આપે છે. અહિં દાખલ થએલા પ્રાણીઓ ખેદ, ભ્રમ, ઉન્માદ અને વિરતીના નાશને મેળવે છે. તૃષ્ણા નામની વેદીકા છે. મોહરાજાના સ્વજનો જ તેના પર બેસે છે. મહાવિપર્યાસ નામનું સિંહાસન છે તે દૃષ્ટિવિષ સર્પ જેવું છે. મોહરાજા અજ્ઞાનરૂપ શરીરથી જીર્ણ છતાં મહાબળવાન છે. તે પ્રાણીઓને સંસારમાં નિત્યપણાની પવિત્રપણાની પરપુદ્ગલમાં આત્મભાવની બુદ્ધિ કરાવે છે. જગતની ઉત્પત્તિના હેતુરૂપ છે તેથી તેનું પિતામહપણું પ્રસિદ્ધ છે.

પછી વિમર્ષે પ્રકર્ષને કહ્યું કે, તું મારી વાત સમજતો હોય તો પ્રશ્ન કેમ કરતો નથી? ભૌતકથા જેવું ન થાય તે ધ્યાનમાં રાખજે. તે કથા આ પ્રમાણે–

કોઈક સ્થળે સદાશીવ નામે બહેરો ભૌતાચાર્ય હતો. તે બહેરાપણું ટાળવા માટે પોતાના શિષ્ય

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

શાંતિશીવને વૈદ્યને ત્યાંથી ઔષધ લેવા મોકલ્યો. ત્યારે વૈદ્ય પોતાના પુત્રને શિક્ષા આપતો હતો. મજબુત દોરડાથી બાંધીને મારતો જોઈ શાન્તિશીવે વૈદ્યને કહ્યું કે, તમે આને કેમ મારો છો. વૈદ્ય બોલ્યો કે, આ લુચ્ચો મારું કહેવું સાંભળતો નથી એટલે તેનું બહેરાપણું કાઢવા મારૂં છું. પુત્રને રડતો જોઈ વૈદ્યની સ્ત્રી વચ્ચે પડી વૈદ્યને વારવા લાગી. વૈદ્ય બોલ્યો કે, હું આજે તેને છોડીશ નહિ. હજુ તે મારૂં કહ્યું સાંભળતો નથી. તું ચાલી જા નહિતર તારા પણ એવા હાલ થશે. આ જોઈ શાન્તિશીવે વિચાર્યું કે, વૈદ્યનું ઔષધ પ્રત્યક્ષ જોયા પછી પુછવાનું શું કામ છે? એમ વિચારી માહેશ્વરોના ઘેરથી મજબુત દોરડું લાવી સદાશીવને થાંભલા સાથે બાંધી મારવા લાગ્યો. તેથી સદાશીવ બુમો પાડવા લાગ્યો તેની બુમો સાંભળી માહેશ્વરો ત્યાં આવ્યા તો સદાશિવને અત્યંત મારતા એવા શાંતિશીવને જોયો. તેઓએ કહ્યું કે, આ તું શું કરે છે? તે બોલ્યો કે, આ પાપી સાંભળતો નથી માટે તેનું વૈદ્યે બતાવેલું ઔષધ કરૂં છું.

માહેશ્વરોને દયા આવવાથી તેને મારતો અટકાવવા લાગ્યા. ત્યારે શાન્તિશીવ ઉલટો તે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લોકોને મારવા ઉઠયો. પછી બધા લોકોએ ભેગા થઇ તેને બાંધ્યો અને સદાશિવને છોડાવ્યો. બંધનયુક્ત થએલો તે બબડવા લાગ્યો કે શું! તમારા કહેવાથી મારા ગુરુનું ઔષધ ન કરૂં ? વૈદ્યના વચનથી હું ઔષધ કરૂં છું.

પછી તેઓ તે વૈદ્યને બોલાવી લાવ્યા અને પૂછયું કે આવું મારવાનું ઔષધ કેમ બતાવ્યું ? વૈદ્ય મનમાં હસતો થકો કહેવા લાગ્યો કે, હે આર્ય! મારો પુત્ર કંઇ બહેરો નથી. પણ તેના શાસ્ત્રાર્થ સાંભળવાના આળસથી મેં ક્રોધથી તેને માર્યો હતો. હવે પછી આવું ઔષધ કરીશ નહિ. પછી શાન્તિશીવને મૂર્ખ જાણી માહેશ્વરોએ છોડી મુકયો. હે પ્રકર્ષ! સાંભળવા માત્રથી શાન્તિશીવની જેમ ઉલટું કાર્ય થઈ જાય માટે હું તને પ્રશ્ન પૂછવાની પ્રેરણા કરૂં છું. પછી પ્રકર્ષના પુછવાથી વિમર્શે વિસ્તારથી સમજાવ્યું. વિચક્ષણે રાજાના પુછવાથી આ બધું વિસ્તારથી ભાવાર્થ સાથે સમજાવ્યું. અગ્રહિત સંકેતોને સંસારીજીવે દૃષ્ટાંત સહિત આ બધું સમજાવ્યું. ભુવનોદર નામે નગરમાં અનાદિ નામે રાજાને સંસ્થિતિ નામની સ્ત્રીથી વેલ્લહલ્લ નામે પુત્ર થયો, તે રાત દિવસ ખાખા કરતો હોવાથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તેને મહાઅજીર્ણ થતાં અંતરમાં મોટો તાવ લાગુ પડયો. તો પણ તે ભોજન કર્યા કરે છે.

એક વખત તેને ઉજાણીમાં જવાની ઇચ્છા થતાં ત્યાં ભાત ભાતનાં ભોજનો કર્યા. ભોજનો જોઇ તેની લોલતા વધી. તેથી મિત્રોની સાથે ખાવા લાગ્યો. પછી મનોરમ ઉદ્યાનમાં ગયો ત્યાં સુખાસન પર બેઠો થકો ખાધેલા ભોજનને વાયુના સ્પર્શાદિકથી જોવા લાગ્યો. પછી તેનો અંતર્જ્વર વૃદ્ધિ પામ્યો. ત્યારે કામયજ્ઞ નામના હોંશીઆર વૈદ્યોએ તેને ભોજન કરવાની ના પાડી કહ્યું કે, તું ગુપ્ત-ઓરડામાં જઇ લાંઘણો કર અને કરીઆતું પી. જો આ ઉપાય નહિ કરીશ તો સન્નિપાત થશે અને અકાળે મૃત્યુ પામીશ. ભોજનની લોલતાથી વૈદ્યનું વચન માન્યું નહિ અને તેને અહિતકારી જાણી બલાત્કારે ભોજન કરવા લાગ્યો. તે ભોજન ગળેથી ઉતર્યું નહિ તો પણ પરાણે ખાધું તેથી અતિશય ઉલટી થઇ. તેથી નજીકમાં રહેલું ભોજન પણ ઉલટીથી મિશ્રિત થયું. વેલ્લહલ્લે વિચાર્યું કે: ખરે-ખર ! મારૂં શરીર હજુ ઉણું છે અને વાયુથી આક્રાંત થયું છે. તેથી જ આ વમન થયું છે. એમ વિચારી તે મિશ્રિત ભોજન ખાવા લાગ્યો. ત્યારે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સમયજ્ઞ વૈદ્ય પોકારવા લાગ્યો કે, હે દેવ! કુતરા કાગડાદિકની ચેષ્ટા સરખું આ કાર્ય કરવું તારે યુક્ત નથી. વળી તુરત વિષ્ટારૂપ થનારા ભોજનથી તું રાજ્યને, શરીરને, ભોગોને અને યશને કેમ હારી જાય છે? પણ વેલ્લહલ્લે તે માન્યું નહિ અને મૂઢ બુદ્ધિવાળો તે વિચારવા લાગ્યો કે, આ વૈદ્ય મારી પ્રકૃતિને જાણતો નથી વાથી ભરેલા અને ક્ષુધાથી દુમણા થએલા મને તે ભોજનના નિષેધ કરનાર તે મૂર્ખ વૈદ્યનું મારે કામ નથી. હું ઇચ્છા મુજબ ખાધા કરીશ.

હવે તેને સન્નિપાત થયો. તેથી કાષ્ટની પેઠે નિશ્ચેતન થયો પછી તે ઘુરઘુર શબ્દ કરતો વમનરૂપી કાદવમાં લોટતો થકો ભયંકર અસાધ્ય દશાને પામ્યો. તેનું રક્ષણ કરવા કોઈ સમર્થ થયું નહિ એવી રીતે તે પાપીને ત્યાં જ અનંતકાળ સુધી રહેવાનું છે. આ સાંભળી અગ્રહિત સંકેતાએ કહ્યું કે હે સંસારી જીવ! મેં તને શું પુછ્યું અને તેં શો ઉત્તર આપ્યો? મેં તો નદી વગેરેના ભેદો જાણવા માટે પુછ્યું હતું તેના ઉત્તરમાં આ તમે કહેલી કથા ઘટમાન થતી નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અગૃહિત સંકેતાના પુછવાથી પ્રજ્ઞા વિશાળા એવી મહાભદ્રા સાધ્વીએ કહ્યું કે, સંસારી જીવે તને જે વેલ્લહલ્લનું દૃષ્ટાંત કહ્યું તેનો ભાવાર્થ કહું તે સાંભળ ! વેલ્લહલ્લ તે કર્મયુક્ત જીવ જાણવો. તે મનુષ્યભવને પામેલો હોવાથી રાજાનો પુત્ર કહેવાય છે. ચિત્તવૃત્તિરૂપી મોટા જંગલમાં મોહાદિક સુભટો હોય છે. જ્યાં સુધી મિથ્યાસૃષ્ટિમાં આત્માને અજ્ઞાન હોય છે ત્યાં સુધી તેઓની તે સૃષ્ટિમાં નદી આદિ વસ્તુઓ રહેલી હોય છે પણ જ્યારે આત્મજ્ઞાન થાય છે ત્યારે મોહાદિક શત્રુઓ નાશ પામે છે. વળી તે રાજપુત્રનું ભોજન આદિકનું લંપટપણું કહ્યું. તે તેને ધર્મથી વિમુખ કરનારી વિષયો સંબંધી ઇચ્છા જાણવી. જીવને ભોગથી પાપ અજ્ઞાનરૂપ કર્મોથી રાજપુત્રની જેમ અજીર્ણ થાય છે. અને તાવરૂપી રાગાદિક દોષો ઉત્પન્ન થાય છે. ભોજનની ઇચ્છા થતી હતી તે તેની ભોગોની ઇચ્છા જાણવી.

પછી તે જીવ જે મદ્ય, વિષય, કષાય, નિદ્રા અને વિકથા એ પાંચ પ્રમાદ સેવે છે. તેને સંપૂર્ણ એવી પ્રમત્તતારૂપી નદી જાણવી. હું ધન કમાઉં, સ્ત્રીઓ પરણું, મોટા મહેલો બંધાવું, વિષયસંબંધી સુખો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ભોગવું, હંમેશા આનંદમાં રહું. આ સિવાય મનુષ્યજન્મનું બીજું ફલ નથી એવી રીતના વિકલ્પો તેને થયા કરે છે. તે વેલ્લહલ્લની ઉજાણીએ જવાની આકાંક્ષા જાણવી. જીવને વિલાસ, ગાયન, જુગાર આદિ દુચેષ્ટા પ્રિય લાગે છે તે જીવ ઉદ્યાનમાં જાય છે. તે વેલ્લહલ્લનું ઉદ્યાનગમન જાણવું. એટલે ધર્મરૂપી નગરની બહાર જવાપણું જાણવું. વાયુના સ્પર્શાદિકથી ઉત્પન્ન થએલો તાવવૃદ્ધિ પામ્યો હતો તે જીવને પ્રમાદ તથા અજ્ઞાનથી વૃદ્ધિ પામેલો કર્મરૂપી તાવ જાણવો. વૈદ્યે તેને ભોજન કરવાની ના પાડી તેમ ધર્માચાર્યો પ્રમાદ કરવાની ના પાડે છે. વિષયોરૂપી ભોજન તજવાનું કહે છે. ધૈર્યતારૂપી ઓરડામાં તથા નિર્વિકલ્પરૂપી વાયુ વિનાની જગ્યામાં રહેવા કહે છે. તપરૂપી કરીઆતું પીવા કહે છે. તાવની શાંતિ માટે વ્રતોના આદરરૂપી લાંઘણો કરવા કહે છે. સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપી ઇલાજ નહિ કરે તો સન્નિપાતરૂપી મહામોહથી ભ્રષ્ટ બુદ્ધિવાળો થઈ શોચનીય દશાને પ્રાપ્ત થઈશ.

આ ઉપદેશને તે રાજપુત્ર માનતો નથી ને વિપરીત આચરણ કરે છે. તેમ જીવ પણ ધર્મોપદેશ ગ્રહણ કરતો નથી અને મહાપાપમાં તત્પર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

થઈ વિષયોને સેવે છે. તે પરાણે ગળામાં ભોજન નાખવા જેવું જીવ કરે છે. સંભાળથી રાખેલા એવા પણ ધનનું વૃદ્ધાપણામાં જલ, અગ્નિ અને ચોરોથી હરણ થવા જેવું વમન જાણવું તે રાજપુત્ર વમન થયા છતાં ફરી ભોજન કરે છે તેમ જીવ સુખ દેનારાં ધન, પુત્ર, સ્ત્રી આદિનો નાશ થયે થકે ફરીને નીતિ-પૂર્વક ધન ઉપાર્જી તેનું રક્ષણ કરૂં એમ માને છે. પણ તેની ઇચ્છા નિષ્ફળ થાય છે. તે ચિત્તવિક્ષેપ નામના મંડપમાં તૃષ્ણા નામની વેદીકા ઉપર વિપર્યાસ નામનું સિંહાસન જાણવું.

વેલ્લહલ્લ વમનથી મિશ્રિત થએલ ભોજન ખાવા મંડયો. તે જીવનું ભોગોમાં નિર્લજ્જ થઇને પ્રવર્તવાપણું જાણવું. આ જીવે સર્વ શબ્દાદિ પરમાણુઓને અનંતી વાર ગ્રહણ કરી છોડી દીધા છે અને પાછા ગ્રહણ કર્યા છે. તે વમન મિશ્રિત ભોજન જાણવું. તે રાજપુત્રને સમયજ્ઞે વાર્યો હતો તેમ ગુરૂદેવો જીવોને ભોગરૂપી કાદવમાં લંપટ થતાં વારે છે. વળી તે રાજપુત્ર સમયજ્ઞને અહિતકારી માને છે. તેમ પાપી જીવ ધર્માચાર્યને અહિતકારી માને છે. પ્રમાદોમાં જે પ્રવૃત્તિ થાય છે તે અજ્ઞાનનું પરાક્રમ છે. વેલ્લહલ્લ સન્નિપાતમાં પડયો થકો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નિશ્ચેષ્ટ થાય છે તેમ જીવ પણ મહામોહરૂપી સન્નિપાતમાં પડયો થકો નરકની અંદર લોટકો થકો અત્યંત રડયા કરે છે. તેને અસાધ્ય જાણી જ્ઞાનીઓ ઉપેક્ષા કરે છે.

મોહરાજાની મહામૂઢતા નામની સ્ત્રી શંકરને પાર્વતીની જેમ સાથે જ રહે છે. મહામોહનો મિથ્યાત્વ નામે કારભારી છે તે સાચા દેવ-ગુરૂ ધર્મને જાણવા દેતો નથી. મિથ્યાત્વને વશ થયેલા કુદેવ, કુગુરૂ ને કુધધર્મને તે જીવ સાચા તરિકે માને છે. પતિના સંગની ઈચ્છાથી અગ્નિપ્રવેશ કરાવે છે તથા પુત્ર અને ધનની ઇચ્છાથી અગ્નિહોત્ર કરાવે તથા નિયણા સહિત લોકો પાસે કષ્ટ કરાવે છે. તે ગૃહસ્થાશ્રમની સ્તુતિ કરે છે અને મુનિઓની નિંદા કરે છે. તે મિથ્યાત્વની કુદૃષ્ટિ નામે સ્ત્રીને વશ થએલા શાકયો, શૈવો, ચરકો, ત્રીદંડીઓ, મિમાંસકો, આજીવકો, દિકપટાદિક બીજાઓ પણ વિવાદ કરે છે. તેમજ કાલ-સ્વભાવ-નિયતિ-કર્મ અને ઉદ્યમ માંહેનો એકેક અર્થને અવલંબીને આ જગતમાં ભમ્યા કરે છે. કેટલાક મુક્તિને ઠરેલ દીપક સરખી માને છે. કેટલાક ગુણના નાશને મુક્તિ કહે છે. કેટલાક ચિત્તના ક્ષણિક વિલાસને મુક્તિ કહે છે.

આગમોની પ્રીતિરૂપી વૃક્ષને ઉખેડી નાખનાર રાગકેશરી મહામોહ રાજાનો પુત્ર છે. તેનું માર્ગ-લોપ મતરૂપી મુખ છે, અહમતારૂપી બે આંખ છે, કામરાગ ને સ્નેહરાગરૂપી બે કાન છે, ભવા-ભિનંદપણારૂપી લલાટ છે, કુલેશરૂપી મસ્તક છે, ગુરૂના અનાદરરૂપી મુગટ, નિર્દયતારૂપી કુંડલો છે તેના ત્રણ મિત્રો અનુક્રમે કામરાગ, સ્નેહરાગ અને દૃષ્ટિરાગ છે. મૂઢતા નામે સ્ત્રી છે. તેનો ભાઇ દ્વેષ-ગજેન્દ્ર તેનાથી નાનો હોવા છતાં બહુ બળવાન છે. તેની પાછળ રહેલા કામદેવ પોતાના પુષ્પો સંબંધી બાણોથી પણ ઇન્દ્રોના ધૈર્યનો નાશ કરે છે. તેના ત્રણ સંબંધી પુરૂષવેદ, સ્ત્રીવેદ ને નપુંસક-વેદ નામે છે. તેની સ્ત્રીનું નામ રતિ છે. કામદેવની પાછળ હાસ્ય, અરતિ, ભય, શોક ને દુગંછા નામે પાંચ મનુષ્યો છે. હાસ્યની સ્ત્રી તુચ્છતા, ભયની સ્ત્રી નિઃસત્વતા અને શોકની સ્ત્રી વિહ્વલતા નામે છે.

હવે તે મિથ્યાત્વરૂપી કારભારીના ચાર ભક્તો તે અનંતાનુબંધી ક્રોધ, માન, માયા ને લોભ છે. તેનાથી ચાર નાના સર્વ પ્રકારે વ્રતનો નાશ કર-નારા અપ્રત્યખ્યાની કષાયો છે. તે ચોથા ગુણ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ઠાણા સુધી હોય છે. તેનાથી ચાર નાના છે તે કિંચિત્ વ્રતમાં રહેલા પ્રત્યાખ્યાની કષાયો પાંચ ગુણ ઠાણા સુધી હોય છે. તેનાથી ચાર નાના અતિચારના લેશથી મુનિના વ્રતોમાં મ્લાનિ કરનારા સંજ્વલન કષાયો છે. તે સોળમાંથી આઠ દ્વેષ ગજેન્દ્રના પુત્રો છે અને આઠ રાગ કેશરીના પુત્રો છે.

હવે જે રાજાઓ વેદીકાની પાસે રહેલા છે તેઓને આના અંગભૂત પદાતિઓ જાણવા, વળી આપણે જેને જોવા આવ્યા છીએ તે રાગકેસરી આગળ રહેલો વિષયાભિલાષ નામે મોટો મંત્રી છે. રસનાના કારણે રૂપ આ જ મંત્રી છે. તેનાથી હણાએલો જડ શુદ્ધ ધર્મના માર્ગથી બહાર રહેલા વિષયોમાં પ્રવર્તે છે. આની પાસે ભોગ તૃષ્ણા નામની સ્ત્રી કાળસર્પની પેઠેવક્રગતિવાળી પ્રસિદ્ધ છે. આગળ પાછળ જે ગર્વિષ્ઠ રાજાઓ છે તે દુષ્ટાભિસંધી આદિક સુભટો છે. વેદીકાથી બહાર રહેલા મોહરાજાના બાહ્ય પદાતિઓ છે. તેમાં પાંચ પુરૂષોથી યુક્ત એવો જ્ઞાનાવરણીય રાજા છે. નવ મનુષ્યોથી યુક્ત આ બીજો દર્શનાવરણીય રાજા છે. તેમાં ચાર પુરૂષો લોકને અંધ કરે છે અને પાંચ સ્ત્રીઓ

P. P. Ac. Gunratansuriji M.S.	Jin Gun Aaradhak Trust

મદિરાની પેઠે લોકને ઘુણાયમાન કરે છે. બે મત્સરયુક્ત માણસોથી થએલો ત્રીજો વેદનીય નામે રાજા જીવને સુખ દુઃખરૂપી ઘુમરીઓવાળા ઘુનામાં નાખે છે. આયુષ્ય નામનો ચાર બાળકોવાળો અક્ષય સ્થિતિવાળા આત્માને પણ પ્રગટ ઉછળતા એવા દડા સરખા ભ્રમવાળો કરે છે. મહાબળવાન એવો નામ નામનો રાજા ત્રાણુ મનુષ્યોથી યુક્ત છે. તે ગતિ, જાતિ, શરીર આદિના ભેદોથી જીવને વિડંબના પમાડે છે. ઉંચનીચ નામના બે પુરૂષોથી યુક્ત ગોત્ર નામનો રાજા જીવને ઉપરથી નીચે પાડે છે અને છેલ્લો પાંચ પુરૂષોથી યુક્ત અંતરાય નામનો રાજા પોતાના પરાક્રમથી દાનાદિક લબ્ધિઓને દળી નાખે છે.

એ પ્રમાણે સાતે રાજાઓનું ટુંકમાં વર્ણન કર્યું વિસ્તારથી કહેતાં આયુષ્ય પૂર્ણ થાય તો પણ પાર આવે તેમ નથી. રાજાઓ સામાન્યરૂપ છે અને પરિવાર વિશેષરૂપ છે. તેઓનો દેશકાળ અને સ્વભાવથી ભેદ નથી. દૂરથી વૃક્ષ દેખાય છે પણ નજીક જઇએ તો જુદી જુદી જાતના વૃક્ષ દેખાશે. મેં રાજા અને પરિવારને જુદા કહ્યા છે પણ તત્ત્વથી તે જુદા નથી.

P. P. Ac. Gunratansuriji M.S.                Jin Gun Aaradhak Trust

હવે પ્રકર્શે પૂછયું કે, હે મામા! તે મોહાદિકને જીતનારા કોઇ છે કે નહિ? વિમર્શે કહ્યું કે બહિરંગ દેશોમાં તેઓના બળને નાશ કરનારા છે પણ તે થોડા જ છે. જેઓએ આત્મધ્યાન રૂપ બખ્તર પહેરેલું છે અને જેઓ હંમેશાં અપ્રમાદી છે. સમાધિ રૂપી મંત્રથી ગુપ્ત રહેલા છે તેઓને તે વશ થતા નથી.

પ્રકર્ષ બોલ્યો કે, તે માણસો ક્યાં છે? આપણે ત્યાં જોવા જઇએ. કારણકે એક વર્ષની મુદતમાં બે ઋતુ પસાર થઈ છે. હજુ ચાર ઋતુ બાકી છે. તેટલામાં પાછા આવી જઇશું વિમર્શ બોલ્યો કે, આપણે વિષયાભિલાષ અને રસનાનું મૂળ જોવા નિકળ્યા હતા તે કાર્ય પુરૂ થયું છે તો ત્યાં જવાની જરૂર નથી, છતાં તારો આગ્રહ છે તો જઇશું. હમણાં શિશિરઋતુમાં ઠંડી બહુ પડે છે તે ગરીબ કુટુંબોને રાત્રીએ રોવરાવે છે અને શીયાળીયાઓને પોકાર કરાવે છે. ટાઢથી હણાએલા પુરૂષને ગરમીનું સ્થાન સ્રીઓનું એક સ્તનસહજ છે તે રહસ્યને જાણનારો કામદેવ ભોગીઓને ત્યાં જવા પ્રેરણા કરે છે. કર્મ પરિણામ મોટો ભાઈ છે અને મોહનાનો ભાઈ ચોર હોવાથી વનમાં રહ્યો છે. તે પ્રકૃતિથી દુષ્ટ કાર્યો



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કરે છે. કર્મ પરિણામ રાજા સારાં કાર્યો કરે છે. વનમાં ફરતાં શિશિરઋતુ પુરી થઈ એટલે વસંતઋતુ આવી તેમાં બકુલના વૃક્ષો પ્રતે લોકો દોડે છે. પ્રફુલ્લિત માધવી લતાઓને વિષે ક્રીડા કરે છે લાલરંગનાં કુંપળો પ્રત્યે લોભાય છે.

આંબાના વૃક્ષ પ્રતે તો તૃપ્તિ પામતા પણ નથી. સ્ત્રી–પુરુષનાં જોડલાં લતાકુંજોમાં વિલાસ કરે છે, સ્ત્રીઓ પુષ્પો એકઠાં કરે છે. કોકીલો પંચમસ્વર ગાઈ પુરૂષોને ઉત્તેજન કરે છે તેથી તે પુરૂષો મદ્યપાન કરી સ્ત્રીઓના મુખકમળને ચુંબન કરે છે. ગુહ્ય વચનો બોલે છે કેટલીક સ્ત્રીઓ હિંચોળામાં બેસી હિંચકો ખાય છે. વસંતઋતુ જોવા રાજા પરિવાર સાથે ઉદ્યાનમાં આવ્યો છે. ત્યાં કેટલાક નાચ કરે છે, ગીત ગાય છે રંગની પીચકારીઓ મારે છે, વસંત, કામદેવને રતિ સાથે મેળાપ કરાવે છે એટલામાં લોલાક્ષરાજા ચંડિકાના ઘરમાં ગયો તેની પુજા કરી મદિરાપાન કરવા અગાડીના ભાગમાં બેઠો. ત્યાં પાનગોષ્ટી શરૂ થઈ. ઉદ્ધત લોકો મદિરા પીવા લાગ્યા. રસસહિત ગાયન ગવાવા લાગ્યું. હાથના ચાળાઓ થવા લાગ્યા સ્ત્રીઓના ઓષ્ટોનું ચુંબન થવા લાગ્યું.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લોલાક્ષનો નાનો ભાઈ રીપુકંપન ઉન્માદ સહિત પોતાની સ્ત્રી રતિલલીતાને નચાવવા લાગ્યો. તે સ્ત્રીને નાચતી જોઈ લોલાક્ષ ક્ષોભ પામ્યો. કામદેવથી પીડાએલ તે રતિલલીતાને પકડવા ગયો. રતિલલીતા નાસી ગઈ. લોલાક્ષે તેને પકડી. તે ત્યાંથી છૂટી નાસીને ચંડીકાના મંદિરમાં ગઈ. દ્વેષ ગજેન્દ્રે લોલાક્ષના શરીરમાં પ્રવેશ કર્યો એટલે તે ખડ્ગ ઉગામી તે સ્ત્રીને મારવા ગયો અને મદાંધ એવા તેણે સ્ત્રીને બદલે ચંડીકાદેવીના જ બે ટુકડા કરી નાખ્યા. રતિલલીતા બહાર નિકળી ગઈ. પોતાના પતિ રીપુકંપનને બધી હકીકત કહી તેથી દ્વેષગજેન્દ્રે તેના શરીરમાં પણ પ્રવેશ કર્યો. બન્ને ભાઇ લડવા માટે તૈયાર થયા. બન્નેનું સૈન્ય ઘણું ઘવાયું છેવટે તેઓ બન્ને પરસ્પર લડવા લાગ્યા. રીપુકંપને અત્યંત ક્રોધથી લોલાક્ષને મારી નાખ્યો પછી વિમર્શ અને પ્રકર્શ કેટલાક દિવસ ત્યાં સુખે રહ્યા.

હવે એક દિવસ તેઓએ રાજમહેલની પાસે એક પુરૂષને જોઈ પ્રકર્શે મામાને કહ્યું, કે આ પેલો મિથ્યાભિમાન લાગે છે તે રાજસંચિત્ત નગરથી અહિં કેમ આવ્યો છે? વિમર્શે કહ્યું કે, મહા-

મોહરાજાએ તેને કામદેવની શોભા માટે બોલાવેલ છે. તે હમણાં રીપુકંપનના મહેલે જાય છે. લોલાક્ષ હણાયાથી રીપુકંપન રાજા થયો છે. મામા ભાણેજ રાજમહેલ જોવા ગયા. ત્યાં રીપુકંપનની મતિલલિતા નામે બીજી સ્ત્રીએ સુલક્ષણ નામે પુત્રને જન્મ આપેલ તેનો જન્મોત્સવ રાજાએ બહુ આડંબરથી ઉજવ્યો. વધામણી ખાનાર પ્રિયંવદા દાસીને લાખ સોના-મહોર. આપી મિથ્યાભિમાનથી પ્રેરાઇ તે રાજા ઘણું દાન કરી ગર્વથી નાચવા લાગ્યો. થોડા દિવસ બાદ સુલક્ષણકુમારનેમહારોગ થતાં મોટા વૈદ્યોને બોલાવ્યા. તેઓએ તે બાળકની નાડી તપાસી કહ્યું કે: આ બાળક જીવે તેમ નથી. રાજાએ કહ્યું કે: જો કોઇ મારા પુત્રને જીવાડે તો હું તેને મારૂં રાજ્ય આપું અને તેનો સેવક થઈને રહું!

લોકો મંત્ર તંત્રાદિ ઘણાં કરવા છતાં તે કુમાર મૃત્યુ પામ્યો. એટલે રાજા રાણીના શરીરમાં મતિ-મોહ અને શોક દાખલ થઈ આક્રંદ કરવા લાગ્યા. રાજા અત્યંત શોકને લીધે મૃત્યુ પામ્યો. રાણી મૂર્છા ખાઈ ઢળી પડી. રીપુ કંપનની સ્ત્રીઓ ચુડા ભાંગી રૂદન કરવા લાગી. ઘડીકમાં હર્ષ અને ઘડીકમાં શોક જોઈ મામાભાણેજ અનિત્ય ભાવના ભાવવા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

લાગ્યા. આગળ જતાં રાત પડવાથી ચંદ્રના ઉદયમાં એક દુકાનના બારણા પાસે બેઠેલા ધનવંત પુરૂષને જોયો. તે ધનના ગર્વથી મણીઓ અને પુખરાજો જોઈ ખુશ થતો હતો. સોનારૂપાનાં ઘરેણાંથી આશ્ચર્ય પામતાં તીર્છી નજરે માણસોને જોતો હતો. કોઇનું વચન પણ સાંભળતો ન હતો, ઉત્તર પણ આપતો ન હતો. હાથ જોડીને નમતા માણસોને તૃણ સમાન ગણતો વારંવાર રત્નાદિકને જોતો તેનું રક્ષણ કરતો હતો. તેવામાં કોઇ ચોર રાજાનું ધન ચોરી ત્યાં આવ્યો. ત્યારે તે વણીકે ચોર જાણી થોડું મૂલ્ય આપી તેનું ધન લઇ લીધું. ચોર તો મૂલ્ય લઇ નાસી ગયો. પછવાડે ચોરને શોધતા રાજ-સેવકો આવી પહોંચ્યા મુદ્દામાલ સહિત વણીકને પકડી રાજા પાસે લઈ ગયા તેનું ઘરબાર બધું રાજાએ લુંટી લીધું. અને તેને ગધેડે બેસાડી મુદ્દા-માલ સાથે નગરમાં ફેરવ્યો. ન્યાય નીતિથી ઉપાર્જન કરેલું ધન પુણ્યાનુબંધી પુણ્યની લક્ષ્મીરૂપ બને છે. અને તે સાત ક્ષેત્રમાં વાપરવાથી અનેક ઘણું ફળ આપે છે. પુણ્યાનુબંધી પુણ્યવાળાની લક્ષ્મી કાયમ ટકે છે. ધન એકઠું કરવાથી મૂર્છા થાય છે. ધનની મમતા તે સંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાન છે તેથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નરકગતિ મળે છે. ધનનો ગર્વ કરવાથી ફરી તે ધન મળતું નથી હવે ત્યાંથી પ્રકર્ષ અને વિમર્ષ આગળ ચાલતાં એક દુબળો અને જીર્ણવસ્ત્રવાળો માણસ જોયો. તેણે કંદોઈના ત્યાંથી રૂપીઆ આપી લાડવા લીધા. પછી પુષ્પમાલા, પાનની પટ્ટીઓ, સુગંધીઓ અને વસ્ત્રયુગલ ખરીદીને વાવ પર ગયો. ત્યાં નાસ્તો કરીને તૃપ્ત થયો, પછી પાનની પટ્ટી ચાવી ફુલનો હાર પહેરી અત્તર શરીરે લગાવી હસતો થકો રાજાની પેઠે ચાલવા લાગ્યો. પ્રકર્ષના પુછવાથી વિમર્ષ બોલ્યો આ માણસ આજ નગરમાં રહેનારા સમુદ્રદત્તનો પુત્ર રમણ નામે છે તેણે પિતાનું ધન વેશ્યા ગમનમાં ઉડાવી દીધું છે. હવે તે બીજાનું કામ કરી કેટલાક રૂપીઆ ભેગા કર્યા છે. એટલે અગાઉની વેશ્યાને ત્યાં જાય છે.

આ નગરમાં મદનમંજરી નામે પ્રખ્યાત વેશ્યા છે તેની પુત્રી કુંદકલિકામાં આસક્ત બનેલો. ધન જવાથી મદનમંજરીએ તેને કાઢી મુકેલ, તે પાછો ધન મળવાથી ત્યાં જ જાય છે. આપણે પણ ત્યાં જોવા જઈએ કે તેના શું હાલ થાય છે. પછી તે બન્ને દૂર ઉભા રહીને જોવા લાગ્યા. એટલામાં રમણ આવ્યો. મદનમંજરીએ સંજ્ઞા કરવાથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કુંદકલિકાએ તેનો બહુ આદર સત્કાર કર્યો અને તેની પાસેથી બધું ધન લઇ લીધું મદનમંજરીએ રમણને કહ્યું કે: હમણાં અહિં રાજાનો ચંડ નામે રાજપુત્ર આવે છે માટે તું સંતાઈજા. તેના ગયા પછી તું કુંદકલિકાને ભોગવજે. ચંડે આવીને રમણને જોયો એટલે તરવાર ખેંચી મારવા તૈયાર થયો. ત્યારે રમણ તેને દીનતાપૂર્વક પગે પડવા લાગ્યો. ચંડે તેના નાક કાન કાપ્યા, એક આંખ ખેંચી લીધી, તેના દાંત પાડી નાખ્યા ને લાત મારી કાઢી મુકયો. રાજપુરૂષોએ તેને બહાર નિકળતાં મારી નાખ્યો.

આ બધું જોયા પછી વિમર્શે પ્રકર્ષને કહ્યું કે, ભવચક્રનું નાટક પુરેપુરૂં જલ્દી જોવું હોય તો આપણે વિવેકપર્વત પર ચઢીને જોઈએ. પછી બન્ને વિવેકપર્વત પર ચઢી જોવા લાગ્યા. તો પ્રકર્ષે એક દીન અને નગ્ન મનુષ્યને જોઇ તેની હકીકત મામાને પુછી. મામા બોલ્યા કે, આ ધનેશ્વર પહેલાં ઘણો શ્રીમંત હતો, પણ જુગારના વ્યસનથી ધન ખલાસ થતાં ચોરી કરવા લાગ્યો. રાજાએ તેને બહુ શિક્ષા કરી પણ વધ કર્યો નથી. આજે જુગાર રમતાં તેણે મસ્તકની હોડ બકી. પણ તે હારી

જવાથી જુગારીઓ તેને ત્યાંથી જવા દેતા નથી. અને નગ્ન બનાવી દીધો છે. પછી પ્રકર્શે એક ઘોડેશ્વારને શીયાળની પાછળ દોડતો જોઈ તેની હકીકત પુછતાં મામા બોલ્યા કે : તે લલિતપુરનો લલન નામે રાજા છે. શિકારના વ્યસનથી મંત્રીએ તેના પુત્રને રાજ્ય આપી તેને કાઢી મુક્યો છે. માંસ ખાવાની ટેવ પડેલી હોવાથી તે હમેશાં શિકાર કરે છે. હવે તું જો તે રાજા ઉંધે માથે ઘોડા પરથી ખાઈમાં પડી મૃત્યુ પામ્યો છે. શિકાર કરનારા મરીને નરકમાં જઈ અસંખ્ય જન્મમરણ કર્યા કરશે. કારણ કે ખુનનો બદલો અહિં ફાંસી મળે. પણ જેણે ઘણાં ખુન કર્યાં હોય તેનો બદલો નરક સિવાય મળે નહિ–નારકીનું શરીર પારા જેવું હોવાથી તેના ટુકડા ભેગા થઈ જાય. એવું તેના જીવનમાં અસંખ્યવાર બને છે નારકીને ત્રણ પ્રકારની વેદના હોય છે. પરમાધામીકૃત, પરસ્પર અને ક્ષેત્રવેદના એક એકથી ભયંકર હોય છે. એટલે પરમાધામીકૃતવેદના ત્રીજી નરક સુધી જ હોય. ક્ષેત્રવેદના તો દરેક નારકીમાં ઓછીવત્તી હોય જ વળી પરસ્પરના વૈરને લીધે સાતે નરકમાં નારકીઓ લડયા કરે છે.

પછી પ્રકર્શે એક માણસના મોઢામાં તપેલા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

સીસાનો રસ રેડતા રાજપુરૂષોને જોઈ તેની હકીકત પુછતાં મામાએ કહ્યું કે : આ ચણકગામનો સુમુખ નામે સાર્થવાહ છે પણ કઠોર વાણી બોલતો હોવાથી તેનું દુર્મુખ નામ પડયું છે. તે વિકથા કર્યા કરે છે. એટલે સ્ત્રીકથા, ભોજનકથા, રાજકથા અને દેશકથા કરે છે. એક દિવસ તે ગામનો તીવ્ર નામે રાજા શત્રુઓને જીતવા ગયો. તેણે શત્રુઓને જીત્યા. પણ દુર્મુખે લોકોને કહ્યું કે આપણો રાજા હારીને નાસી ગયો છે. માટે તમે પણ નાસી જાઓ. આ સાંભળી સર્વ લોકો નાસી ગયા. રાજા જીતીને ગામમાં આવ્યો. પણ ગામ ઉજ્જડ થએલું જોઈ દુર્મુખે ઉંધી વાત ફેલાવી જાણી તેને આવી શિક્ષા કરવામાં આવી છે. આગળ જોતાં એક માણસને હસતાં અને થોડી વાર પછી શોક કરતો જોઈ પ્રકર્ષે તેની હકીકત મામાને પુછી- મામાએ કહ્યું કે: આ વત્સવ નામનો વણિક છે. તેનો મિત્ર ધનદત્ત ઘણા દિવસે તેના ઘેર આવ્યો હોવાથી તે હર્ષ પામ્યો છે.

હવે બીજા માણસે તેને આવીને કહ્યું કે, તારો પુત્ર વર્ધન ઘણું ધન કમાઇને પરદેશથી આવતો હતો. તેને કાદંબરી અટવીમાં ચોરોએ પકડી તેનું ધન લુંટી લીધું અને તેને પલ્લિપતિ પાસે લઈ

ગયા છે. આ સાંભળી તે શોક કરે છે. આ બધુ' ભવચક્રનુ' નાટક જાણી લે. આ ભવચક્રમાં ચાર નગરો પ્રખ્યાત છે. પહેલુ' માનવા વાસ, બીજુ' વિબુધાલય, ત્રીજુ' પશુસંસ્થાન અને ચોથુ' પાપિષ્ટ પંજર એટલે નરકાવાસ છે તેમાં માનવાવાસમાં ઉપર કહ્યા પ્રમાણે લોકો સુખદુઃખ ભોગવતા રહે છે વિબુધાલય એટલે દેવલોક. તેમાં કલ્પવૃક્ષો રત્ન-સુવર્ણમણી વગેરેથી પ્રકાશવાળુ' છે. કુંડલ, બાજુ-બંધ, મુકુટ અને હારથી દેવો શોભાયમાન છે. તેઓ વિષયસુખમાં ડુબેલા, હમેશાં આનંદમાં રહેનારા, અપ્સરાઓથી આલિંગન કરાએલા છે. તેમની ફુલની માળા ક્યારે પણ કરમાતી નથી. જોકે તેઓમાં ઇર્ષ્યા, શોક, ભય, ક્રોધ, મદ, મોહ, લોભ, ભ્રમ વગેરે છે છતાં એકંદરે શાતાવેદનીયનુ' સુખ વધારે છે. પરમાર્થથી તો દુઃખરૂપ જ છે. પશુસંસ્થાન નામે ત્રીજા નગરમાં ક્ષુધા, તૃષા, ભય, બંધ ઉદ્વેગ, વગેરેથી પીડિત થએલા તથા મહામોહે વશ કરેલા અનંતજીવો રહ્યા છે. ચોથા નરકાવાસમાં અંધકાર અને અજ્ઞાનથી ઘેરાએલા નારકો છે. તેમને એક ક્ષણ પણ સુખ નથી એટલે અસાતાવેદનીયનું દુઃખ ઘણુ' છે. પરમાધામી અસુરો તે નારકના

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જીવોને તપાવેલું ત્રાંબુ પાય છે, કરવતોથી કાપે છે; તેઓનું પોતાનું માંસ ખવડાવે છે. અગ્નિથી બાળે છે, ભુંજે છે, વૈતરણી નદીમાં તરાવે છે. કાંટાથી ભયંકર શાલ્મલી વૃક્ષ પર ચઢાવે છે. ભાલા અને બાણથી વિંધે છે. એકાંત દુઃખથી ભરેલું આ નગર છે. પ્રકર્ષે વળી ભવચક્રમાં સાત સ્ત્રીઓને જોઈ તેની હકીકત પુછતાં વિમર્શે કહ્યું કેઃ જરા. રૂજા, મૃતિ, ખલતા, કુરૂપતા, દરિદ્રતા અને દુર્ભગતા એ નામની સાત સ્ત્રીઓ કાલપરિણતિ દેવીએ મુકરર કરેલી છે. જરા એટલે વૃદ્ધાવસ્થા ઘડપણ આવતાં શ્વેતવાળ, વિકળતા, બધિરતા અંધતા, કુવર્ણપણું, કંપ, કર્કશતા, શિથિલતા, દીનતા અને દંતરહિત-પણું થાય છે. તે જરા યૌવનને હણે છે. યૌવન વખતે વલ્ગન, ઉલ્લાસ, દોડવાપણું ઉદભ્રમ, હર્ષ, ગર્વ, શૂરતા, મશ્કરી, ધૈર્ય આદિક હોય છે તેને જરા હણે છે. તે પુરૂષો સ્ત્રીથી પરાભવ પામે છે. પુત્રો તેની ઉપેક્ષા કરે છે.

બીજી રૂજા એટલે રોગ છે તે અશાતાવેદનીયના ઉદયથી હોય છે તે વાત પીત્ત અને કફના ક્ષોભથી થાય છે. રજોગુણ તથા તમોગુણનો અભિસંપાત કામકર્મોની પ્રાપ્તિ પોતાના વીર્યથી સ્વસ્થતાને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

હણીને આતુરતા કરે છે તથા જ્વર, આતસાર, કુષ્ટ, અર્સ,પ્રમેહ, આલીહ, ધૂમક, અમ્લક, સંગ્રહણી, શૂલ, હિકા, શ્વાસ, ક્ષય, ભ્રમ, ગુલ્મ, હૃદયનો રોગ, મોહ, ખરજ, ઉન્માદ, જલોદર, માથાની ને નેત્રોની પીડા, શર્દી, શોષ તથા ભગંદર એ સર્વ તેનો પરિવાર છે. આ રૂજા પટુતાને ધારણ કરનારી સર્વ પ્રાણીઓની આધિવ્યાધિને વિસ્તારે છે. તેથી તે મૂઢ માણસો પોકાર કરે છે, દીન વચન બોલે છે, આમતેમ લોટે છે. સૃતિ એટલે મૃત્યુ. તે ઝેર, અગ્નિ, શસ્ત્ર, પાણી તથા ગિરિપતન, ગળાફાંસો વગેરેના અપેક્ષાવાળી આયુના અસ્ત સમયે જોડેલી છે. આના નામથી ઇન્દ્રો પણ કંપે છે. તે ઉશ્વાસ, નિશ્વાસ, ભાષા, ચેષ્ટા, ચેતનાને હણે છે. ખલતાનું બાહ્ય નિમિત્ત લુચ્ચાનો સંગ છે. પરમાર્થથી તો પાપના ઉદયથી ઉત્પન્ન થાય છે. લુચ્ચાઇ, ચુગલી, દુઃશીલતા, મિત્રદ્રોહ, કૃતઘ્ન, મર્મોનો પ્રહાર, જંગલીપણું, નિર્લજ્જતા, મદ, મત્સર, ગુરૂની અવગણના, ક્રોધ આદિક તેનો પરિવાર છે. તેઓથી યુક્ત પ્રાણીઓના ચિત્તને પોતાના બળથી મથે છે. આ ખલતા મુખ્ય રાજાના બીજા સેનાપતિ પુણ્યોદયે જોડેલા સૌજન્ય નામના પુરૂષને હણે છે. મુખ્ય

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રાજાનો પહેલો સેનાપતિ પાપોદય છે. સૌજન્ય પુરૂષ ગંભીરતા, પ્રશ્રય, સ્થિરતા તથા દાક્ષિણુતા-વાળો વિશ્વાસુ છે. ખલમાણસો કુતરાથી પણ નીચા બની પરનિંદારૂપી હાડકાને પોતાના ગળામાં બાંધે છે. સજ્જનોના શત્રુ છે. સન્નિપાતની જેમ ક્રુર સ્વભાવના છે. કુરૂપતા ને નામરાજા ભવચક્રમાં જોડે છે. કફાદિક બાહ્ય નિમિત્તો કુરૂપતાને ઉત્પન્ન કરે છે. કુંઠતા, કાણાપણું કુબ્જપણું, વામનપણું, વિવર્ણપણું, બહેરાપણું, લંગડાપણું તથા અંધપણું ઇત્યાદિક તેનો પરિવાર છે. તે સુરૂપતાને હણે છે.

ગુણો રૂપને આધીન હોય છે એટલે તેઓ નિર્ગુણી હોય છે. રૂપથી ગર્વિષ્ટ પ્રાણીઓને કીડાના સ્થાનરૂપ તેઓ થઇ પડે છે. દરિદ્રતાને પાપોદયના સેનાપતિ અંતરાયે અગાડી કહેલી છે તથા જુગાર આદિ બાહ્ય હેતુથી જોડાએલી છે. આ દરિદ્રતા દુરાશારૂપી પાશમાં પડેલા માણસને નિર્ધન કહે છે. શેષનાગની ફણા જેવી ભયંકર છે. મૂઢતા, પરાભવ, દીનતા, પ્રાયે કરીને બહુ પુત્ર પુત્રી આદિ, ક્ષુધા, અરતિ, સંતાપ, હૃદયની અન્યૂનતા, યાચના, ઇત્યાદિ તેનો પરિવાર છે. તે પુણ્યોદયે જોડેલા ઐશ્વર્ય નામના શ્રેષ્ઠ પુરૂષને હણે છે. ચિંતાગ્નિથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

બળ્યા કરે છે. દુર્ભગતા પણ નામરાજાએજ જોડેલી છે, વિરૂપતા દુ:સ્વભાવ આદિ બાહ્ય હેતુઓની અપેક્ષાવાળી છે. દુર્ભગતા માણસને અપ્રીતિવાળો તથા અતિદ્વેષી કરે છે, હીનતા, પરાભવ, લજ્જા, ન્યૂનતા, ચિત્તની લઘુતા તથા વેષ વિજ્ઞાનનું હીનપણું એ તેનો પરિવાર છે. સુભગતાને હણે છે મિથ્યાદર્શનનું વર્ણન કરતાં વિમર્શ પ્રકર્શને પાંચ નગરો બતાવે છે. નૈયાયિકનગરમાં વસેલા લોકોને નૈયાયિકો કહેવાય છે. વૈશેષિક નગરમાં રહેલા વૈશેષિકો કહેવાય છે, સાંખ્યનગરમાં રહેલા સાંખ્યો કહેવાય છે બૌદ્ધ નગરમાં રહેલા બૌદ્ધો કહેવાય છે, મિમાંસકનગરમાં રહેલા મિમાંસકો કહેવાય છે. લોકાયતનનગરમાં રહેલા નાસ્તિકો કહેવાય છે. છ દર્શનમાં મિમાંસક ગણ્યું નથી પણ જૈનદર્શન મળી છ દર્શન ગણ્યાં છે. જૈમિની ઋષિએ વેદોની રક્ષા માટે મિમાંસા બનાવેલી તે દર્શન તરીકે નથી. વિવેક પર્વત ઉપર અપ્રમત્તતા નામનું ઉંચુ શિખર તે જૈન નામથી ઓળખાય છે. ત્યાં મિથ્યાદર્શન જતો નથી નીચે રહેલાઓને તે પીડે છે નાસ્તિક મત વિનાના બધા દર્શનો પોત પોતાના માર્ગથી મુક્તિને ઇચ્છે છે પર્વત પર રહેલા મુક્તિએ જાય છે.

નીચે રહેલા કુમાર્ગે જવાથી મુકિતગરે પહોંચતા નથી. તત્ત્વજ્ઞાનથી મુક્તિ થાય એમ સર્વ દર્શન-વાળા કહે છે પણ તે પાંચે મિથ્યાદૃષ્ટિઓ તત્ત્વોને જુદી જુદી રીતે વર્ણવે છે. નૈયાયિકોનાં પ્રમાણ આદિ સોળ તત્ત્વો છે. પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન અને શાબ્દ એ ચાર પ્રમાણ છે. ઈન્દ્રિયાર્થના યોગથી ઉત્પન્ન થએલું અને વ્યભિચાર વિનાનું જે જ્ઞાન તે પ્રત્યક્ષ પ્રમાણ છે પ્રત્યક્ષ પ્રમાણપૂર્વક અનુમાન પ્રમાણ ત્રણ પ્રકારે કહેલું છે. કારણથી કાર્યનું અનુમાન તે પૂર્વવત્ કહેવાય, કાર્યથી કારણનું અનુમાન તે શેષવત્ કહેવાય અને એક જગાએથી બીજી જગાએ ગમનાદિકનું અનુમાન તે દૃષ્ટ સામાન્ય કહેવાય. મેઘના ઘટાટોપથી વૃષ્ટિ થશે એવું જે અનુમાન તે પૂર્વવત્ કહેવાય. નદીમાં આવેલા પૂરથી વૃષ્ટિ થઇ એમ જે જાણવું તે શેષવત્ કહેવાય. જુદી દિશાએ જવાથી સૂર્યની જેમ ગતિ જણાય છે તેમ પુરૂષાંતરમાં જે ગતિ જાણવી તે દૃષ્ટ સામાન્ય કહેવાય.

સંજ્ઞીના સંબંધની આશ્રયભૂત એવી જે સંજ્ઞા તે ઉપમાન પ્રમાણ છે યથાર્થ વકતાનો જે ઉપદેશ તે શાબ્દ પ્રમાણ છે. પ્રમાણ એ પહેલું તત્ત્વ આત્મા,

શરીર, ઇન્દ્રિય, મન, બુદ્ધિ, દોષ, અર્થ, પ્રવૃત્તિ, પ્રેત્યભાવ, ફલ, દુઃખ અને મુક્તિ એ પ્રમેય નામનું બીજું તત્ત્વ છે.

વિરૂદ્ધ છે બન્ને કોટીઓ જેની એવું જે જ્ઞાન તે ત્રીજું સંશય તત્ત્વ છે. સંશયથી યુક્ત થએલો પુરૂષ ચેષ્ટા કરે તેને પ્રયોજન ચોથું તત્ત્વ કહે છે. અનુમાનીક પ્રમાણના નિશ્ચય માટેનું જે ઉદાહરણ તે પાંચમું દૃષ્ટાંત તત્ત્વ છે દૃષ્ટાંતનો જે નિશ્ચિત અર્થ તેને સિદ્ધાંત નામનું છઠ્ઠું તત્ત્વ કહ્યું છે સિદ્ધાંતના ભાગોને અવયવ નામનું સાતમું તત્ત્વ કહેલું છે વ્યાપ્યના સમારોપમાં વ્યાપકનું જે જોડાણ તે આઠમું તર્ક તત્ત્વ છે નિશ્ચયરૂપ જે જ્ઞાન તેને નિર્ણયનામે નવમું તત્ત્વ કહ્યું છે. જાણવાની ઇચ્છાથી શિષ્યા-ચાર્ય વચ્ચે જે વાર્તાલાપ તે દશમું તત્ત્વવાદ, જીતવાની ઇચ્છાથી કરેલો જે વાર્તાલાપ તે અગ્યારમું તત્ત્વ જલ્પ છે સ્વપક્ષની સ્થાપના વિનાનો જે વાર્તાલાપ તે વિતંડાવાદ, બારમું તત્ત્વ છે, અસિદ્ધ આદિક હેત્વાભાસ નામનું તેરમું તત્ત્વ છે.

આકૃતના દૂષણરૂપ જૂઠા ઉત્તરવાળુ છળ નામનું ચૌદમું તત્ત્વ છે ઉત્કર્ષ તથા સામ્યાદિક-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

રૂપ જાતિ નામનું પંદરમું તત્ત્વ છે પરાજયના હેતુરૂપ એવું નિગ્રહસ્થાન નામનું સોળમું તત્ત્વ છે. વૈશેષિકમતમાં છ તત્ત્વો દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ અને સમવાય છે. દ્રવ્યો નવ છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, આકાશ, કાલ, દિશા, આત્મા ને મન. ગુણ ચોવીસ છે. રૂપ, રસ, ગંધ સ્પર્શ, સંખ્યા, પરિમાણ, પૃથકત્વ, સંયોગ, વિભાગ, પરત્વ, અપરત્વ, સંસ્કાર, ધર્મ, અધર્મ, ઇચ્છા, સુખ, દુઃખ, યત્ન, બુદ્ધિ, દ્વેષ, ગુરૂત્વ, દ્રવ્યત્વ, સ્નેહ, અને શબ્દ. કર્મ પાંચ છે. ઉત્ક્ષેપણ, અવક્ષેપણ, આકુંચન, પ્રસારણ, તથાગમન. સામાન્ય બે પ્રકારે છે તેમાં દ્રવ્યત્વાદિકરૂપ અપરસામાન્ય વ્યાપ્ય છે અને સત્તાદિકરૂપ પરસામાન્ય વ્યાપક છે. વિશેષ–નિત્યદ્રવ્યની વ્યાવૃત્તિના કારણ રૂપ અંત્ય એવા વિશેષ માનેલ છે સમવાય–જોડાએલી વસ્તુનો જે સંબંધ તેને સમવાય કહ્યો છે.

વૈશેષિકો બે પ્રમાણ માને છે પ્રત્યક્ષ અનેલૈંગિક સાંખ્યો પચીસ તત્ત્વને જાણનારો મોક્ષે જાય એમ કહે છે. તેમાં સત્ત્વગુણનાં કાર્યો પ્રસાદ, લાઘવ, અદ્વેષ, અસંગ, પ્રસવ અને હર્ષ છે. રજોગુણનાં



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કાર્યો સંતાપ, સ્તંભ, ઉદ્વેગ, અવિશેષણ, અપદ્વેષ ને ખેદ છે, તમોગુણનાં કાર્યો, રૌદ્રપણું, સાદના, દીનતા, ગૌરવ– એ ત્રણ ગુણોની જે સમઅવસ્થા તેનું નામ પ્રકૃતિ છે. આઠ ગુણોએ યુક્ત બુદ્ધિ નામનું બીજું તત્ત્વ છે, તે બુદ્ધિથી સ્વપ્નમાં વ્યાઘ્રાદિકના માનને કરનારો અહંકાર થાય છે. મન, બુદ્ધિ અને કર્મના ભેદથી અગ્યાર ઈન્દ્રિયો તે અહંકારથી ઉત્પન્ન થાય છે. ત્વચા, જીહ્વા, નાસિકા, ચક્ષુ અને કર્ણ એ પાંચ બુદ્ધિન્દ્રિયો છે. વચન, હાથ, પગ, ગુદાદ્વાર અને લીંગ એ પાંચ કર્મેન્દ્રિયો છે. તમોધનથી અત્યંત સૂક્ષ્મ એવા સ્પર્શ, રસ, રૂપ, ગંધ, અને શબ્દ એ પાંચ તન્માત્રાઓ થાય છે અને તે તન્માત્રાઓથી પંચભૂતો થાય છે. આ સર્વ ચોવીસ તત્ત્વરૂપ પ્રપંચ પ્રકૃતિનો છે.

પચીશમું નિરંજન પુરૂષ તત્ત્વ છે. ભોગોને માટે પંગુ અને અંધની પેઠે પ્રકૃતિનો પુરૂષ સાથે યોગ થાય છે. પ્રત્યક્ષ, અનુમાન અને શાબ્દ એ ત્રણ પ્રમાણને સાંખ્યો માને છે.

બૌદ્ધો બાર આયતનો માને છે. પાંચ ઇન્દ્રિયો, શબ્દાદિક પાંચ વિષયો, મન અને સુખાદિક ધર્મો

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

એ બાર છે. પ્રત્યક્ષ અને લૈંગીક એ બે પ્રમાણો માને છે. બૌદ્ધો ચાર પ્રકારના છે, વૈભાષિક, સૌત્રાંતિક, યોગાચાર અને માધ્યમિક. વૈભાષિકો એમ કહે છે કે વસ્તુ ક્ષણિક છે, તેમાં પુદ્ગલને જે ઉત્પન્ન કરે છે તે જાતિ છે, તેને સ્થાપનાર સ્થિતિ છે. જર્જરિત કરનાર જરા છે. નષ્ટ કરનાર નાશ છે. સૌત્રાંતિકોએ પરલોકગામીને પાંચ સ્કંધો દુઃખરૂપ કહેલા છે. વિજ્ઞાન, રૂપ, સંજ્ઞા, સંસ્કાર અને વેદના. સંસ્કારોનો સમુહ ક્ષણિક છે, તેઓનું સ્વલક્ષણ પારમાર્થીક છે, શબ્દાર્થરૂપ અન્યાપોહ છે, સંતાનનો જે વિચ્છેદ થવો તે મોક્ષ કહેવાય છે. યોગાચારના મતમાં સર્વ જગત ખરેખર વિજ્ઞાનથી વિલસિત થએલું છે તથા સાંવૃતિક એવો બાહ્ય અર્થવાસના જાલથી પ્રકાશીત થાય છે.

નીલાદિક વાસનાના ગૃહને તેઓએ આલય વિજ્ઞાન માનેલું છે અને તેની શુદ્ધિ તે પ્રવૃત્તિ વિજ્ઞાનની શ્રેણીરૂપ મુક્તિ માનેલી છે. માધ્યમિકોના મતમાં સઘળું સ્વપ્ન સરખું છે, તથાપ્રમાણ અને પ્રમેયની બુદ્ધિ ફોગટ છે. તથા શૂન્યપણાની દૃષ્ટિથી મોક્ષ થાય છે. અને તે માટે જ આ સઘળો અભ્યાસ છે. લોકાયતો એટલે નાસ્તિક મોક્ષને માનતા નથી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પુણ્યપાપ માનતા નથી. તેઓ ફક્ત પ્રત્યક્ષ પ્રમાણ-નેજ માને છે, ચાર ભૂતને જ તત્ત્વ માને છે અને એ ચારેના એકઠા મળવાથી વિષય, ઇન્દ્રિય અને દેહ થાય છે. જેમ મદિરાના પિષ્ટાદિક અંગોથી મદ થાય છે તેમ ચાર ભૂતોથી ચૈતન્ય શક્તિ ઉત્પન્ન થાય છે. જીવો જળના પરપોટા સરખા છે. કામ સિવાય બીજો કોઈ પુરૂષાર્થ નથી. છતી વસ્તુની હાની કરવી અને અછતી વસ્તુની કલ્પના કરવી એવી રીતના દોષના સંભવથી ભૂતો સિવાય બીજું કોઈ ઉત્કૃષ્ટ તત્ત્વ નથી એવી રીતનો નાસ્તિકોનો મત છે. સ્ત્રીઓના કટિબંધનનો મોક્ષ તે જ મોક્ષ માને છે. મતલબ કે સ્ત્રીઓને ભોગવવી તે જ મોક્ષ માને છે માટે અતિ દુષ્ટ આશયોને કરનારા તથા કુર પ્રાણીઓએ ચિંતવેલા અને પાપરૂપ શાસ્ત્રોવાળા એવા નાસ્તિક દર્શનને પંડિતોએ હમેશાં તજવું.

મિમાંસકો એમ કહે છે કે વેદપાઠપૂર્વક ધર્મને જાણવાની ઇચ્છા કરવી અને તેને માટે પ્રેરણા છે અને તે પ્રેરણા પ્રવર્તક વાક્ય છે અને તેથી જ ધર્મ જણાય છે. વકતૃદોષોના અભાવથી તે વેદ-વચન નિશ્ચલ પ્રમાણરૂપ છે. તેઓ છ પ્રમાણ માને છે. પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન, શાબ્દ, અર્થાપત્તિ,

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અભાવ. મીમાંસકો સર્વજ્ઞને તિરસ્કારી ને વેદોને પ્રમાણરૂપ માને છે. તેઓએ પણ તત્ત્વથી મુક્તિ જાણી નથી. વેદને અપૌરૂષેય માને છે. તેનો બનાવનાર કોઈ નથી એમ માને છે. તો પુરૂષ વિશ્વાસે વચન વિશ્વાસ એ ન્યાય તેમાં ઘટતો નથી.

જૈનદર્શનમાં સાત તત્ત્વો જીવ, અજીવ, આશ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ માન્યાં છે. સુભાશ્રવ એ પુણ્ય છે અને અશુભાશ્રવ તે પાપ છે. તે જુદાં ગણતાં નવ તત્ત્વ છે. તે તત્ત્વોનું જ્ઞાન શ્રદ્ધા અને હેયોપાદેયપૂર્વક આચરણ તે ત્રણે મોક્ષના માર્ગ છે. તેઓમાંથી એક પણ ઓછું હોય ત્યાં સુધી મોક્ષ થતો નથી. ક્ષાયિક સમ્યકૃત્વ, કેવળજ્ઞાન અને યથાખ્યાત ચારિત્ર વિના મોક્ષ થતો નથી. જૈનદર્શન કપ, છેદ અને તાપરૂપ પરીક્ષાથી શુદ્ધ થએલ સો ટચના સુવર્ણ સરખું છે. અનંતપર્યાયોએ કરીને ભરેલું દ્રવ્ય છે અને દ્રવ્યનું લક્ષણ સત્તા છે. તથા તે સત્તા ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યરૂપ છે, પ્રત્યક્ષ અને પરોક્ષ એ બે પ્રમાણો છે. હવે પ્રકર્શ અને વિમર્શ બન્ને જણાએ અપ્રમત્તશિખર પર રહેલા મુનિઓને જોયા. તેઓ અંતરંગ શત્રુઓનો નાશ કરનારા છે. સર્વ ત્રસ અને સ્થાવર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

જીવોના બાંધવરૂપ છે. અદત્તાદાન નહિ લેનારા, સત્ય વચન બોલનારા, બ્રહ્મચર્ય પાળનારા અને પોતાના શરીરમાં પણ સ્પૃહા વિનાના મમતા રહિત નિષ્પરિગ્રહી છે. તેઓની ચિત્તવૃત્તિરૂપી મહા-અટવીમાં તે પ્રમત્તતા નામની નદી સુકાઇ ગઈ છે. વિલાસરૂપ મેદાન બળી ગયું છે. ચિત્તવિક્ષેપરૂપી મંડપ ભાંગી ગયો છે. તૃષ્ણા નામની વેદીકા પડી ગઇ છે. વિપર્યાસરૂપી સિંહાસન ખોખરૂં થએલ છે. અવિદ્યારૂપી અંગવાળો મોહરાજા લુપ્ત થયો છે. મિથ્યાત્વરૂપી વેતાળ તથા રાગકેશરીને હણ્યો છે. દ્વેષગજેન્દ્રને ભેદ્યો છે. કામદેવને દીર્ણ કર્યો છે. વિષયાભિલાષને ઉડાવી દીધો છે. તેઓની સ્ત્રીઓને મારી છે. હાસરૂપી સુભટનો ઘાત કર્યો છે. જુગુપ્સા અને અરતિને હણી છે. ભય-શોકને દળી નાખ્યો છે. દુષ્ટાશયાદિકોને નષ્ટ કર્યા છે. જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય ને અંતરાયને નષ્ટ કર્યા છે. આયુ નામ ગોત્ર ને વેદનીય એ ચાર રાજાઓએ તેઓની મિત્રાઈ કરી છે.

આ બધું જોયા પછી તેઓ શુભચિત્ત સમાધાન મંડપ જોવા ગયા. તેમાં અંદર રાજાઓની વચ્ચે બેઠેલા ચાર મુખવાળા રાજાધિરાજને જોયા. તેઓ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

વિશાલ વેદિકા પર આવેલા મોટા સિંહાસન પર બેઠા હતા. ઘણા લોકોથી સેવાતા હતા, સજ્જનોના નેત્રને અમૃત સિંચતા હતા. પ્રકર્ષ આ જોઈ બહુ ખુશ થયો. તેથી વિમર્શ તેનું વર્ણન કરતાં બોલ્યો કે, પર્વતના આધારભૂત જે આ સાત્ત્વિકચિત્ત નામનું નગર છે. તેને તે કર્મપરિણામ રાજા પોતે જ ભોગવે છે. તેમજ શુભાશયાદિક બીજા મહાન રાજાઓ ભોગવે પણ મોહાદિક રાજાઓ ભોગવતા નથી. આ નગર જોકે ભવચક્રથી ઉત્પન્ન થયું છે. પણ જળકમળવત્ ન્યારૂં છે. અહિં રહેલા લોકોને સ્ત્રીઓનો સમુહ સ્મશાન ઘટિકા સરખો લાગે છે. તેઓના સ્નેહની પદ્ધતિ સ્મશાનના ધુંવાડા સરખી લાગે છે. આ નગરને સ્પર્શીને ભવચક્રમાં ગએલા એવા પણ લોકો દુઃખી થતા નથી. કદાચ મોહાદિક શત્રુઓ આ પર્વત પર આવે તો તેઓને મુનિશ્વરો અપ્રમત્તપણારૂપી શિખરથી ગબડાવી પાડે છે. સદ્દભાવનારૂપી તોપોમાંથી છુટેલા ધ્યાનરૂપી બળવાન ગોળાઓ મોહના સર્વ સૈન્યને બાળી નાખે છે, હાથથી તોડી શકાય એવું સમતારૂપી કલ્પવલ્લીનું ફળ છે. તેનો સ્વાદ નીચે રહેલાને સ્વપ્નામાં પણ મળતો નથી. કેટલાકો શિથિલ

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આશયવાળા થયા થકા તેને જોઈને પણ તે પર ચઢતા નથી તે પર ચઢેલા ધન્ય પુરૂષો તે ઉત્તમ જૈન નગરને જુએ છે.

આટલી દુર્લભ સામગ્રીથી મળી શકે એવું છે સુંદર દર્શન જેનું એવું આ નગર મુક્તિ માટે પ્રયાસ કરતા લોકોને હમેશાં આનંદ કરનારૂં છે. આ સાંભળી પ્રકર્ષ બોલ્યો કે: મહામોહે કરેલી વિક્રિયા અહિં પણ હું જોઉં છું. આ લોકો જિનેશ્વરોના બિંબોમાં મૂર્છા પામે છે, સ્વાધ્યાયોમાં ખુશ થાય છે, સાધર્મિઓમાં સ્નેહ રાખે છે, ઉત્તમ ક્રિયામાં તુષ્ટ થાય છે, ગુરૂના દર્શનમાં પ્રીતિ રાખે છે. અર્થોની પ્રાપ્તિઓમાં હર્ષિત થાય છે. વ્રતભંગપર દ્વેષ કરે છે આચારના લોપમાં ક્રોધ કરે છે આગમના શત્રુઓ પ્રતે રોષ કરે છે. નિર્જરાના ઉત્કર્ષમાં ખુશી થાય છે. શ્રુત પ્રતે અહંકાર કરે છે ઉપસર્ગોથી હસે છે. પરિષહોને સહન કરે છે, આગમોની અવજ્ઞાનો નાશ કરે છે. ઇન્દ્રિયોના સમુહને ઠગે છે. કામભોગ પ્રતે જુગુપ્સા કરે છે, ભવ ભ્રમણથી ક્ષોભ પામે છે. મોક્ષમાર્ગમાં રમે છે, શુલશીલતાની હાંસી કરે છે. પાસત્થાચારથી ઉદ્વેગ પામે છે. પૂર્વનાં દુષ્કૃત્યોને શોચે છે. શીલમાં થતી સ્ખલતાને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગ્રહે છે. તથા ભવભ્રમણને નિંદે છે. આ બધાં મોહના કાર્યો અહિં પણ છે તો મોહરહિત કેમ રહ્યા?

વિમર્શે કહ્યું કે, મુનિઓ પ્રતે અનુકુળ એવા આ મોહાદિકોને બાંધવરૂપ જાણવા. અને પ્રતિકુળ થયા થકા તેઓને શત્રુરૂપ છે. ઔદયિક એવા અનુકુળભાવોથી જાણે ક્ષાયોપશમીક ભાવોથી હોય નહીં જેમ તેમ ઉંચે લઈ જવાય છે, અને તે પ્રતિકુળ ભાવોથી નીચે લઈ જવાય છે. મતલબ કે અપ્રશસ્ત કષાયનો ત્યાગ કરવાનો હોય છે. પરંતુ જ્યાં સુધી વીતરાગપણું પ્રાપ્ત ન થાય ત્યાં સુધી પ્રશસ્ત કષાયો થઈ જાય છે. સરાગ સંયમ એટલા માટે જ કહેવાય છે.

અહિં નિસ્પૃહતા નામની વેદિકા પર જીવવીર્ય નામનું સિંહાસન છે ધન પુત્ર, સ્ત્રી, શરીર અને કર્મથી હું ભિન્ન છું. મોહાદિક શત્રુઓ પણ મારાથી ભિન્ન છે. એવી રીતની કર્મોની નિર્જરાથી જૈનાગમ જાણ્યા વિના પણ જે બુદ્ધિ થાય છે તેનું નામ વિવેક કહેવાય છે. દોષોના લાઘવપણાથી જે કષાય અને વિષયોનો ત્યાગ થાય છે. તેનું નામ વિવેકાચલનું અપ્રમત્તતા નામનું શિખર કહેવાય છે. ચાર

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

મુખોથી ભૂષિત થએલો ચારિત્રધર્મ રૂપ પ્રખ્યાત અનંત વીર્યવાળો જગતનું હિત કરનારો, ભંડાર અને દંડથી સમૃદ્ધ થએલો તથા ગુણોરૂપી રત્નોના મહાસાગર સરખો એવો આ રાજા છે. દાનશીલ તપ અને શુભ ભાવનારૂપી ચાર મુખ છે. દાન પાંચ પ્રકારનું છે. સુપાત્રદાન, અભયદાન, અનુકંપાદાન ઉચિતદાન અને કીર્તિદાન. અઢાર હજાર શીલાંગરથને ધારણ કરનાર તો સાધુઓ જ છે. શ્રાવકો સ્વદારા સંતોષી હોય છે. નિયાણા વગરનું, નિરાબાધ જ્ઞાન-વૈરાગ્યથી યુક્ત, સમતારૂપી સુખને કરનારૂં, બાહ્ય અને અભ્યંતર બાર પ્રકારનું તપ ક્ષમા સહિત કરવાનું કહ્યું છે. ભાવના ભવનાશીની છે એટલે અનિત્યાદિ બાર ભાવના અને મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય અને માધ્યસ્થ એ ચાર મળી સોળ ભાવના રોજ ભાવવાની છે. આવી રીતે તેઓ ધર્મના ઉપદેશક છે તેમના અર્ધા આસન પર બેઠેલી વીરતિ નામની સ્ત્રી છે.

જે આ પાંચ રાજા તેમની પાસે બેઠેલા છે. તે તેમના અંગભૂત મિત્રો છે પહેલો સામાયિક નામનો રાજા ઉત્તમોના પાપનો નાશ કરે છે. બીજો છેદોપ-સ્થાપન રાજા તે પાપને વિશેષ પ્રકારે નષ્ટ કરે છે.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ત્રીજો પરિહાર વિશુદ્ધિ નામનો રાજા મુનિઓને અઢાર માસનો ઉગ્ર તપ દેખાડે છે. ચોથો સૂક્ષ્મ સંપરાય નામનો રાજા કષાયરૂપી રજને હણે છે અને પાંચમો યથાખ્યાત નામનો રાજા સર્વ ચારિત્ર ધર્મ રાજાના પ્રાણ જેવો છે.

મહારાજાની નજીક બેઠો છે તે યતિધર્મ નામનો પાટવી પુત્ર છે. બહારના ભાગમાં જે મુનિઓને દીઠા તેઓને આ કુંવર અતિ વહાલો છે. તે દશ મનુષ્યોથી યુક્ત છે. પહેલી ક્ષમા નામની સ્ત્રી ક્રોધનો નિરોધ કરે છે. બીજું માર્દવ નામે બાળક નમ્રતાને ધારણ કરે છે. ત્રીજું આર્જવ નામે બાળક સાધુઓના મનને સરલ અને મેલ રહિત કરે છે. ચોથી મુક્તતા નામે સ્ત્રી મુનિઓના મનને બહારથી અને અંદરથી નિઃસંગ કરે છે. પાંચમો તપ નામે પુરૂષ મુનિઓના કર્મનો ક્ષય કરે છે. છઠ્ઠો સંશય નામનો પવિત્ર રાજા સત્તર ભેદોએ યુક્ત મુનિઓને વહાલો છે. સાતમો સત્ય નામે રાજાની આજ્ઞાથી મુનિઓ હિતકારી, પરિમીતને પ્રિયવચન બોલે છે. આઠમો શૌચ નામે રાજાની આજ્ઞાથી મુનિઓ દ્રવ્યભાવરૂપ શુદ્ધિને વિસ્તારે છે. નવમો આકિંચન્ય રૂપ બાળક મુનિઓને બાહ્ય-અભ્યંતર પરિગ્રહથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

છોડાવે છે. દશમું બ્રહ્મચર્યરૂપ બાળક દિવ્ય ઔદારિક કામથી ત્રિવિધે ત્રિવિધે રોકે છે. તે યતિ ધર્મની સદ્ભાવ સારતા નામની સ્ત્રી મૃત્યુ પામેથી યતિધર્મ પણ મૃત્યુ પામે છે. સર્વથા પ્રકારે કંઈ કરવાનું કહ્યું નથી કે સર્વથા પ્રકારે નિષેધ્યું નથી. એકાંત મતવાળુ નથી પણ અનેકાન્ત મતવાળુ છે. યતિધર્મનો નાનોભાઈ ગૃહીધર્મ છે. તે બાર મનુષ્યોથી યુક્ત છે. તેઓ અનુક્રમે સ્થૂલ હિંસા, સ્થૂલ જૂઠ, સ્થૂલ ચોરી તથા પરસ્ત્રીગમન અટકાવે છે. ઈચ્છાનું પરિમાણ કરાવે છે, રાત્રિ ભોજન તજાવે છે, દિશિવ્રતમાં દૃઢ કરે છે. યોગ્ય ભોગોપભોગવાળો કરે છે. અનર્થદંડથી વિરક્ત કરે છે. ઉત્તમ સામાયિકના આશયવાળો કરે છે. દેશાવગાસિક વ્રતમાં રક્ત કરે છે. પૌષધ વ્રતમાં નિશ્ચયવાળો કરે છે અને અતિથિસંવિભાગ કરાવે છે. તેની સદ્ગુણ રક્તતા સ્ત્રી હંમેશાં ઘરની ખબર રાખે છે. અતિથિઓનો સત્કાર કરે છે. આ બન્ને રાજપુત્રો સ્ત્રી સહિત સૂર્યચંદ્રની જેમ સ્વભાવથી જ લોકોનો ઉપકાર કરનારા છે. સમ્યગ્દર્શન વિના તેઓ બન્ને કદાપિ પણ અર્થનો પ્રકાશ કરવામાં તત્પર દેખાતા નથી. સમ્યગ્દર્શન તેઓ બન્નેને તત્ત્વો પરની પવિત્ર શ્રદ્ધારૂપી અમૃત-

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

પાનથી નિરંતર વૃદ્ધિ પમાડે છે.

વળી આ સમ્યગ્દર્શન શમ, સંવેગ, નિર્વેદ અનુકંપા ને આસ્તિક્યથી શોભે છે. તેની સુદૃષ્ટિ નામે સ્ત્રી છે. મોહરાજાની સેનામાં મિથ્યાદર્શન સેનાપતિ છે. જ્યારે ચારિત્રધર્મ રાજાની સેનામાં સમ્યગ્દર્શન સેનાપતિ છે. જે ભૂત ભવિષ્ય અને વર્તમાનને જાણે છે. તે સદ્બોધ નામે તેનો મંત્રી છે. તે જ્ઞાનાવરણીયનો શત્રુ છે. તે જ્ઞાનાવરણીયની અવગતિ નામે સ્ત્રી છે. તેના પાંચ મિત્રો અનુક્રમે આભિનિબોધ. સદાગમ, અવધિ મનઃ પર્યાય અને કેવળજ્ઞાન છે. સદાગમને તેની મુખ ચતુરાઇથી રાજાએ મંત્રી બનાવ્યો છે. સંયમની અગાડીમાં બેઠેલો સંતોષ છે તે રાજાનો ચાકર છે. ન્યાયી છે અને સંધિવિગ્રહ કરનારો છે. તેણે સ્પર્શનાદિને જીતી લોકોને મોક્ષમાં પહોંચતા કરેલ છે. તેને મુખ્ય રાજા જાણીને મહામોહાદિક રાજાઓ તેની સાથે લડયા કરે છે. ચિત્તવૃત્તિ રૂપ અટવીમાં તેઓ રણસંગ્રામ ખેલે છે તે સંતોષની નિસ્તૃષ્ણા નામની સ્ત્રી છે. તે લાભાલાભ અને સુખ દુઃખમાં સમભાવે લોકોને રાખે છે અને તૃષ્ણા રહિત કરે છે. હવે બધું જોયા પછી મામો ભાણેજ બહાર નિકળ્યા

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ત્યાં ચતુરંગી સૈન્ય જોઇ હર્ષિત થયા. ત્યાં રહેતાં થકાં વસંતઋતુ પૂર્ણ થઇ અને ગ્રીષ્મ ઋતુ આવી લોકો પંખાથી પવન નાખવા લાગ્યા અને ઠંડા કિસલયોની શય્યા કરી સુવા લાગ્યા.

બહુ ગરમી હોવાથી બે માસ ત્યાં જ રહ્યા, પછી વર્ષાઋતુ આવી. ત્યારે પ્રકર્ષે ઘેર જવાની ઉતાવળ કરી. વિમર્શે કહ્યું કે, ચોમાસામાં ઉત્તમ પુરૂષો પ્રવાસ કરતા નથી. મેઘ ને વિજળી પડવાથી લોકો ત્રાસ પામે છે. વર્ષાકાળ પુરો થતાં મામા ભાણેજ ઘેર આવ્યા. વિચક્ષણ અને બુદ્ધિએ વિમર્શને ધન્યવાદ આપ્યો અને પ્રકર્ષને ખોળામાં બેસાડી આલિંગન આપ્યું. બધાએ કુશળ પુછયું. તેઓએ સર્વવૃત્તાંત સાથે રસનાનું મૂળ કહી બતાવ્યું. વિચક્ષણ તો રસનાથી અને લોલતાથી ચેતીને ચાલતો હતો પણ જડ મદ્ય માંસાદિકથી રસનાને લાડ લડાવતો લજ્જા અને ધર્મને તજીને ભયંકર પાપ કરવા લાગ્યો.

એક દિવસ લોલતાના વચનથી મદિરા પીને મસ્ત બન્યો અને હું મોટો બકરો મારૂં છું. એવી બુદ્ધિથી પશુપાલને હણ્યો. તેનું માંસ ખાઇને

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

તૃપ્ત થયો. તેનો સ્વાદ જીભને ચખાડ્યો. પછી તો નરભક્ષી રાક્ષસ સરખો થયો. તેથી બંધુઓથી તજાએલો તે હડકાયા કુતરાની જેમ ચારે બાજુથી પરાભવ પામવા લાગ્યો. એક વખત તે શૂર નામે કુંટુબીના ઘરમાં પેસી સુતેલા એવા તેના પુત્રને લઈ બહાર નિકળ્યો કે શૂરે તેને જોયો તેથી જડને બાંધી ઘણો માર માર્યો. તેથી જડ મરણ પામ્યો. છતાં તેના સગાંવહાલાએ સૂરને કંઈ ઠપકો આપ્યો નહિ. જડના આવા હાલહવાલ જોઈ વિચક્ષણ પિતાને કહેવા લાગ્યો કે, હું રસનાને સર્વથા પ્રકારે તજવાને ઇચ્છું છું. શુભોદયે કહ્યું કે, તે તારી પ્રિયાનો અકાલે સર્વથા ત્યાગ કરીશ નહિ. હમણાં વિવેક શિખર પર રહી તેનો નિર્વાહ કર. ઉત્તમ અંજનથી વિમર્શ તને તે પર્વત દેખાડશે. વિચક્ષણે વિમર્શ પાસેથી વિમલાલોક અંજન લીધું તેથી તે સર્વ જોવા લાગ્યો. પછી પોતાના માતા પિતા, સ્ત્રી પુત્ર અને વિમર્શ તથા વદન કોટરમાં રહેલી રસનાને લઈને ગણધરમહારાજ પાસે ગયો. એક લોલતાદાસીને તજી દીધી. ગણધરમહારાજે તેને સાધુઓના આચાર શિખવાડી પોતાની પાટે સ્થાપ્યો. તે જ હું વિચક્ષણ છું. આ મારો વૈરાગ્ય

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

નો હેતુ છે. જૈન લિંગના પ્રભાવથી હું પુજનીક બન્યો છું. આ સાંભળી રાજાએ કહ્યું કે, આપે મારા મોહનો આપણી વાણી દ્વારા નાશ કર્યો છે. હવે મારામાં યોગ્યતા હોય તો મને દીક્ષા આપો.

આચાર્યે કહ્યું કે, તમે ખરેખર યોગ્ય જ છો. ત્યારે રાજાએ કહ્યું કે, મારો ક્યો પુત્ર રાજ્યને યોગ્ય છે. તે વખતે મારો પુણ્યોદય તેજમાં આવવાથી પિતાજીનું મન મારા પર દોડયું. તેમણે વિચાર્યું કે, મેં જેને કાઢી મુક્યો હતો તેજ આ રીપુદારૂણ છે. પુત્રની અવગણના કરી તેની ખરાબ હાલત મેં જ કરી. તે ઠીક કર્યું નથી. માટે તેને રાજ્ય સોંપી હું દીક્ષા લઉં. એમ વિચારીને મને બોલાવી પોતાના ખોળામાં બેસાડ્યો અને આચાર્યદેવને પૃછયું કે આ રિપુદારણ મારો પુત્ર કુલીન છતાં અનર્થ કરવાવાળો કેમ થયો? આચાર્યે કહ્યું કે, તે બિચારાનો કંઈ દોષ નથી. ફક્ત માન અને મૃષાવાદ બે જણા તેના અનર્થના કારણરૂપ છે. પિતાએ કહ્યું કે, તે બન્નેનો વિયોગ તેને ક્યારે થશે. આચાર્યે કહ્યું કે, ઘણો કાળ ગયા પછી વિનાશય રાજા તરફથી

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

કોમળતા અને સત્યતા નામની બે શુભ કન્યાઓ મેળવીને તેનો ત્યાગ કરશે.

પછી રાજાએ મને રાજ્ય પર બેસાડી પોતે ગુરૂ પાસે ગયા ને દીક્ષા લીધી. રાજ્ય સંપદા મળતાં મારા માન અને મૃષાવાદ વૃદ્ધિ પામવા લાગ્યાં. કેટલાક વર્ષ બાદ શત્રુઓને જીતતો તપન ચક્રવર્તિ મારા નગરમાં આવ્યો મંત્રીઓએ મને કહ્યું કે, તમારે ચક્રવર્તિની પૂજા કરવી યોગ્ય છે. વળી તે આપણે ત્યાં અતિથિ તરિકે આવે છે, તો તેનો આદરસત્કાર કરવો જોઈએ. મેં કહ્યું કે, તપન મારા શું હિસાબમાં છે, કે હું તેની પુજા કરૂં. મંત્રીઓ મારા પગે પડી મને સમજાવવા લાગ્યા. મેં કહ્યું કે, તમે જઈને તેને પગે પડો હું પાછળથી આવી પહોંચું છું. મંત્રીઓ ચક્રીની સન્મુખ ગયા. ગુપ્તચરોએ મારો વૃત્તાંત ચક્રીને કહ્યો. તેથી ચક્રીએ મારા મંત્રીઓને મારા સમાચાર પુછયા. તેઓએ કહ્યું કે, આપની કૃપાથી અમારા રાજા રીપુદારણ ખુશીમાં છે અને હમણાં આવશે. એમ કહી મને તેડાવવા તેઓએ માણસો મોકલ્યા. મેં કહ્યું કે, હું આવવાનો નથી.



P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

આ સમાચાર માણસોએ કહ્યાથી મંત્રીઓ ઉદ્વેગ પામ્યા. ત્યારે ચક્રીએ તેઓને કહ્યું કે, તમારો કંઈ દોષ નથી. તે રીપુદારણ રાજ્યને યોગ્ય નથી. હું તેને શિક્ષા કરીશ. એમ કહી યોગેશ્વર નામના માંત્રીકને કહ્યું કે, તમારે ત્યાં જઈ રિપુદારણને શિક્ષા કરવી. તે યોગેશ્વર પાસે આવ્યો. અને યોગચૂર્ણની મુઠીથી મારા મુખ પર ઘણો માર માર્યો. તે ચૂર્ણના પ્રભાવથી મારી પ્રકૃતિ બદલાઈ ગઇ. હું દીન બની તેના પગે પડયો તે વખતે મારો પુણ્યોદય નષ્ટ થયો અને માન ને મૃષાવાદ ચાલ્યા ગયા. હું શૂન્ય હૃદયનો બની ગયો. મને યોગેશ્વરના માણસો નચાવતા થતા રાસ રમવા લાગ્યા અને લાતોના પ્રહાર કરતા ચક્રી પાસે લઈ ગયા. ત્યાં મારી હાંસી કરવાપૂર્વક મને નચાવવા લાગ્યા. હું પરાધિન થઈ ગયો. મારા રાજ્ય પર મારા નાના ભાઈ કુલભૂષણને બેસાડયો. મારૂં મૃત્યુ થયું ત્યાં સુધી મને હેરાન કર્યો. પછી હું મરીને સાતમી નરકે ગયો. ત્યાંથી નીકળી તિર્યંચના અને નરકના ઘણા ભવો કર્યા. અસત્ય બોલવાના કારણે ઘણી વાર મારી જીભ કપાણી, તપાવેલું તાંબુ પાવામાં આવ્યું. આ પ્રમાણે

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

અકામ નિર્જરાથી ઘણાં કર્મ ખપી જતાં મારી સ્ત્રી ભવિતવ્યતાએ રાજી થઈ મનુજગતિમાં જવા માટેની ગોળી આપી કહ્યું કે, હે આર્ય પુત્ર ! હવે આપ વર્તમાન પુરમાં પધારો, આપની સાથે પુણ્યોદય મિત્રને મોકલું છું તે આપની સેવા કરશે.

---

## શાંતનુ રાજાની કથા

હસ્તિનાપુરમાં શાંતનુ રાજ્ય કરતો હતો. તે શિકારનો શોખીન હોવાથી શિકારે ગયો હતો. ત્યાં રત્નપુરનગરના ગંધર્વરાજા જન્હુની પુત્રી ગંગાકુમારીને જોઈ રાગવાળો થયો. ગંગાકુમારીએ કહ્યું કે મારી પ્રતિજ્ઞા છે કે, જે રાજા મારા કહ્યામાં રહે તેને હું પરણીશ. શાંતનુએ તેની વાત સ્વીકારી. તેથી પિતાની સંમતિપૂર્વક તે શાંતનુ રાજાને પરણી.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust

ગંગાકુમારી ધર્મનિષ્ઠ હોવાથી તેણે પતિને કહ્યું કે તમે શિકાર કરવાનું બંધ કરો. આપણને જેમ આપણો જીવ વહાલો છે તેમ દરેક પ્રાણીને પોતાનો જીવ વહાલો હોય છે. શાંતનુએ પત્નીના કહેવાથી થોડો વખત તો શિકાર કરવાનું બંધ રાખ્યું પણ પાછું ચાલું કર્યું તેથી ગંગાકુમારી ગર્ભવતી છતાં રિસાઈને પિયર ચાલી ગઈ. ત્યાં તેણે પુત્રને જન્મ આપ્યો. તે પુત્ર ઉંમર લાયક થતાં જીવદયા પ્રતિપાલક થયો. તેથી તેની ભૂમિમાં કોઈ હિંસા કરતું ન હતું.

એક વખત શાંતનું રાજા શિકાર કરવા ત્યાં આવ્યો તેને ગંગાકુમારે અટકાવ્યો પણ શાંતનુ રાજાએ માન્યું નહિ પરિણામે બન્ને વચ્ચે યુદ્ધ થતાં ગંગાકુમારીએ આવી બન્નેને સમજાવી યુદ્ધ બંધ કરાવ્યું. શાંતનુરાજા પત્ની અને પુત્રને રાજ્યમાં લઈ જવા તૈયાર થયો. પણ ગંગાકુમારીએ કહ્યું કે મને સંસાર ઉપરથી વૈરાગ્ય થયો છે. તો તમે તમારાપુત્રને સાથે લઇ જાઓ. એમ કહી પુત્રને સમજાવી કહ્યું કે. તારે તારા પિતાની સેવા કરવી જોઇએ.

P. P. Ac. Gunratansuriji M.S. Jin Gun Aaradhak Trust